بِسۡمِ ٱللَّهِ ٱلرَّحۡمَٰنِ ٱلرَّحِيمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર, અને મને સમજદારીની રોજી અતા કર.**




**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) અને અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

**શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર**

# જાફરી આવાઝ

**Vol.-3, Isuue-10, Augeust-2016**

વર્ષ : ૩૫ સળંગ અંક : ૪૧૮

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા
**તંત્રી :** કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨
**સહતંત્રી :** 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
**સલાહ–માર્ગદર્શન :** મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
**લેસર&ગ્રાફિક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭
ઈમ્તિયાઝઅલી વિજાપુરા

વ્યવસ્થાપક મંડળ

**વ્યવસ્થાપક :** અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
૯૪૨૯૩૭૦૮૫૨
**સહવ્યવસ્થાપક :** અનવરઅલી મતિયા - ૯૯૨૫૫૭૭૧૩૮

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦.


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 8 |
| કુરઆન શિક્ષણ | 9 |
| ગુરરુલ હિકમ | 11 |
| દહેકતી ધૂપ મેં સાયા અલીઅ. વલીયુલ્લાહ | 13 |
| ઈસ્લામ | 17 |
| જાફરી પંચાંગ | 22 |
| મશાયખવાણી | 23 |
| ચમનિસ્તાને મોહંમદ (સ.) પર ખિઝાં | 25 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 29 |
| રોજીમાં વધારો થવાના સબબ ભાગ-૩ | 33 |
| બ્લૉગ | 39 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 41 |
| નહજુલ અસરાર | 43 |
| અલ ઈર્શાદ | 47 |
| ઈસ્લામ વિષેની સમજણ | 51 |
| ઈબાદાત | 53 |
| મીર અનીસના મરસિયા | 59 |
| પરવરિશના ઉસૂલો | 63 |
| જ્ઞાનગોષ્ઠિ | 65 |
| નન્હે રોઝેદાર | 69 |
| આપણા ઘરની વાતો | 72 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 79 |


# ઊઘડતે પાને...

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.)ના હાથે મરહબનું કતલ થવું.**

ઈસ્લામના અલમબરદાર હઝરત અલી (અ.) એ વતીઅ અને સલાલિમ કિલ્લાઓને ફતેહ કરવા માટે મજબૂત ઝિરહ પહેરી, મજબૂત તલવાર ઝુલ્ફિકાર લટકાવી દીધી, અને જીત અને કામરાનીના સફેદ પરચમને હાથોમાં લઈને ઈસ્લામના કેટલાક મુજાહિદોની સાથે દુશ્મનના કિલ્લા તરફ આગળ

વધ્યા. જેવા તેઓ કિલ્લાના પાછળના ભાગમાં પહોંચ્યા તો ઈસ્લામના અલમને જમીનમાં રોપી દીધો.

જ્યારે ખૈબરના યહૂદીઓએ હઝરત અલી (અ.) અને ઈસ્લામના બીજા મુજાહિદોને ખૈબરની નજીક જોયા તો અચાનક તેમણે ખૈબરના દરવાજા ખોલી નાખ્યા, અને યહૂદી લડવૈયાઓની એક ટુકડી બહાર આવી ગઈ. લડાઈ શરૂ થઈ ગઈ. સૌથી પહેલાં મરહબનો ભાઈ હારિસ આગળ વધ્યો. તેણે જોરથી નાઅરો લગાવ્યો. હઝરત અલી (અ.)એ તેના ઉપર ઝડપથી વાર કર્યો. જેવી હૈદરી ઝુલ્ફિકાર હારિસના માથા પર વાગી કે તરત જ તે જમીન પર ઢગલો થઈને પડી ગયો.

(સીરા હલાબી, જિલ્દ-૨, સફા-૭૩૭)

હારિસના મોતે મરહબને ખૂબ જ પ્રભાવિત અને દુઃખી કરી દીધો, અને તે પોતાના ભાઈના ખૂનનો બદલો લેવા માટે જંગના મેદાનમાં કૂદી પડ્યો. તે હથિયારોથી સજ્જ થયેલો, શરીર પર લોખંડની ઝિરહ પહેરેલી અને પથ્થરની ખાસ ટોપી માથા પર પહેરીને મેદાનમાં આવ્યો. તેના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ત્રણ ફણાવાળો નેઝો હતો. તે ખૈબરના મોટા મજબૂત કિલ્લામાંથી બહાર આવ્યો. (કામિલ ઈબ્ને અસીર, જિલ્દ-૧, સફા-૫૮૭, સીરા ઈબ્ને હિશામ, જિલ્દ-૩, સફા-૩૪૭ વગેરે, આ કોલથી સાબિત થાય છે કે આ કિલ્લો હજુ ફતેહ થયો ન હતો.) અને હઝરત અલી (અ.)ના મુકાબલામાં આવીને અરબના દસ્તૂર પ્રમાણે આ મુજબ રજઝ પઢવા લાગ્યો :

قدعلمتُ خیبرٌ انی مرحب

شاکی السّلاح بَطَلٌ مَحَرَّبٌ

"હું મરહબ છું, સમગ્ર ખૈબર મને ઓળખે છે. હું અનુભવી યોદ્ધો છું, અને બધાં જંગી હથિયારોથી સજ્જ છું."

હઝરત અલી (અ.)એ પણ તેના રજઝનો જવાબ રજઝથી આ રીતે આપ્યો :

اَنَا الَّذِیْ سَمَّتنی اُمیِّ حیدره

ضرغامُ اَجامٍ ولیثٍ قسوره

کلیث غابان کریه المنظرة

"મારું નામ મારી માએ હૈદર (અજગરને ચીરનારો) રાખ્યું છે, જંગના મેદાનનો મર્દે દિલાવર અને શેર છું, શેરની માફક ભયાનક છું."

(તારીખે તબરી, જિલ્દ-૨, સફા-૩૦૧, તારીખે યાકૂબી, જિલ્દ-૨, સફા-૫૬)

બન્ને તરફથી રજઝખ્વાની ખતમ થઈ તો હાથોહાથની લડાઈની શરૂઆત થઈ ગઈ. ઈસ્લામ અને યહૂદીઓના બે દિલાવરોની તલવારો અને નેઝાઓએ બન્ને તરફના લશ્કરોના દિલો પર રોબ અને દહેશત જમાવી દીધી. એટલામાં હઝરત અલી મુર્તઝા (અ.) હૈદરે કર્રારની ઝુલ્ફિકાર મરહબના ખોદને (પથ્થરવાળા ટોપાને) અને માથાને ચીરતી ચીરતી તેના જડબા સુધી આવી પહોંચી. મરહબ જમીન પર પડ્યો, અને પડતાંની સાથે જ જહન્નમ વાસિલ થયો. હઝરત અલી (અ.)ની હૈબતનાક ઝર્બતને જોતાંની સાથે જ જે યોધ્ધાઓ સૌથી પાછળ ઊભેલા હતા તે નાસી ગયા, અને તેમણે કિલ્લાઓની અંદર જઈને આશરો લીધો. કેટલાક યહૂદીઓ કે જે મેદાનમાં ઊભા રહ્યા અને હઝરત અલી (અ.) સાથે મુકાબલો કરવાની ચિંતામાં

હતા, તે પણ હઝરત અલી (અ.)ના હુમલાઓથી જહન્નમના દારોગાના હવાલે થઈ ગયા.

હઝરત અલી (અ.) નાસી જનારાઓનો પીછો કરતા કરતા ખૈબરના દરવાજા સુધી પહોંચી ગયા. એ સમય દરમિયાન એક યહૂદી યોધ્ધાએ હઝરત અલી (અ.)ની ઢાલ પર તલવાર મારી અને તે આપના હાથોમાંથી નીચે પડી ગઈ. હઝરત અલી (અ.) તરત જ ખૈબરના દરવાજા તરફ આગળ વધ્યા અને તેને ઉખેડી નાખ્યો. તેમણે લડાઈના અંત સુધી તે દરવાજાને ઢાલ બનાવી રાખી.

હવે રાફેઅ કહે છે : "કિલ્લો ફતેહ કર્યા પછી જ્યારે હઝરત અલી (અ.)એ દરવાજાને જમીન પર મૂકયો તો મેં અને ઈસ્લામના મુજાહિદોમાંથી સાત તાકાતવાન માણસોએ એ દરવાજાને હલાવવાની ઘણી કોશિશ કરી, પરંતુ અમે તેને હલાવી ન શકયા."

(કામિલ ઈબ્ને અસીર, જિલ્દ-૧, સફા-૫૯૭, તારીખે તબરી, જિલ્દ-૨, સફા-૩૦૨, બિહારુલ અન્વાર, જિલ્દ-૨૧, સફા-૧૨૮)

હલબીએ લખ્યું છે : "ચાલીસ માણસો મળીને પણ એ દરવાજાને ઉઠાવવાની તાકાત ધરાવતા ન હતા." વળી, કેટલાકે કહ્યું છે : "સિત્તેર માણસો મળીને પણ તેને ઉઠાવી શકતા ન હતા."

(સીરા હલબી, સફા-૭૩૭)

જે કિલ્લાને ઈસ્લામના મુજાહિદો દસ દિવસ સુધી કોશિશ કરવા છતાંય ફતેહ ન કરી શકયા, તે હઝરત અલી (અ.)ના શકિતશાળી બાવડાં અને યદુલ્લાહી હાથ વડે ફતેહ થઈ ગયો. ઈસ્લામના સિપાહીઓ ખૈબરમાં દાખલ થઈ ગયા, અને તેમણે ષડ્યંત્રના આ કેન્દ્રને નાબૂદ કરી દીધું.

શેખ મુફીદ, અબ્દુલ્લાહ જદલીથી અમીરુલ મોમિનીનના મોઢેથી દરવાજો ઉઠાવવાની હિકાયતને નકલ કરતાં લખે છે : "ખૈબરના દરવાજાને ઉખાડી નાખ્યો, તેને ઢાલ બનાવી, જંગ પછી તેને કિલ્લાની ફરતાં બનેલી ખંદક પર મૂકયો, પછી તેને ખંદકમાં પાડી નાખ્યો. એક માણસે પૂછ્યું, "શું આપે તેની મજબૂતીનો એહસાસ કર્યો હતો ?" હઝરત અલી (અ.)એ કહ્યું : "મેં તો તેનું વજન મારી ઢાલના વજન જેટલું જ મહેસૂસ કર્યું હતું."

(ઈર્શાદે મુફીદ, જિલ્દ-૧, સફા-૧૨૮)

ઈતિહાસકારોએ ખૈબરના દરવાજાને ઉખાડી નાખવા અને હઝરત અલી (અ.)ની બહાદુરીની બાબતમાં જે કંઈ લખ્યું છે તે નવાઈ પમાડે તેવું છે. આવું કાર્ય સામાન્ય માણસની શકિત વડે થવું શકય નથી. કાઝી અસદુદ્દીન અને અન્ય ઈતિહાસકારોએ હઝરત અલી (અ.)ની બાબતમાં એક વાત લખી છે તે જો કે, હકીકત પર આધારિત છે. તે લખે છે કે હઝરત અલી (અ.)એ ફરમાવ્યું :

والله ما قلعتُ باب خيبر بقوة جسمانية، بل بقوة رحمانية

"અલ્લાહની કસમ, મેં ખૈબરના કિલ્લાને જિસ્માની કુવ્વતથી નથી ઉઠાવ્યો, પરંતુ કુવ્વતે રહેમાનીયાથી આ કાર્ય કર્યું."

(અલ્કાફુલ હક, જિલ્દ-૧, સફા-૩૮૪, બિહારુલ અન્વાર, જિલ્દ-૨૧, સફા-૨૬)

**હઝરત અલી (અ.)ની ફઝીલત પર બીજાઓએ આશ્ચર્ય પ્રગટ કરવું.**

દોસ્ત અને દુશ્મન બન્નેએ હઝરત અલી (અ.)ને ખૈબરના પ્રસંગે મળનારી ફઝીલત પર

આશ્ચર્ય પ્રગટ કરતાં કરતાં આ ફઝીલતનો એકરાર અને સ્વીકાર કર્યો છે. અહીં કેટલાક નમૂના રજૂ કરીએ છીએ :

(૧) અબૂ હુરૈરા કહે છે : "જ્યારે રસૂલ્લ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ની બાબતમાં ખૈબરમાં ફરમાવ્યું કે કાલે ઈસ્લામનો અલમ એને આપીશ કે જે અલ્લાહ અને તેના રસૂલ (સ.)ને દોસ્ત રાખતો હશે, અને અલ્લાહ અને તેના રસૂલ (સ.) તેને દોસ્ત રાખતા હશે, અને તે ફતેહ અને કામરાની મેળવ્યા વગર પાછો નહીં આવે. તો હઝરત ઉમર બિન ખત્તાબે પયગમ્બરે ખુદાની આ વાતો સાંભળીને આશ્ચર્ય પ્રગટ કર્યું અને કહ્યું, હું આજના પહેલાં સિપેહસાલારી અને અલમબરદારીને દોસ્ત રાખતો ન હતો, પરંતુ આ દિવસની આવી મંઝેલતને ખૂબ જ આતુરતાપૂર્વક ચાહતો હતો. અને હઝરત અલી (અ.)ના મકામ અને મંઝેલતને નવાઈની નજરે જોતો હતો."

(સહીહ મુસ્લિમ, જિલ્દ-૧૫, સફા-૧૭૬, બિહારુલ અન્વાર, જિલ્દ-૨૧, સફા-૨૭)

(૨) સઅદ વક્કાસ ઈમામ હસન (અ.)ની શહાદત પછી એક વખત દારુલ નદવામાં, મક્કામાં બેઠેલો હતો. ઘણા બધા અસ્હાબ પણ મોજૂદ હતા. તેણે હાજર રહેલાઓને સંબોધીને કહ્યું, "ખુદાની કસમ, હું જ્યારે પણ હઝરત અલી (અ.)ની ત્રણ ફઝીલતોને યાદ કરું છું તો અફસોસ કરું છું કે કાશ, તેમનામાંથી કોઈ એક મને પણ પ્રાપ્ત થઈ જાત તો કેવું સારું !''

(૧) જે દિવસે હઝરત રસૂલે અક્રમ (સ.)એ હઝરત અલી (અ.)ને મદીનામાં પોતાના જાનશીન મુકર્રર કર્યા અને ખુદ તબૂક તરફ રવાના થયા તો હઝરત અલી (અ.)ને ફરમાવ્યું, ''અય અલી ! તારો મારી સાથે એ સંબંધ છે કે જેવો હારૂન (અ.)નો મૂસા (અ.) સાથે હતો,પરંતુ એ કે મારા પછી કોઈ નબી નહીં થાય.''

(૨) જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)એ નજરાનના ઈસાઈઓ સાથે મુબાહેલો કર્યો તો આપ (સ.)એ હઝરત અલી (અ.), હઝરત ફાતેમા ઝહરા (અ.), હઝરત હસન (અ.) અને હઝરત હુસૈન (અ.)નો હાથ પકડીને ફરમાવ્યું, ''ખુદાવંદા! આ મારી અહલેબૈત છે. તેમનાથી નાપાકીને દૂર કર અને તેમને પાકો પાકીઝા બનાવી રાખ જેવો કે પાકો પાકીઝા રાખવાનો હક છે."

(૩) જે દિવસે મુસલમાનો ખૈબરના યહૂદીઓના કેટલાક મજબૂત કિલ્લાઓને ફતેહ કરવાથી આજિઝ થઈ ગયા તો રસૂલ્લ્લાહ (સ.) એ બધા જ મુજાહિદોને ભેગા કરીને ફરમાવ્યું, ''આવતી કાલે ઈસ્લામનો અલમ એવી વ્યક્તિને આપીશ કે જે અલ્લાહ અને રસૂલને દોસ્ત રાખે છે, અને તેને અલ્લાહ અને રસૂલ (સ.) દોસ્ત રાખે છે. અને તે મેદાનમાંથી નાસી નહીં જાય અને કિલ્લાને ફતેહ કર્યા વગર પાછો નહીં ફરે, ફતેહ તેના બન્ને હાથો પર હશે."

ઈસ્લામના સિપેહસાલારોએ આ મકામ હાંસિલ કરવાની આરઝૂમાં આખી રાત પસાર કરી. પછીના દિવસે રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ને બોલાવ્યા અને ઈસ્લામનો અલમ તેમને સોંપ્યો અને અલ્લાહે હઝરત અલી (અ.)ની જિહાદની બરકતથી મહાન કામયાબી અમને અતા

કરી.''

**કાયમી કામયાબી :**

ઈબ્ને જૌઝી હઝરત અલી (અ.)થી નકલ કરે છે કે આપ (અ.)એ ફરમાવ્યું,

فما رمدت عينى بعد ذلك اليوم وما وجدت الم البرد
ولا شدة الحر منذ دعا رسول الله

''જ્યારથી રસૂલલ્લાહ (સ.)એ ખૈબરમાં મારા હકમાં દુઆ કરી ત્યાર પછી ન તો હું આંખોના દર્દમાં સપડાયો છું કે ન તો ઠંડી અને ગરમીએ મને તકલીફ પહોંચાડી છે.''

રાવી કહે છે, હઝરત અલી (અ.) ઉનાળામાં જ્યારે જાડો પોશાક પહેરતા હતા તો ગરમી આપને તકલીફ પહોંચાડતી ન હતી, અને શિયાળામાં જ્યારે પાતળાં કપડાં પહેરતા હતા તો ઠંડીનો અનુભવ કરતા ન હતા. (ક્રમશ:)


સરળ અને સાદું પસંદ કરો, www.myplanning.in

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો...**

સિસ્ટમેટીક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP)

**SIP** એક એવી રોકાણની યોજના છે કે જેમાં એક પૂર્વ નિર્ધારીત નાની રકમ દર મહિને મ્યુચ્યુઅલ ફંડની ઈક્વીટી આધારીત સ્કીમમાં રોકાણ કરીને લાંબા ગાળે એક સારી એવી મૂડીનું સર્જન કરી શકાય છે. જેમ કે...

| માસિક રોકાણ | વર્ષ | મૂડીનુ સર્જન (અંદાજીત)* |
|---|---|---|
| રૂા.૫૦૦૦/- | ૧૦ વર્ષ સુધી | ૧૩.૭૬ લાખ |
| રૂા.૫૦૦૦/- | ૧૫ વર્ષ સુધી | ૩૩.૪૩ લાખ |
| રૂા.૫૦૦૦/- | ૨૦ વર્ષ સુધી | ૭૪.૮૬ લાખ |

*નોંધ : રોકાણ પરનું વળતર વાર્ષિક ૧૫%ના અંદાજ પ્રમાણે

આમ માસિક ફક્ત રૂા. ૫૦૦૦/- જેવી બચત દ્વારા તમે તમારા જીવનની મુખ્ય જવાબદારીઓ સરળતાથી પાર પાડી શકો છો.

It's all about planning
RJ ADVISORY **ABBASALI MAVA**
HIMATNAGAR | MOBILE : 9974004161



મો. સાદિકઅલી આર. ભોરણીયા (રસુલપુર ખે.) મો. 99244 18243 | બાલીસણા ઝાકીરહુસૈન જી. (રસુલપુર ખે.)મો.94295 29410

L.E.D. સ્પેશ્યાલીસ્ટ

ન્યુ **ચિરાગ L.E.D. હાઉસ**

અમારે ત્યાં
હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે L.E.D. સીરીઝ, L.E.D. પટ્ટા, L.E.D. બોર્ડ તેમજ L.E.D. ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ ભાવે કરી આપવામાં આવશે.

**ચિરાગ L.E.D. સાઈન બોર્ડ**

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્રીસ્ટલ લેટર સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ


હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

રીગલ શોપીંગ સેન્ટર, દેના બેન્કની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, વડનગર

Email ; newchiragled@gmail.com

# ગડમથલ

**૨૮૯** | **સંપાદન :** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) ઉચિત, યોગ્ય (૪)
(૨) ખૈમો બનાવનાર, પ્રખ્યાત ફારસી વિદ્વાન ઓમર (૩)
(૬) સુખ, આરામ, શાંતિ (૩)
(૭) શાંતિ, સ્થિરતા, આરામ, એક જન્નતનું નામ, દારુલ............ (૩)
(૮) સ્વભાવ, પ્રકૃતિ, ગુણધર્મ (૪)
(૧૧) નજીક, નિકટ (૩)
(૧૨) એક દુઆનું નામ, દુઆએ.......... (૪)
(૧૪) કારણ (૩)
(૧૭) કરબલાની ભૂમિવાળો દેશ (૩)
(૧૮) બગાવત, વિદ્રોહ, છેતરપિંડી (૩)
(૧૯) મોહબ્બતનો એક પ્રકાર (૨)
(૨૦) રહસ્ય, ભેદ (૨)
(૨૨) પાલવ, સાડીનો છેડો (૩)
(૨૪) ખરાબ પરિસ્થિતિ, હાલત (૪)
(૨૫) જીવનપધ્ધતિ, જીવન તરાહ (૩)
(૨૬) સભ્યતા, શિષ્ટતા (૩)
(૨૭) નાકમાં પહેરવાનું એક ઘરેણું (૨)
(૨૮) આનંદ, ખુશી, હર્ષ (૩)

## ઊભી ચાવીઓ

(૧) દંભી, વેરભાવ રાખનાર, દ્વિમુખી (૪)
(૨) વરઘોડો, વરયાત્રા (૩)
(૩) પત્ર, લીટી (૨)
(૪) નિશાળ, વિદ્યાગૃહ (૪)
(૫) વધારો, વૃધ્ધિ (૪)
(૯) રસ્તો, માર્ગ (૩)
(૧૦) પાલનહાર (૨)
(૧૨) પદાર્થપાઠ, ઉપદેશ (૩)
(૧૩) દરવાજો, દ્વાર (૨)
(૧૪) માથાથી પગ સુધી, સમગ્ર, નખશીખ (૩)
(૧૫) પ્રકાશિત, જનાબે સૈયદા (અ.)નો ઈલ્કાબ (૩)
(૧૬) ગુણગાથા, પ્રશંસા ગીત (૩)
(૧૮) દુકાળની પરિસ્થિતિ, દુષ્કાળ (૪)
(૧૯) ખુશીનો દિવસ (૨)
(૨૧) ગેરંટી, બાંહેધરી (૪)
(૨૩) ભાગ્ય, કિસ્મત (૩)
(૨૪) પેટ, ઉદર, કૂખ (૩)



# કુરઆન શિક્ષણ

એહલે કિતાબના સ્વભાવ વિષેની આયતો

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદે.)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَ قَطَّعْنٰهُمْ فِی الْاَرْضِ اُمَمًا ۚ مِنْهُمُ الصّٰلِحُوْنَ وَ مِنْهُمْ دُوْنَ ذٰلِكَ ۖ وَ بَلَوْنٰهُمْ بِالْحَسَنٰتِ وَ السَّيِّاٰتِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿١٦٨﴾

❂ અને અમે તેમનાં ટોળે ટોળાં સૃષ્ટિમાં વિખૂટાં પાડી દીધાં, તેમાંથી કેટલાક તો સદાચારી હતા અને કેટલાક તેની વિરૂધ્ધ (દુરાચારી), અને અમે નેકીઓ તથા બદીઓ વડે તેમની કસોટી કર્યા કરી કે કદાચ તેઓ સન્માર્ગે પાછા વળે.

**(સૂરા અઅ્રાફ, આયત–૧૬૮)**

---

وَ قَضَيْنَاۤ اِلٰى بَنِیْۤ اِسْرَآءِيْلَ فِی الْكِتٰبِ لَتُفْسِدُنَّ فِی الْاَرْضِ مَرَّتَيْنِ وَ لَتَعْلُنَّ عُلُوًّا كَبِيْرًا ﴿٤﴾

❂ અને અમે એ જ કિતાબ (તૌરાત)માં બની ઈસરાઈલને ખબર આપી હતી કે તમે પૃથ્વી પર બે વખત જરૂર ફસાદ કરશો, અને (વળી) ખરે જ મોટી ઉધ્ધતાઈ સાથે વર્તશો.

**(સૂરા બની ઈસરાઈલ, આયત–૪)**

---

عَسٰى رَبُّكُمْ اَنْ يَّرْحَمَكُمْ ۚ وَ اِنْ عُدْتُّمْ عُدْنَا ۘ وَ جَعَلْنَا جَهَنَّمَ لِلْكٰفِرِيْنَ حَصِيْرًا ﴿٨﴾

❂ (પરંતુ) સંભવિત છે કે તમારો પરવરદિગાર તમારા પર દયા કરે, અને અગર તોય પછી પણ એ જ (નાફરમાની તરફ મોઢું) કર્યું તો અમે પણ એ જ કરીશું; અને અમે (સત્યનો) ઈન્કાર કરનારાઓ માટે જહન્નમને કેદખાનું બનાવ્યું.

**(સૂરા બની ઈસરાઈલ, આયત–૮)**

---

وَ لَا تُجَادِلُوْۤا اَهْلَ الْكِتٰبِ اِلَّا بِالَّتِیْ

❂ (અય ઈમાનદારો !) કિતાબવાળાઓ સાથે વાદવિવાદ કરો નહીં, પરંતુ એવી રીતે કરો કે જે

هِیَ اَحۡسَنُ ٭ۖ اِلَّا الَّذِیۡنَ ظَلَمُوۡا مِنۡهُمۡ وَ قُوۡلُوۡۤا اٰمَنَّا بِالَّذِیۡۤ اُنۡزِلَ اِلَیۡنَا وَ اُنۡزِلَ اِلَیۡکُمۡ وَ اِلٰـهُنَا وَ اِلٰـهُکُمۡ وَاحِدٌ وَّ نَحۡنُ لَهٗ مُسۡلِمُوۡنَ ﴿۴۶﴾

ઉત્તમ હોય, સિવાય (તે લોકોથી) કે તેમનામાંથી જેમણે (તમારા પર) જુલ્મ કર્યો હોય, આવું કહો કે અમે તેના ઉપર ઈમાન લાવ્યા છીએ કે જે અમારા તરફ ઉતારવામાં આવ્યું છે, અને તેના ઉપર પણ કે જે તમારા તરફ ઉતારવામાં આવ્યું છે, અને અમારો માઅબૂદ એક જ છે અને અમે તેને જ આધીન થઈએ છીએ. **(સૂરા અન્કબૂત, આયત–૪૬)**

---

ثُمَّ قَفَّیۡنَا عَلٰۤی اٰثَارِهِمۡ بِرُسُلِنَا وَ قَفَّیۡنَا بِعِیۡسَی ابۡنِ مَرۡیَمَ وَ اٰتَیۡنٰهُ الۡاِنۡجِیۡلَ ۬ۙ وَ جَعَلۡنَا فِیۡ قُلُوۡبِ الَّذِیۡنَ اتَّبَعُوۡهُ رَاۡفَةً وَّ رَحۡمَةً ؕ وَ رَهۡبَانِیَّةَۨ ابۡتَدَعُوۡهَا مَا کَتَبۡنٰهَا عَلَیۡهِمۡ اِلَّا ابۡتِغَآءَ رِضۡوَانِ اللّٰهِ فَمَا رَعَوۡهَا حَقَّ رِعَایَتِهَا ۚ فَاٰتَیۡنَا الَّذِیۡنَ اٰمَنُوۡا مِنۡهُمۡ اَجۡرَهُمۡ ۚ وَ کَثِیۡرٌ مِّنۡهُمۡ فٰسِقُوۡنَ ﴿۲۷﴾

✪ પછી અમોએ તેમની પાછળ તેમના જ ચીલે આવનારા બીજા રસૂલો મોકલ્યા, અને તેમના પછી અમે મરયમના પુત્ર ઈસાને મોકલ્યો, અને તેને અમે ઈન્જીલ અર્પણ કરી, અને અમે તે લોકોના દિલોમાં કે જેમણે તે (ઈસા)ની તાબેદારી કરીને પ્રેમ તથા દયા કાયમ કરી દીધાં; અને રોહબાનિયત (સંસારત્યાગ) તેમણે (જાતે જ) નવીન શરૂ કર્યો, (તે) અમોએ તેમના પર વાજિબ (અનિવાર્ય) કર્યો ન હતો, પરંતુ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે (તેમણે તેમ કર્યું હતું); પણ તેમણે તેનું એવું પાલન ન કર્યું જેવું કે પાલન કરવું જોઈએ, પછી અમોએ તે લોકોને કે જેઓ તેમનામાંથી ઈમાન લાવ્યા હતા તેમનો બદલો આપી દીધો, અને તેઓમાંથી ઘણા ખરા આજ્ઞાનો ભંગ કરનારા રહ્યા.

**(સૂરા હદીદ, આયત–૨૭)**

## દરેક વસ્તુ તરફ જોવા અને મનન કરવા વિષેની આયતો

قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلِکُمۡ سُنَنٌ ۙ فَسِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَانۡظُرُوۡا کَیۡفَ کَانَ عَاقِبَةُ الۡمُکَذِّبِیۡنَ ﴿۱۳۷﴾

✪ તમારા પહેલાં ઘણાંય દ્રષ્ટાંતો બની ગયાં છે, જેથી જમીનમાં હરોફરો અને જુઓ કે (પયગમ્બરોને) જૂઠલાવનારાઓનું કેવું પરિણામ આવ્યું ! **(સૂરા આલે ઈમરાન, આયત–૧૩૭)**

# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم

(હિકમતની જટિલતા અને ઉપદેશના મોતી)

(ઈમામ અલી (અ.)ના બોધવચનો)

અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી.



## ૪ - આખેરત

(૨૧) આખેરતમાં અમલ નથી હિસાબ છે.

٢١- فِى الْآخِرَةِ حِسابٌ وَلا عَمَلٌ

(૨૨) આખેરતના સંતાન બનો અને આ દુનિયાના સંતાનોમાં શામેલ થાવ નહી કારણ કે કયામતના દિવસે દરેક બાળક તેની માતાને મળશે.

٢٢- كُونُوا مِنْ أَبْناءِ الْآخِرَةِ وَلا تَكُونُوا مِنْ أَبْناءِ الدُّنيا فَإِنَّ كُلَّ وَلَدٍ سَيَلْحَقُ بِأُمِّهِ يَوْمَ الْقِيمَةِ

(૨૩) જે આખેરત માટે કામ કરે છે તે કામયાબ થશે.

٢٣- مَنْ عَمِلَ لِلْمَعادِ ظَفِرَ بِالسَّدادِ

(૨૪) જે આખેરતનો વિકાસ કરે છે તેની આશાઓ ફળે છે.

٢٤- مَنْ عَمَّرَ آخِرَتَهُ بَلَغَ آمالَهُ

(૨૫) જે દુન્યવી જીવનની મદદથી આખેરત ખરીદે છે તે બન્ને હાસલ કરે છે.

٢٥- مَنِ ابْتاعَ آخِرَتَهُ بِدُنْياهُ رَبِحَهُما

(૨૬) જે પોતાના કાયમી રહેઠાણનું બાંધકામ કરે છે તે ખરેખર બુધ્ધિશાળી છે.

٢٦- مَنْ عَمَّرَ دارَ إِقامَتِهِ فَهُوَ العاقِلُ

(૨૭) જેને આખેરત ઉપર યકીન હોય છે તે દુનિયાથી મોઢું ફેરવી લે છે.

٢٧- مَنْ أَيْقَنَ بِالْآخِرَةِ أَعْرَضَ عَنِ الدُّنيا

(૨૮) જે આખેરતનો વિકાસ કરે છે તે કામયાબ થશે.

٢٨- مَنْ أَصْلَحَ المَعادَ ظَفِرَ بِالسَّدادِ

(૨૯) જેને આખેરત ઉપર યકીન હોય છે તે

٢٩- مَنْ أَيْقَنَ بِالْآخِرَةِ لَمْ يَحْرِصْ عَلَى الدُّنيا

દુનિયાની ઝંખના કરતો નથી.

(૩૦) જે આખેરતની ઈચ્છા ધરાવે છે અને તેના માટે પ્રયત્નશીલ રહે છે તે આખેરત હાસલ કરે છે.

٣٠-مَنْ حَرَصَ علَی الآخرةِ مَلَكَ

(૩૧) આખેરતની દરેક બાબત કાયમી છે.

٣١-لِكُلِّ شئٍ مِنَ الآخِرَةِ خُلُودٌ وَبَقاءٌ

(૩૨) આખેરતનું સમકક્ષ કંઈ જ નથી અને આ દુનિયા જીવનનું મૂલ્ય હોઈ શકે નહીં.

٣٢- لَيْسَ عَنِ الآخِرَةِ عِوَضٌ، وَلَيْسَتِ الدُّنْيا لِلنَّفسِ بِثَمَن

(૩૩) જે આખેરતની ભલાઈની દરકાર કરતો નથી તે સાચો મોમિન નથી.

٣٣- لَيْس بِمُؤْمِن مَنْ لَمْ يَهْتَمَّ بِإِصْلاحِ مَعادِهِ

(૩૪) જે આખેરતની નેઅમતોની ખેવના કરે છે તે આ દુનિયામાં થોડામાં જ સંતોષ માને છે.

٣٤- مَنْ رَغِبَ فِی نَعِيمِ الآخِرَةِ قَنِعَ بِيَسيرِ الدُّنيا

(૩૫) જે આ દુનિયાના બદલામાં આખેરતનો સોદો કરે છે તેના કરતાં વધારે નુકશાનમાં કોણ હોઈ શકે ?

٣٥- مَنْ أَخْسَرُ مِمَّنْ تَعَوَّضَ عَنِ الآخِرَةِ بِالدُّنيا؟!

(૩૬) જે આખેરત સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે તે તેમ કરવામાં સફળ થાય છે.

٣٦- مَنْ جَعَلَ كُلَّ هَمِّهِ لآخِرَتِهِ ظَفِرَ بِالمأمُولِ

(૩૭) જે તેની આખેરતના કાયમી રહેઠાણ માટે સતત પ્રયત્નશીલ રહે છે તેના આમાલ નિખાલસ બને છે અને તેનામાં રહેલા અલ્લાહના ખોફમાં વધારો થાય છે.

٣٧- مَنْ سَعى لِدارِ إقامَتِهِ خَلُصَ عَمَلُهُ وَ كَثُرَ وَجَلُهُ

# دہکتی دھوپ میں سایہ علیؑ ولی اللہ

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

دہکتی دھوپ میں سایہ علیؑ ولی اللہ
قدم قدم پہ سہارا علیؑ ولی اللہ
ہے ہر نبیؑ کا وظیفہ علیؑ ولی اللہ
ولی ولی نے پکارا علیؑ ولی اللہ

દઝાડતા તાપમાં છાંયડો અલી(અ.) વલીયુલ્લાહ છે, ડગલે ને પગલે સહારો અલી(અ.) વલીયુલ્લાહ છે, દરેક નબીનો વઝીફો (ઝિક્ર) અલી(અ.) વલીયુલ્લાહ છે, એકે એક વલીએ પોકાર કર્યો છે અલી(અ.) વલીયુલ્લાહ.

اندھیری شب میں اجالا علیؑ ولی اللہ
ہمارے قلب کا نعرہ علیؑ ولی اللہ
منافقت کا مداوا علیؑ ولی اللہ
بروئے کفر طمانچہ علیؑ ولی اللہ

અંધારી રાતમાં ઉજાસ અલી(અ.) વલીયુલ્લાહ છે, અમારા દિલોનો પોકાર અલી(અ.) વલીયુલ્લાહ છે, મુનાફિકપણાનો ઈલાજ અલી(અ.) વલીયુલ્લાહ છે, કુફ્રના મોઢા ઉપર તમાચો અલી(અ.) વલીયુલ્લાહ છે.

شریفِ یثرب و بطحٰی علیؑ ولی اللہ
گواہِ لیلۃ الاسرٰی علیؑ ولی اللہ
جو آج کہہ نہیں سکتا علیؑ ولی اللہ
وہ کل ضرور کہے گا علیؑ ولی اللہ

મદીના અને મક્કાના સજ્જન પુરુષ અલી(અ.) વલીયુલ્લાહ છે, લૈલતુલ અસ્રાના ગવાહ અલી(અ.) વલીયુલ્લાહ છે, જે આજે કહી શકતો નથી અલી(અ.) વલીયુલ્લાહ, તે કાલે જરૂર કહેશે અલી(અ.) વલીયુલ્લાહ.

انہیں کے نام سے دشمن سبھی فرار ہوئے
انہیں کے نام سے سب بیڑے میرے پار ہوئے

તેમના નામથી જ બધા દુશ્મનો નાસી ગયા. તેમના નામથી જ મારા બેડા પાર થયા.

جو منحرف تھے سبھی پل میں طرفدار ہوئے
جو میں نے دل سے کہا یا علیؑ ولی اللہ

જેવું મેં દિલથી કહ્યું, યા અલી(અ.) વલીયુલ્લાહ તો જેમણે મોઢું ફેરવી દીધું હતું તે બધા પળવારમાં તરફદાર થઈ ગયા.

علیؑ تو فرد ہے لیکن ہے نام لشکر کا
اکھاڑ پھینکے جو لمحے میں باب خیبر کا
پلٹ اٹھے ابھی سورج مِرے مقدر کا
کریں جو ایک اشارہ علیؑ ولی اللہ

અલી(અ.) તો એક માણસ જ છે, તેમ છતાં એક લશ્કરનું નામ છે કે જે એક ક્ષણમાં ખૈબરના દરવાજાને ઉખાડીને ફેંકી દે, જો અલી(અ.) વલીયુલ્લાહ એક જ ઈશારો કરે તો મારા ભાગ્યનો સૂરજ હમણાં જ પલટાઈ જાય.

علیؑ وہ شیرِ الٰہی علیؑ وہ نورِ خدا
علیؑ وہ جس سے ڈرے ہر عدوئے دینِ خدا
علیؑ وہ جس پہ ہیں میری ہزار جانیں فدا
وصیِ سیدِ بطحیٰؐ علیؑ ولی اللہ

અલી(અ.) અલ્લાહ તઆલાના એ શેર, અલી(અ.) અલ્લાહ તઆલાનું એ નૂર. અલી (અ.) એવા છે કે જેમનાથી ખુદાનો દરેક દુશ્મન ડરે છે. અલી(અ.) એ છે કે જેમના ઉપર મારા હજાર જીવ કુરબાન છે. સૈયદે બત્હા (મક્કાના સરદાર) રસૂલલ્લાહ(સ.)ના વસી અલી(અ.) વલીયુલ્લાહ છે.

خطیبِ نہجِ بلاغہ علیؑ ولی اللہ
شعاعِ طورِ تجلّی علیؑ ولی اللہ
بہارِ گلشنِ زہراؑ علیؑ ولی اللہ
امامِ مسجدِ اقصیٰ علیؑ ولی اللہ

નહજુલ બલાગાના ખતીબ અલી(અ.) વલીયુલ્લાહ છે, તૂર પર્વતની તજલ્લીનું કિરણ અલી(અ.) વલીયુલ્લાહ છે, જનાબે ફાતેમા ઝહરા(સ.)ના બગીચાની વસંતઋતુ અલી(અ.) વલીયુલ્લાહ, મસ્જિદે અક્સાના ઈમામ અલી(અ.) વલીયુલ્લાહ.

نہ دل کا چین ملے ہر گھڑی وہ بل کھائے
تڑپ تڑپ کے وہ اپنے کیے پہ پچھتائے

એને દિલનું ચેન ન મળે અને હર ઘડી તે વાંકો વળી જાય, તડપી તડપીને તે પોતાના કરેલા

اگر وہ جائے بھی آخر تو پھر کہاں جائے؟
کرے جو تم سے کنارہ علیؑ ولی اللہ


કાર્ય માટે પસ્તાય, અય અલી(અ.) વલીયુલ્લાહ ! જો કોઈ માણસ તમારાથી અળગો થાય (અને) તો પણ છેવટે પછી ક્યાં જાય ?

یہ التجا ہے کہ اب جلد آئیے آقاؑ
اور اپنے ساتھ میں قائمؑ کو لائیے آقاؑ
زمیں سے کفر کو پھر سے مٹائیے آقاؑ
اے میرے قبلہ و کعبہ علیؑ ولی اللہ!

એવી વિનંતી છે કે અય આકા(અ.) હવે જલ્દી આવો, અને અય આકા(અ.) ! તમારી સાથે ઈમામ કાયમ(અ.)ને પણ લાવો. અય આકા ! ધરતી ઉપરથી કુફ્રને ફરીથી મિટાવજો, અય મારા આદરણીય અલી(અ.) વલીયુલ્લાહ !

الٰہی دنیا و عقبیٰ میں کامراں کر دے
ہمارے جتنے بھی دکھ ہیں وہ سب نہاں کر دے
ہماری نظروں کے آگے خوشی عیاں کر دے
کہ ہے ہمارا وسیلہ علیؑ ولی اللہ

અય ઈલાહી ! દુનિયા અને આખેરતમાં કામરાન (કામયાબ) કરી દે. અમારાં જેટલાં પણ દુઃખ છે તે બધાંને છુપાવી દે. અમારી નજરોની સામે ખુશીને પ્રગટ કરી દે કેમ કે અમારો વસીલો અલી(અ.) વલીયુલ્લાહ છે.



# અલ-હુદા ઈસ્લામિક ટ્રેઝર

અલ-હુદા ઈસ્લામિક ટ્રેઝર શોપમાં અત્તર, મુસલ્લાહ, ટોપી,
તસ્બીહ, ખાકે શિફા, વિગેરે જેવી ચીજો મળી રહેશે.

ઈન્શાઅલ્લાહ ચાલુ સાલે હજ, ઝિયારત માટે જઈ રહેલા મોમિન ભાઈ-બહેનો
માટે ઉપયોગી નિવડે તે માટેની નાની મોટી દરેક વસ્તુઓ જેવી કે

- એહરામ
- એહરામ બેલ્ટ
- એહરામ બાંધવાની પીન
- તવાફ માટેની તસ્બીહ
- સ્લીપર ચપ્પલ, મિસ્વાક
- સ્લીપર ચપ્પલ મૂકવા માટેની બેગ
- કોટન ટુવાલ
- હવાથી ભરી શકાય તેવો તકિયો
- ખુશ્બુ વગરનો સાબુ
- કાંસકો
- ઓઈલ
- દર્પણ







એહરામ





મિસ્વાક

હજ અને ઝિયારતને લગતી દરેક વસ્તુઓ ઈન્શાઅલ્લાહ અલ-હુદા શોપ પર મળી રહેશે

AL HUDA
An Islamic Treasure

મોર્ડન કાર સ્ટુડિયોની બાજુમાં, કાકોશી ચાર રસ્તા
મહેસાણા-પાલનપુર હાઈવે સિધ્ધપુર-૩૮૪૧૫૧
મો. 9879370398

નવી શાખા (ઈન્શાઅલ્લાહ)
તૂબા ફર્નિચર ફેક્ટરીની બાજુમાં
ખેરાલુ-વડનગર હાઈવે, શેખપુર

# ઈસ્લામ

## દીન, ઈતિહાસ અને સંસ્કૃતિ


લેખક : ડૉ. સૈયદ હુસૈન નસ્ર

અંગ્રેજીમાંથી અનુવાદ : મો.વલીમોહંમદ હાજી અને મો.નઝરહુસૈન ખાણશીયા (ઈલોલ તલાવ)


### પ્રકરણ – ૧ ઈસ્લામ અને ઈસ્લામી આલમ

**ઈસ્લામી સભ્યતાના પ્રદેશો અને મુસલમાનોનું વૈશ્વિક સ્તરે વર્ગીકરણ :**

પશ્ચિમી દેશોમાં મોટાભાગના લોકો મુસલમાનોને આપોઆપ આરબ ગણી લે છે, જ્યારે કે આજે આરબો આખી દુનિયાના મુસ્લિમોની વસ્તીના પાંચમા ભાગ જેટલા જ છે, તેમ છતાં તેઓ ઉમ્મતમાં કેન્દ્ર સ્થાને રહ્યા છે, તેનું કારણ ઈસ્લામી આલમમાં તેમની ઐતિહાસિક ભૂમિકા છે; તેમની ભાષા કે જે કુરઆનની ભાષા છે, તથા બધા મુસ્લિમો માટે મહત્ત્વનાં મુકદ્દસ સ્થળો આરબ પ્રદેશોમાં છે, ખાસ કરીને મક્કા અને મદીના શહેરો કે જે હિજાજમાં આવેલાં છે, જે અત્યારે સાઉદી અરેબિયામાં છે, ઉપરાંત, જૂનું જેરૂસલેમ કે જે ઐતિહાસિક દ્રષ્ટિએ પહેલાં પેલેસ્ટાઈનમાં હતું, પરંતુ ઈ.સ. ૧૯૬૭થી ઈઝરાઈલના તાબામાં છે. વર્તમાન સમયમાં ૨૨ કરોડથી વધુ મુસ્લિમ આરબો મૌરિટાનિયાથી લઈને ઈરાક સુધીના પ્રદેશોમાં વસે છે. આરબોની ઓળખ વંશીય રીતે નહીં, પરંતુ ભાષાકીય રીતે થાય છે; એટલે કે જેની માતૃભાષા અરબી હોય તેને આરબ ગણવામાં આવે છે. અલબત્ત, આરબોની એક વિશાળ બહુમતી મુસ્લિમ છે, તેમ છતાં કેટલાક આરબ દેશો જેવા કે લેબનોન, ઈજિપ્ત, જોર્ડન અને સીરિયા તેમ જ પેલેસ્ટાઈન, વગેરેમાં નોંધપાત્ર આરબ ખ્રિસ્તીઓની પણ વસ્તી છે; પેલેસ્ટાઈનના વિભાજન પહેલાં મોટાભાગના આરબ દેશોમાં અરબી સંસ્કૃતિવાળા યહૂદી સમુદાયો અસ્તિત્વ ધરાવતા હતા. અરબસ્તાનમાં ઘણી પેટા સંસ્કૃતિઓ જોવા મળે છે, પરંતુ તેમાં પશ્ચિમના આરબો અને પૂર્વના આરબો એમ મુખ્ય બે વિભાગો જોવા મળે છે, તેમને અલગ પાડતી સીમારેખા લિબિયામાં ક્યાંક છે. આ બન્ને ભાગો ગહન રીતે ઈસ્લામી અને અરબી હોવા છતાં તે દરેકની પોતાની સ્થાનિક સાંસ્કૃતિક વિશેષતાઓ અને સ્વરૂપો છે કે જે તે બન્ને વિસ્તારોના સાહિત્ય, સ્થાપત્ય અને બીજી કળાઓ અને રસોઈ પદ્ધતિમાં જોવા મળે છે.

વંશીય તથા સાંસ્કૃતિક રીતે જોતાં ઈસ્લામી જગતનો બીજા નંબરનો સૌથી પ્રાચીન વિસ્તાર પર્શિયા છે કે જેમાં ફક્ત આજના ઈરાનના લોકો જ શામેલ નથી, પરંતુ તેમના જેવો વંશ અને ભાષાકીય મૂળ ધરાવતા લોકો પણ શામેલ છે, જેમાં કુર્દ અને અફઘાની (જેમાં પુશ્તૂ લોકો પણ શામેલ છે) તેમ જ તજીકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને પાકિસ્તાનના લોકો પણ શામેલ છે. આ બધા ભેગા મળીને દસ કરોડથી પણ વધુ લોકો છે, જેમનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે, કારણ કે એ પર્શિયનો જ હતા કે જેમણે આરબોની

સાથે ઈસ્લામી સભ્યતાનું ઘડતર કર્યું છે. પર્શિયા હંમેશાંથી ઈસ્લામી જગતના મહત્ત્વના કલાત્મક અને બૌદ્ધિક કેન્દ્રોમાંનું એક કેન્દ્ર રહ્યું છે. વધુમાં, ફારસી ભાષા અરબી પછી ઈસ્લામી સભ્યતાની બીજા નંબરની સૌથી મહત્ત્વની ભાષા છે, અને ઈસ્લામી સભ્યતાની એક માત્ર પ્રાચીન ભાષા છે કે જે ઈરાન સિવાયના પ્રદેશોમાં પણ બોલાય છે અને લખાય છે. લગભગ એક હજાર વર્ષ કરતાં પણ વધુ સમયથી ઈરાકથી લઈને ચીન સુધીના પ્રદેશોમાં અને પર્શિયાની બહારના પ્રદેશોમાં ખાસ કરીને ભારતમાં પ્રાથમિક સાહિત્યિક માધ્યમ તરીકે ફારસી ભાષાનો ઉપયોગ થતો રહ્યો છે.

ભારતીય ઉપખંડમાં વસતા મુસ્લિમો વંશીય રીતે વિવિધ પર્શિયન જૂથો સાથે અને પર્શિયન સંસ્કૃતિની દુનિયા સાથે ગાઢ રીતે જોડાયેલા છે, અને પર્શિયનોની જેમ તેઓ ઈન્ડો-યુરોપિયન મૂળના લોકો છે. તેઓ ઈસ્લામના અનુયાયીઓનું એક મોટું જૂથ રચે છે કે જે ૪૦ કરોડથી પણ વધુ લોકોથી બનેલું છે, જેમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશના લોકો કે જેઓ મોટાભાગે મુસલમાનો છે, તેમ જ ભારત, નેપાળ અને શ્રીલંકાના મુસલમાનોનો સમાવેશ થાય છે, જ્યાં તેઓ લઘુમતીમાં છે. ફક્ત ભારતમાં જ તેર કરોડથી વધારે મુસલમાનો છે કે જે દુનિયાની સૌથી મોટી લઘુમતી કોમ છે. આ પ્રદેશના મુસ્લિમોની મુખ્ય ભાષા ઉર્દૂ છે કે જે સંસ્કૃત અને ફારસી બન્ને ભાષાઓથી મળતી આવે છે. જો કે, બીજી ઘણી ભારતીય ભાષાઓ જેવી કે પંજાબી, સિંધી, ગુજરાતી અને તમિલ પણ મુસ્લિમો દ્વારા ઉપયોગમાં લેવાય છે. ઉર્દૂની સાથે સાથે બંગાળી ભાષાને પણ આ ઉપખંડની બીજી મુખ્ય ઈસ્લામી સાહિત્યિક ભાષા ગણવી જ જોઈએ.

આરબ અને પર્શિયન લોકો પછી ઈસ્લામી સભ્યતામાં તેના યોગદાન અને ઈસ્લામી ઈતિહાસમાં તેની ભૂમિકાની દ્રષ્ટિએ બીજું અગત્યનું જૂથ તુર્કી લોકોનું છે કે જેઓ બાલ્કન પ્રદેશથી લઈને પૂર્વ સાઈબિરીયા સુધી ફેલાયેલા છે. તુર્કોએ છેલ્લા એક હજાર વર્ષ દરમિયાન ઈસ્લામના રાજકીય જીવનમાં મોટો ભાગ ભજવ્યો છે. તુર્ક લોકોએ શક્તિશાળી ઉસ્માની સામ્રાજ્યની સ્થાપના કરી કે જે અલ્જિરીયાથી લઈને બોસ્નિયા સુધી ફેલાયેલું હતું, અને જે પ્રથમ વિશ્વયુદ્ધ સુધી એટલે કે લગભગ સાત સદી સુધી અસ્તિત્વમાં રહ્યું. તેમ છતાં તુર્ક લોકો ઉસ્માની સામ્રાજ્યના તુર્ક લોકો સુધી અને આજના તુર્કી સુધી જ સીમિત નથી, મધ્ય એશિયા અને કૌકેશિયાના તાજેતરના ઘણા સ્વતંત્ર પ્રજાસત્તાક દેશોના લોકો વંશીય અને ભાષાકીય રીતે તુર્કી છે. જો કે, તેમાંથી કેટલાક સાંસ્કૃતિક રીતે પર્શિયન જગતથી વધારે મળતા આવે છે. તુર્કી મૂળના લોકો રશિયામાં પણ છે. લગભગ પંદર કરોડથી પણ વધુ લોકો આ વંશીય મૂળના છે કે જેમની ભાષાઓ અરબી જેવી સેમેટિક[૧] (semitic) નથી કે ન તો ફારસી જેવી ઈન્ડો-ઈરાનીઅન[૨] (indo-Iranian) છે, પરંતુ

[૧] સેમેટિક (semitic) : તે એશિયા-આફ્રિકન ભાષા સમૂહની એક શાખા છે, જે સમૂહની ભાષાઓ મધ્યપૂર્વમાં ઉદ્‌ભવી હતી. આ ભાષાઓમાં અરબી, અમ્હારિક, ટિગ્રીનિયા અને હિબ્રૂ જેવી મુખ્ય ભાષાઓ સહિત ૭૭ ભાષાઓનો સમાવેશ થાય છે.

[૨] ઈન્ડો-ઈરાનીઅન (indo-Iranian) : ઈન્ડો-ઈરાની ભાષાઓનું એક જૂથ કે જેમાં ફારસી, દારી, પુશ્તૂ, કુર્દિશ, બલોચી, ઉર્દૂ, સિંહાલી, સંસ્કૃત, હિન્દી તથા બીજી ભારતીય ભાષાઓનો સમાવેશ થાય છે.

અલ્ટેઈક[3] (altaic) છે. તેઓ ઈસ્લામી સભ્યતાના એવા વિશિષ્ટ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે કે જે સદીઓથી આરબ અને પર્શિયન જગત સાથે સતત સંપર્કમાં રહ્યો છે.

આફ્રિકાના હબશી દેશોમાં ઈસ્લામનો ફેલાવો તેની શરૂઆતમાં જ થઈ ગયો હતો, હબશી મુસલમાનોએ ઈસ્લામના ઈતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે; પયગમ્બર (સ.)ના બાંગી (મુઅઝ્ઝિન) હઝરત બિલાલ પોતે હબશી હતા. આફ્રિકાના હબશી મુસ્લિમોએ હિ.સ.ની સાતમી / ઈ.સ.ની તેરમી સદીમાં સબ-સહરન આફ્રિકા[4] (Sub-Saharan Africa)માં સમૃધ્ધ સામ્રાજ્યોની સ્થાપના કરી હતી. ઈસ્લામ આફ્રિકામાં શરૂઆતથી લઈને આજ સુધી તેમ જ યુરોપીય વસાહતીકરણના સમયગાળા દરમિયાન પણ એક મહત્ત્વપૂર્ણ અને ગતિશીલ શક્તિ તરીકે રહ્યો છે. આજે પંદર કરોડ કરતાં વધારે હબશી મુસલમાનો કે જેઓ આરબો કરતાં અને ઉત્તર આફ્રિકાના બર્બરો કરતાં અલગ છે, તેઓ ઈસ્લામી સભ્યતાનો એક નોંધપાત્ર વિસ્તાર રચે છે. હબશી લોકો ઘણી જુદી જુદી ભાષાઓ બોલે છે, જેવી કે ફુલાની, હૌસા, સ્વાહિલી વગેરે, અને ઘણી પેટા સંસ્કૃતિઓ રચે છે, પરંતુ ઈસ્લામી જગતના આ ભાગનું મુખ્ય વિભાજન પૂર્વ અને પશ્ચિમ આફ્રિકાની વચ્ચે છે, તેમ છતાં અહીં પણ બન્ને પ્રદેશો વચ્ચે એકતાનો મજબૂત સંબંધ અસ્તિત્વ ધરાવે છે. તેઓ ઘણા બધા માધ્યમો દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે, જેમાં સૂફીપંથોનો પણ સમાવેશ થાય છે કે જેમણે આફ્રિકામાં ઈસ્લામના ફેલાવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, અને જેઓ હજુ આજે પણ મોટાભાગના આફ્રિકન હબશી મુસ્લિમ પ્રદેશોમાં ખૂબ જ સક્રિય છે.

અગાઉ વર્ણવેલા પ્રદેશોમાં ફેલાયા પછી ઈસ્લામ મલય પ્રદેશોમાં ફેલાયો કે જેની શરૂઆત હિ.સ.ની આઠમી / ઈ.સ.ની ચૌદમી સદીથી થઈ. આ વિસ્તારમાં ઈન્ડોનેશિયા દેશનો સમાવેશ થાય છે કે જે વર્તમાન સમયમાં ઈસ્લામી દેશોમાં સૌથી વધુ વસ્તી ધરાવતો અને એક જ પ્રકારના વંશીય લોકો ધરાવતો દેશ છે. આ વિસ્તાર સમૃધ્ધ ઈસ્લામી સંસ્કૃતિ ધરાવે છે, જેમાં ઈન્ડોનેશિયા ઉપરાંત મલેશિયા, બ્રુનેઈ, દક્ષિણ ફિલિપિન્સ અને થાઈલેન્ડ અને કમ્પુચીયાના કેટલાક વિસ્તારો તેમ જ સિંગાપુરના એક ભાગનો સમાવેશ થાય છે. આ વિસ્તારની ઓળખ મલય ભાષાનો મુખ્ય સાહિત્યિક ભાષા તરીકેનો ઉપયોગ છે, તથા એક ખાસ રીતે કુદરતી અને સાંસ્કૃતિક માહોલમાં ઈસ્લામ સ્વીકારવાની બાબત છે, જે બાબત મધ્ય એશિયાની પ્રાચીન પારંપારિક ઈસ્લામી સભ્યતાની શરૂઆતમાં જોવા મળે છે તેના કરતાં એકદમ અલગ છે. ૨૨ કરોડથી વધુ મુસલમાનો આ વિશાળ વિસ્તારમાં ફેલાયેલા છે, જેમાં હજારો ટાપુઓ અને મલય દ્વીપકલ્પનો સમાવેશ થાય છે.

---

[3]અલ્ટેઈક (altaic) : ભાષાઓનું એક જૂથ છે કે જેનું નામ અલ્ટાઈ પર્વતમાળા ઉપરથી પડ્યું છે કે જ્યાંથી આ ભાષાઓ ઉદ્ભવી હતી એવું માનવામાં આવે છે, જેમાં મોંગોલ, તૌંગ અને તુર્કી મૂળ ધરાવતી લગભગ ૬૬ ભાષાઓનો સમાવેશ થાય છે.

[4]સબ-સહરન આફ્રિકા (Sub-Saharan Africa) : આફ્રિકા ખંડનો એ ભૌગોલિક વિસ્તાર કે જે સહરાના રણના દક્ષિણમાં આવેલો છે, જેમાં સુદાન સિવાયના બધા જ દેશોનો સમાવેશ થાય છે કે જે દેશો સંપૂર્ણ રીતે અથવા આંશિક રીતે સહરાના રણના દક્ષિણમાં આવેલા છે.

ચીની મુસલમાનો કે જે ઈસ્લામી જગતના અન્ય જૂથો કરતાં ઓછા પરિચિત છે, તેમની વસ્તી લગભગ ૨.૫ થી ૧૦ કરોડ ગણવામાં આવે છે. તેઓ આખા ચીન દેશમાં ફેલાયેલા છે, પરંતુ ખાસ કરીને પશ્ચિમ સીક્યાંગ (જૂનું પૂર્વ તુર્કસ્તાન) પ્રદેશમાં તેમની વસ્તી વધારે પ્રમાણમાં છે. તેઓ પ્રાચીન સમુદાય છે - હિ.સ.ની પહેલી / ઈ.સ.ની સાતમી સદીમાં કેન્ટોનમાં મુસલમાનોની હયાતીની નોંધ જોવા મળે છે - અને તેમણે પોતાની વિશિષ્ટ ચીની ઈસ્લામી સંસ્કૃતિ વિકસાવી છે કે જેમાં તેમની પોતાની અનોખી અરબી લેખનકળાનો સમાવેશ થાય છે. ચીની ઈસ્લામી સાહિત્યના વિશિષ્ટ પ્રકારના સંગ્રહો પણ છે કે જેમાંથી મોટાભાગના બહારની દુનિયા માટે અજાણ્યા છે. તેમ છતાં મુસલમાનો ચીનમાં પણ અગત્યની લઘુમતી બની રહ્યા છે, જેવી રીતે તેઓ દક્ષિણ એશિયાના બર્માથી લઈને ઉત્તર યુરોપના સ્વીડન જેવા કેટલાક દેશોમાં અગત્યની લઘુમતી બની રહ્યા છે.

મુસ્લિમ ઉમ્મતનો ભાગ એવા યુરોપ અને અમેરિકામાં વસતા મુસલમાનો કે જેમની સંખ્યા ઓછી છે, પરંતુ તેમનું વર્ણન કરવું પણ ખૂબ જ જરૂરી છે. લગભગ બે કરોડ મુસલમાનો જુદા જુદા યુરોપીય દેશોમાં વસે છે. બોસ્નિયન મુસલમાનો કે જે સ્લાવ મૂળના છે, તેમ જ અલ્બાનિઆ, મેસેડોનિયા અને કોસોવોના આલ્બેનિયન મુસલમાનોના એવા સમુદાયના સભ્યો છે કે જે તુર્કી અને બલ્ગર મૂળના નાના સમુદાયોની જેમ સદીઓ જૂના સમુદાય છે. બાકીના લોકો મુખ્યત્વે વસાહતીઓ છે કે જેઓ બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપમાં આવીને વસ્યા છે, જેમાં મોટાભાગે ફ્રાન્સમાં આવેલા ઉત્તર આફ્રિકનો, બ્રિટનમાં આવેલા ભારતીયો, પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓ અને જર્મનીમાં આવેલા તુર્ક અને કુર્દ લોકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઘણા યુરોપિયન લોકો પણ છે કે જેમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે. મુસ્લિમો આજે ઘણા વિસ્તારોમાં મહત્ત્વના સમુદાયો બનાવી રહ્યા છે, અને ફ્રાન્સ જેવા કેટલાક દેશોમાં સાંસ્કૃતિક અને સામાજિક પડકારો ઊભા કરી રહ્યા છે.

એમાં શંકાને સ્થાન નથી કે આફ્રિકાથી ઉત્તર અમેરિકામાં લવાયેલા ગુલામોમાંથી ઘણા બધા મૂળભૂત રીતે મુસલમાન હતા, પરંતુ તેમનો ધર્મ ધીમે ધીમે ભૂલાતો ગયો. તેમ છતાં ઈ.સ. ૧૯૩૦થી આફ્રિકી અમેરિકનોમાં ઈસ્લામ ફેલાઈ રહ્યો છે, અને જે આજે અમેરિકામાં નોંધપાત્ર ધાર્મિક અવાજ ગણાય છે. આજે લગભગ ૬૦ લાખ મુસલમાનો ઉત્તર અમેરિકામાં વસે છે, જેમાં ફક્ત આફ્રિકી અમેરિકન અને આરબો જ શામેલ નથી, પરંતુ કેટલાક પર્શિયનો, તુર્કો અને ભારતીય ઉપખંડના લોકો પણ શામેલ છે કે જેઓ છેલ્લી સદી દરમિયાન અને ખાસ કરીને છેલ્લા થોડાક દાયકાઓ દરમિયાન અમેરિકામાં આવીને વસ્યા છે. યુરોપિયન મૂળના ઘણા બધા અમેરિકન અને કેનેડિયન લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો છે. આ રીતે ઈસ્લામી સમુદાય ઉત્તર અમેરિકામાં તેમ જ મધ્ય અને દક્ષિણ અમેરિકામાં વિકસતો જાય છે, જ્યાં બ્રાઝિલ, આર્જેન્ટીના, ટ્રીનીડાડ અને બીજા ઘણા પ્રદેશોમાં નોંધપાત્ર મુસ્લિમ વસ્તી અસ્તિત્વ ધરાવે છે.

તેથી ઈસ્લામી ઉમ્મત સીમાઈટ્સ, ઈન્ડો-ઈરાનિયન, તુર્ક, હબશી, આફ્રિકી, મલય તથા ચીની

જેવા વંશીય અને સાંસ્કૃતિક જૂથોના સંયોજનથી અને અરબી જેવી સેમેટિક ભાષા સહિત ઈરાની, ઈન્ડો યુરોપિયન, અલ્ટેઈક અને આફ્રિકી ભાષાઓ બોલતા લોકોથી બનેલી છે. આ ઉમ્મત મોટાભાગે એશિયા અને આફ્રિકામાં વધારે કેન્દ્રિત થયેલી છે, તેમ છતાં તેના સભ્યો બીજા ચાર ખંડોમાં પણ ફેલાયેલા છે, અને ઘણા દેશોમાં નોંધપાત્ર લઘુમતી બનાવે છે, તેઓ પોતાની ભાષાઓ અને સંસ્કૃતિઓ ધરાવે છે, તેમ છતાં તેઓ ઉમ્મત અને ઈસ્લામી સભ્યતામાં પણ શરીક છે કે જેના તેઓ સદસ્ય છે. ઈસ્લામ જાણે કે એક વિશાળ ચાકળા જેવો છે કે જેમાં આ બધી જ પ્રાદેશિક સાંસ્કૃતિક પ્રણાલીઓ અને વિવિધતાઓ વેલ બુટ્ટાના નકશીકામની જેમ વણાયેલી છે; તેમાં તેઓ ભેગા મળીને જે મોટી ભાત બનાવે છે તે ભાત ઝાતે ઈલાહીની વહેદાનિયતને પ્રતિબિંબિત કરે છે.


# બેસ્ટ ઈલેક્ટ્રીકલ

::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::

વાયર કેબલ : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન

એમ.સી.બી. : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.

મોટર પમ્પ : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન

લાઈટીંગ : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ

ઈલેક્ટ્રીક એસેસરીઝ : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.



# અલમદાર ટૂર (સિધ્ધપુર)

હજ, ઉમરા અને ઝિયારત માટે

ફેબ્રુઆરી – ૨૦૧૭માં ઉમરા ઝિયારત અને આગામી મોહર્રમમાં જવા ઈચ્છતા

**મોમિન ભાઈબહેનોએ નીચેના નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.**

**::::: આયોજક :::::**

**રસૂલભાઈ (ખડીયાસણા) ૦૯૭૨૬૯ ૨૬૪૯૯**

**હસનભાઈ (કાકોશી) ૦૯૭૨૪૮ ૨૨૩૩૦**

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા. ૧૫, માહે ઓગસ્ટ–૨૦૧૬ થી તા. ૧૫, માહે સપ્ટેમ્બર–૨૦૧૬ મુ.તા. ૧૧, માહે ઝિલ્કાદ–૧૪૩૭ થી મુ.તા. ૧૨, માહે ઝિલ્હજ–૧૪૩૭ |
|---|---|---|---|
| ઓગસ્ટ | માહે ઝિલ્કાદ | | |
| 16 | ૧૧ | મંગળ | **વિલાદત : ઈમામ અલી રઝા (અ.)** |
| 18 | ૧૩ | ગુરુ | **રક્ષાબંધન** |
| 20 | ૧૫ | શનિ | વફાત : પીર સૈયદ અબ્દુલ મજીદ (રહે.) |
| 25 | ૨૦ | ગુરુ | **જન્માષ્ટમી** |
| સપ્ટેમ્બર | - | - | |
| 2 | ૨૮ | શુક્ર | ઉર્સ : પીર સૈયદ એહમદહુસૈન બાવા (રહે.), મેતા |
| 3 | ૨૯ | શનિ | શહાદત : હઝરત ઈમામ મોહંમદ તકી (અ.) |
| - | માહે ઝિલ્હજ | - | |
| 4 | ૧ | રવિ | **હઝરત અલી (અ.)ના નિકાહ જનાબા સૈયદા (અ.) સાથે થયા** * વીંછુડો બેસે ૧૭:૩૮ |
| 5 | ૨ | સોમ | **ગણેશચતુર્થી** * વીંછુડો |
| 6 | ૩ | મંગળ | **વિલાદત : જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા** * વીંછુડો |
| 7 | ૪ | બુધ | વીંછુડો ઉતરે ૬:૨૦ |
| 10 | ૭ | શનિ | શહાદત : હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) |
| 11 | ૮ | રવિ | યૌમે તરવીયા |
| 12 | ૯ | સોમ | શહાદત : મુસ્લિમ બિન અકીલ (અ.), અરફાનો દિવસ |
| 13 | ૧૦ | મંગળ | **ઈદુઝઝોહા** |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) "વાદળો પાછળ છુપાયેલા સૂર્યની જેમ" કયા ઈમામ કાર્ય કરી રહ્યા છે ? (૨) રસૂલલ્લાહ (સ.)એ ખૈબરના જંગમાં મૌલા અલી (અ.) માટે દુઆ કરી હતી તો આપ કઈ ત્રણ તકલીફોથી મહેફૂઝ રહેતા હતા? (૩) ઈસ્લામી સભ્યતાની પ્રાચીન ભાષા કે જે ઈરાન સિવાયના બીજા પ્રદેશોમાં પણ બોલાય છે તે કઈ છે ? (૪) કઈ ત્રણ વ્યક્તિઓએ કયારેય બુતપરસ્તી નથી કરી ? (૫) મૌલા અલી (અ.)એ કુમૈલ ઈબ્ને ઝિયાદને દરરોજની શરૂઆત કયા ઝિક્રથી કરવાની હિદાયત કરી હતી ? (૬) કયું પાણી પીવાથી માણસ કયારેય તરસ્યો થશે નહીં ?



હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૭૧

ભાષા : રૂબાઈ

**સુન સુન ફરઝંદ નબીકે, ઈમામ હુસેન જાનો જે નામ રે,**
**રંજ હુવા અનુકે વતનમાં, રેહતે રેહતે મદીને ગામ રે.**

(તમે સાંભળો કે નબી સાહેબના ફરઝંદનું નામ હુસૈન (અ.) હતું તે જાણી લેજો. પોતાના વતન મદીનામાં રહેતાં રહેતાં તેમને ખૂબ દુઃખ પહોંચ્યું હતું.)

**મરવાન કે'વે દાવે પડ, વલીદકુ વે ફરેબકી બાત રે,**
**વલીદ થા ડર ખુદા કરતા, બુઝતા એહલેબયત ઝાત રે.**

(મરવાન વલીદને ફરેબની વાતો કરીને દાવ લેવાનું કહેતો હતો, જ્યારે વલીદ ઈમામ હુસૈન (અ.)ને અહલેબૈત સમજીને અલ્લાહથી ડર રાખતો હતો.)

**શેહઝાદે હુસેનકી તારીફ, વલીદને કીયા એ આન રે,**
**ચુપ રહ્યા એ સુનતે બાતકુ, મરવાન તબ તો નાદાન રે.**

(વલીદે શાહઝાદા ઈમામ હુસૈન (અ.) ની તા'રીફ કરી ત્યારે મરવાન નાદાન આ બાબત સાંભળીને ચૂપ રહ્યો.)

**ઘોર ચંતા હુઇ સહી, શેહઝાદે હુસેન કે તન રે,**
**સુન સુન નવાસે નબી કે, અનુકુ ભી પોચા એ દન રે.**

(શાહઝાદા ઈમામ હુસૈન (અ.)ને ખૂબ ચિંતા થઈ. તમે સાંભળો કે નબીજીના નવાસા માટે પણ આવો દિવસ આવી પહોંચ્યો.)

**ચંતા માંહે નેહ સહી રબકા, હુઇ તો એસી સહી રીત રે,**
**કસની હે કરતા વે મીતકુ, જીસે બોત કરતા હે પીત રે.**

(ચિંતાની સાથે સાથે ઈમામ હુસૈન (અ.) પોતાના રબ પ્રત્યે મોહબ્બત ધરાવતા હતા. અલ્લાહ જેની સાથે વધારે મોહબ્બત કરતો હોય તેવા ચાહકની હંમેશાં કસોટી કરતો હોય છે.)

**યતીમ કીયે ફરઝંદ નબીકે, મઝલુમ ધરાઈલા જે નામ રે,**
**હાકિમ ચાકર દેખો દુરીજના, વતન જે મદીના ગામ રે.**

(નબીજીના ફરઝંદને યતીમ કરી દેવામાં આવ્યા, અને તેમનું નામ મઝલૂમ ધરવામાં આવ્યું. પોતાના વતન મદીના ગામમાં પણ હાકિમ અને ચાકરો તેમના દુશ્મન બની ગયા તે જુઓ.)

**આણ દાણ ફરે સબ ઉસકી, દુરીજન યઝીદ જે નામ રે,**
**નસ દિન ચંતા જે હે રાખતા, કતલ શેહઝાદેકા કામ રે.**

(દુરીજન યઝીદની બધા ઠેકાણે સત્તા ચાલતી હતી અને તે હંમેશાં શાહઝાદા ઈમામ હુસૈન (અ.) ના કતલની ચિંતા કરતો હતો.)

**વતનમાં શેહઝાદે એકલે, નાંહી કોઈ રબ બના યાર રે,**
**રંજ પહેલા સબી છોડ રખીયા, સહી નામ સુરીજન હાર રે.**

(પોતાના વતનમાં શાહઝાદા ઈમામ હુસૈન (અ.) એકલા હતા. અલ્લાહ સિવાય તેમનો કોઈ

દોસ્ત ન હતો. દુઃખ પહેલાં તેમણે સુરીજનહારના નામ પર બધું છોડી દીધું હતું.)

**બયાન નં.૭૨**

**ભી આદમી ફિરીયા, જે વલીદ હો કેરા,**
**તબ ઘર ચલે શેહઝાદે, એ સુણીયો સવેરા.**

(જ્યારે વલીદનો માણસ પાછો વળ્યો, ત્યારે ઈમામ હુસૈન (અ.) પોતાના ઘેર આવ્યા.)

**સહી આવ ઘર એકઠે, તબ કીએ રે ગુલામા,**
**સો તીસ તો ગુલામું કા, સુણીયા રે નામા.**

(ખરેખર ઘેર આવીને ઈમામ હુસૈન (અ.)એ ત્રીસ ગુલામોને ભેગા કર્યા.)

**આવ શેહઝાદેને અનુકુ, કંમર બંધાઈ,**
**અને બાત તો એતની, અનુ કુ સુણાઈ.**

(ઈમામ હુસૈન (અ.)એ ઘેર આવીને તે ગુલામોને કમ્મર બંધાવીને આટલી વાત કહી,)

**કહ્યા સાથ મેંરે હાકિમ, કે યાં રે આઓ,**
**અને દરબાર ઉસકા, તમે આવને બંધાઓ.**

(અને કહ્યું કે તમે મારી સાથે હાકિમના દરબારમાં આવો અને તેનો દરબાર ઘેરી લો.)

**નામ દારુલ અમ્મારા, હે જગો કા નામાં,**
**જે હાકિમ રેહનેકી, કહીએ રે ઠામા.**

(હાકિમને રહેવાની જે જગ્યા છે તે જગ્યાનું નામ દારુલ ઈમારા છે.)

**કે શેહઝાદે ને ગુલામું કુ, ઉસ નામસુ આખા,**
**સો દારુલ અમ્મારા, કરને દાખા.**

(ઈમામ હુસૈન (અ.)એ દારુલ ઈમારાની જગ્યાનું નામ લઈને ગુલામોને કહેવા લાગ્યા.)

**કહ્યા શેહઝાદે ને જાઉંગા, મેં દરબાર કે માંહાં,**
**બહાર બેઠીઓ તમંના, કોઈ આઈયો રે નાંહાં.**

(ઈમામ હુસૈન (અ.) કહેવા લાગ્યા કે હું દરબારમાં જઈશ, અને તમે બધા બહાર બેસી રહેજો, કોઈએ અંદર આવવું નહીં.)

**અને જોર સુ આવાઝ, તમો સુનો મેરા કાના,**
**તબ ધસ કર આઈયો, તમે સારે રે જુવાના.**

(અને જ્યારે મારો ઊંચો અવાજ તમારા કાને સંભળાય, ત્યારે તમે બધા યુવાનો ઝડપથી અંદર આવજો.)

**કે અનુને કતલ મેંરે કા, કસ્દ રે કીતા,**
**યું શેહઝાદેને નસીહત, બોલ ગુલામુકુ દીતા.**

(કે એ લોકોએ મને કતલ કરવાનો વિચાર કર્યો છે. આવી શિખામણના શબ્દો ઈમામ હુસૈન (અ.) એ તેમના ગુલામોને કહ્યા.)


**હાથ લીયા અસા, અપને નબીજી હો કેરા,**
**એ સુન સુન મોમિનો, ચંતા દીયા રે સવેરા.**

(ઈમામ હુસૈન (અ.)એ નબી સાહેબનો અસા પોતાના હાથમાં લીધો. આ સાંભળીને મોમિનો વિચાર કરવા લાગ્યા.)

**- : રે તૂહી :-**

**શેહઝાદે હુસેનને આવ કર**
**ડેંરે કીયા સાજ રે, ડેંરે કીયા સાજ;**
**દાસુકુ સજો કીયા,**
**સુનીઓ એ અવાઝ રે, સુનીઓ એ અવાઝ.**

(ઈમામ હુસૈન (અ.)એ ગુલામોને જરૂરી સરસામાન આપીને તૈયાર કર્યા, અને દરબારને ઘેરી લેવાનો અવાજ આપ્યો.)






બન્ને ભાઈઓ ગંજે શહીદામાં ભાઈની લાશને સુવાડીને પોત પોતાના ખૈમા તરફ ચાલ્યા. તે દરમિયાન રસ્તામાં જાફર ઈબ્ને અલી (અ.) શાહના અલમદારને મળ્યા, અને અરજ કરી,

"અય બાપની જગ્યા શોભાવતા ભાઈ ! જેવી રીતે બાબાના પછી તમે મને મહેરબાનીભર્યા ખોળામાં ઉછેર્યો છે, એવી જ રીતે આજે છેલ્લો એહસાન કરીને બસ, બન્ને જહાનના ઈમામ પાસેથી રણ મેદાનમાં જવાની રજા મને અપાવો, કેમ કે હું ભાઈ ઉસ્માનને કે જે મારા જીવ બરોબર છે, તેમને ઉતાવળિયા સમજી રહ્યો છું. તે આપણા બધાથી નાના છે. એવું ન થાય કે તે મારા પહેલાં આગ્રહ કરીને મેદાનમાં ચાલ્યા જાય, અને મારે બાબાથી શરમિંદા થવું પડે."

તેમની ઉંમર ૨૫ વર્ષની હતી. તેઓ અબ્દુલ્લાહ કરતાં ચાર વર્ષ નાના હતા, અને ઉસ્માન બિન અલી (અ.)થી ચાર વર્ષ મોટા હતા. હઝરત અબ્બાસ નામદાર (અ.)એ ફરમાવ્યું,

"ભય્યા ! જો નાનાઓનું મોટાઓના પહેલાં શહીદ થવું શરમિંદગીનું કારણ હોઈ શકતું હોય તો પછી આપણા ચારેયમાંથી સૌથી પહેલાં મારે જવું જોઈતું હતું, કેમ કે ૩૨ વર્ષથી આ ફાની દુનિયામાં મોજૂદ છું અને તમારા ત્રણેયથી મોટો છું. હજી પણ કંઈ બગડ્યું નથી. એક ભાઈની શરમિંદગી હું સહન કરી લઈશ. હવે તમે બન્ને ઈમામની આગળ જઈને મારા માટે ભલામણ કરો કે મને જંગની રજા મળી જાય."

મઝલૂમે કરબલાએ આ બધું સાંભળ્યું અને થોડાક નજીક જઈને ફરમાવ્યું,

"માદરે ગિરામી ઉમ્મુલ બનીનની નિશાનીઓ ! વહેલા મોડા મરવાનું મારા અને તમારા ઈખ્તિયારમાં નથી. જેવી રીતે શહીદોની યાદીમાં નામ લખેલાં છે, એવી જ રીતે જવું પડશે, અને હું એવું યકીન રાખું છું કે બાકી એક પણ નહીં બચે."

જાફર આગળ વધ્યા અને અરજ કરી, "હુઝૂર જ બહેતર જાણે છે કે જાંનિસારી માટે હવે મારા સિવાય કોણ મોટો દાવેદાર છે."

ઈમામ (અ.)એ ફરમાવ્યું, "મારા શેર ! બેશક હવે શહીદોના સમર્થનની યાદીમાં લોહીની છાપ તમે જ લગાવશો."

આટલું સાંભળતાંની સાથે જ દિલનું ખૂન જાફરના ચહેરા પર ઉપસી આવ્યું. અહીંથી જ ઘોડાને ચકરાવો આપવાનું શરૂ થઈ ગયું. બન્ને ભાઈઓને ઝુકીને સલામ કરી. ઘોડાએ કાનોની દિશા બદલી અને જાફરની નજરો શુજાઅતનું સૌંદર્ય બતાવવા લાગી. તડકાની ચાદર જેટલી જેટલી સંકોચાઈ રહી હતી તેટલા મુજાહિદના

પડછાયા આગળ વધી વધીને દુશ્મનોની નજીક અને વધુ નજીક જઈ રહ્યા હતા. એક મંઝર એવું હતું કે ઓરડાઓમાં જન્નતની હૂરોનાં દિલ જેમનાથી પીસાતાં જઈ રહ્યાં હતાં, તે જાંબાઝોના એવા કરિશ્મા હતા કે સવારે મોત જેમની મુશ્તાક હતી અને સાંજ સુધીમાં તો આ પ્રસંગો હવે તસ્વીરો બનીને પાનાઓ પર શોભતા રહેશે.

જાફ્ર એવી ફરિયાદ લઈને મલઊનોના લશ્કરની નજીક પહોંચ્યા અને માલૂમ કરી ચૂક્યા હતા કે હાની બિન સબીતે માજાયાને કતલ કર્યો છે એટલા માટે રજઝમાં જાહેરી સંબોધન પછી તે લઈનને ખાસ કરીને જંગની દા'વત આપી.

રજઝ :

"હા, હું જાફ્ર છું. અલી (અ.)નો બેટો છું અને છેલ્લા મુજાહિદનો ભાઈ છું. માત્ર બાપ અને નાનાની શુજાઅત પર ગર્વ રાખતો નથી. કાકા અને મામા તરફથી પણ હસબ અને નસબમાં દુનિયાના સૂર્યના પ્રતાપની માફક ચમકી રહ્યો છું. સારું, તમારા જેવા આંધળા અને બહેરાઓની સામે એનો તો ઝિક્ર જ શું વિસાતમાં છે જ્યારે કે તમે ફાતેમા (અ.)ની ગોદમાં ઉછરેલાનો હક જ સમજતા નથી. હવે માત્ર એટલું જ કહેવું બાકી છે કે હાની ક્યાં છે કે જેણે દગાથી પ્રહાર કરીને મારા ભાઈને શહીદ કરવાનો ફખ્ર હશે. ટૂંકમાં, એ કે તે ધમાસાણમાં લડીને સેંકડોને મારી ગયો, પરંતુ હા, અગર તું સબીત અલ હઝરમીના સાચા નુત્ફાથી પેદા થયેલો હોય તો સફમાંથી બહાર આવીને મુકાબલો કર, નહીંતર હું કસમ ખાઈને નીકળ્યો છું કે જ્યાં સુધી તને કતલ નહીં કરી દઉં ત્યાં સુધી શામની ફોજનો તખ્તો ઉલટતો રહીશ, અને રોકાઈ નહીં જાઉં ત્યાં સુધી કે સૂર્યનો ચહેરો ખૂનની ચાદરમાં છુપાઈ ન જાય.

આવું એલાન સાંભળીને ફોજમાં ધ્રુજારી ફેલાઈ ગઈ. અને ઉમર સઅદને પહેલું મંઝર યાદ આવી ગયું. તે શયતાનના ફરઝંદે અને તકસાધુએ દિલમાં વિચાર કર્યો કે બની હાશિમનો શેર પોતાની કસમને જરૂર પૂરી કરીને જ જંપશે. એટલા માટે બહેતર તો એ છે કે હાનીને એ શેરના મોઢામાં ધકેલી દઈને તેના ગુસ્સાને શાંત પાડવામાં આવે. આવો મન્સૂબો કરીને ખૈમામાંથી નીકળ્યો અને ગુસ્સે થઈને બોલ્યો,

"હું શરમનો માર્યો ડૂબી રહ્યો છું જ્યારે એવું સાંભળું છું કે મુકાબલો કરનારની યુધ્ધના લડવૈયાની માગણીની નોબત હવે એટલે સુધી પહોંચી ગઈ છે કે નામ લઈને સાદ પાડવામાં આવી રહ્યો છે, અને આ બાજુ ખામોશી છવાઈ ગઈ છે કે ખામોશીનું તાળું કોઈ પણ રીતે તૂટતું જ નથી. જો હાલત આવી જ હોય તો કામયાબી પણ અશક્ય અને શુજાઅતનો દાવો પણ અશક્ય ! હાની ક્યાં છે ? તેને કહો કે શું શુજાઅતનાં જૌહર અબ્દુલ્લાહ ઈબ્ને અલી (અ.) પર છુપાઈ જવાની જગ્યાએથી નેઝો મારીને સમાપ્ત થઈ ગયાં ? લશ્કરમાંથી બહાર નીકળ અને જાફ્રને એ જ નેજાથી આવા આકરા શબ્દોનો જવાબ આપ."

હવે ચારેય તરફથી હાની પર અવાજનો મારો થવા લાગ્યો. તે ખસીયાણો પડી જઈને પાણીનો એક કુંજો મોઢે લગાવીને બહાર નીકળ્યો જો કે, તેના ચહેરા ઉપર મોતનો પરસેવો હતો છતાં સૂર્યની ઉગ્રતાનું પરિણામ સાબિત કરવા માટે લોખંડી ટોપો ઉતારીને રૂમાલથી મોઢું અને માથું

લૂંછતો રહ્યો અને થોડો શ્વાસ લઈને બોલ્યો,

''મારી ખિદમત બજાવવાની ક્રિયામાં શું એ કાફી નથી કે અલી (અ.)ના શેરને મોતના ખોળામાં સૂવાડી ચૂક્યો છું. શું હવે તેનો અર્થ એવો છે કે બાકી વધેલી હુસૈની ફોજમાંથી એકલો હું જ મુકાબલો કરું અને અમારા ફોજના બધા સિપાહીઓ માત્ર ઈનામ અને બક્ષિસનાં સપનાં જોવા માટે પગ ફેલાવીને સૂતેલા રહે ? જો આવી ગૂસપૂસ થઈ ચૂકી છે તો સારું, હું આ જંગ માટે પણ તૈયાર છું, એ શરતે કે મારા સફળ અને કામયાબ થવા પર શામ અને કૂફાની ફોજોને પાછી મોકલી દેવામાં આવે અને માત્ર આઠ દસ જવાનોને પસંદ કરી લેવામાં આવે, કે જેઓ મારી માફક એક એક કરીને બાકીના હુસૈનીઓ સાથે લડે.''

આટલું કહીને શેરનો શિકાર પોતાની ફતેહમંદીના નાપાક વિચાર અને નકલી ઉમ્મીદ પર મોતના મોઢામાં ચાલ્યો ગયો. તકદીર પડદાની પાછળ જોઈ રહી હતી અને તે જાહેરમાં તો નાછૂટકે હસતો હસતો જાફર તરફ નેજો તાણીને આગળ વધ્યો, અને બોલ્યો,

''જાફર ! તમારા ભાઈનો કાતિલ તમારી દા'વત પર આવી રહ્યો છે અને એ જ નેજો લઈને આવ્યો છું કે જેનાથી અબ્દુલ્લાહના પડખાને ચીરી નાખ્યું હતું. જો તમારું મોત મારા હાથે લખાયું ન હોત તો કદાપિ તમે મારું નામ લઈને ટોકતા નહીં.''

આટલું કહીને તે જાફર ઈબ્ને અલી (અ.) ની નજીક આવી ગયો અને નેજાનો ભારે પ્રહાર કરીને એવું ઈચ્છતો હતો કે જાફરને તેની અણી ઉપર ઉઠાવી લે. એટલામાં તો આપે તેના પ્રહારને બચાવી લઈને તલવારની એવી ઝર્બ લગાવી કે તે અઝલી દુશ્મનનો હાથ અને નેજો જમીન પર જઈને પડ્યો. અલી (અ.)ના શેરે ઘોડા ઉપરથી કૂદીને નેજો ઉઠાવી લીધો. હાની ખઝરમી આ જોઈને લશ્કરની તરફ પીઠ ફેરવીને ભાગ્યો, પરંતુ જાફરે છલાંગ લગાવીને પોતાના ઝડપી ગતિવાળા હાથને ઉઠાવ્યો અને પાછળ જઈને શેરના જેવી ઝપટ દેખાડીને નાસી જનારા (દુશ્મન)ને જઈને પકડી લીધો. અને એટલા જોરથી તેનો જ નેજો તેની પીઠ પર માર્યો કે તેની અણી છાતીને તોડીને આરપાર નીકળી ગઈ. આવી રીતે તેને જમીન ઉપર પટકીને નેજાને રોપી દીધો અને તે મલઊનને તરફડતો છોડીને તકબીરનો નાઅરો કહીને જંગલને હલાવી નાખ્યું પછી લલકારીને કહ્યું,

''દિલની તમન્ના પૂરી થઈ ગઈ, પરંતુ કાળજુ તરસને લીધે કબાબ થઈ ગયું છે. અને હવે સાકીએ કૌસરના હાથથી છલોછલ ભરેલો જામ પીવાની એક તમન્ના બીજી પણ છે.''

આટલું કહીને ભાઈના કતલ થવાની જગ્યાની સુવાસ સૂંઘતો સૂંઘતો શેર જમણી અને ડાબી બાજુએ હુમલો કરતો કરતો શહાદતની મેઅરાજની જગ્યાએ જઈ પહોંચ્યો અને ફરમાવ્યું,

''હાં, હાં, મોટા ભાઈ ! માનું દૂધ અને તમારા ખૂનની સુવાસ દિમાગમાં પહોંચી. આવ્યો, ઈમામનો ફિદાઈ ખિદમતમાં આવ્યો.'' બસ આ જગ્યાએ કદમ જમાવીને શેર ઊભો થઈ ગયો. ચારેય તરફથી ફોજો વાદળાંના દળની માફક એકઠી થઈ ગઈ, અને તલવારોની વીજળીઓ ચમકવા લાગી. ધૂળ ઉડવાને લીધે હાથને હાથ દેખાતો ન હતો. તેના ઉપર વળી જાફરના વફાદાર ઘોડાની ઝડપી ગતિ તે બહાદુરની હિંમતની સાથે સાથે જીવતી

રહેશે. જ્યારે કોઈ મલઊનને હુમલા માટે નજીક આવતો જોતા તો (ઘોડો) શેરની માફક અડગ રહેતો હતો. આવી રીતે હુમલાની તમન્ના દિલમાં લઈને આવનાર ઘણા બધા સવારો ઊંધા મોઢે જમીન પર પડીને ઘોડાની ખરીઓ નીચે પાયમાલ થઈ ગયા એટલે સુધી કે ખોલી બિન અસ્બહીએ ઘનઘોર અંધકારમાં એક તીર નાદાન બાળકોની માફક કૂદીને અડસટ્ટે ફેંક્યું, પરંતુ શયતાને તેના ખોટી રીતે મારેલા તીરને જાફરની છાતી પર પહોંચાડી દીધું. કદાચ સઅદી શીરાઝી (રહે.અ.)એ આ પ્રસંગની તરફ પોતાના એક શેઅરમાં ઈશારો કર્યો છે.

ટૂંકમાં, તરસની અતિશયતામાં આ જ પ્રહાર જામે કૌસર પીવાનું કારણ બની ગયો. ‘‘મૌલાહો અદરિકની’’નો અવાજ કર્યો. પરંતુ હઝરત અબ્બાસ (અ.) એવું ઈચ્છતા નહોતા કે મારા ભાઈઓની લાશ ઉઠાવવાની જહેમત પણ ઈમામે આલી મકામને થાય. એટલા માટે સમયના પહેલાં જ અવાજ સાંભળી લીધો હતો અને એટલા માટે ઈમામ (અ.)ના પહેલાં જ પોતાના આ ભાઈની લાશ પર પણ પહોંચી ગયા તો જોયું કે ભાઈના ખૂનમાં ભાઈ આળોટી રહ્યો છે. આવી મોહબ્બત જોઈને શેરદિલ ભાઈનાથી રહી શકાયું નહીં. ઘોડા ઉપરથી કૂદીને મોઢા ઉપર મોઢું રાખી દીધું અને ફરમાવ્યું,

‘‘ભાઈઓની આવી મોહબ્બત પર ભાઈ કુરબાન થઈ જાય ! ઉમ્મુલ બનીનના લાડલાઓ! સૈયદાએ આલમ (અ.)ની ગોદમાં ઉછરેલાની આગળ મને સન્માનિત કરી દીધો, અને આ તમારો જીવનદીપ બુઝાયો નથી, બલ્કે તમે તો ગરીબ માનું નામ રોશન કરી ગયા.’’

મઝલૂમે કરબલા સિરહાને ઊભા છે. હઝરત અબ્બાસ (અ.)ને વિચારોમાં હોવાથી તેની ખબર ન હતી. છેવટે, ઈમામ (અ.)એ ભાઈને ભાઈની લાશથી ઉઠાડીને કહ્યું,

‘‘મારા શેર ! મને પણ ભાઈની સાથે આખર સમયે ભેટી લેવા દો. ૨૫ વર્ષનો સથવારો છૂટે છે.’’

આટલું કહીને હઝરત (અ.)એ જાફરની છાતી ઉપર મોઢું મૂકીને કહ્યું,

‘‘ હાં, હાં, ભૈયા ! મને સાથ આપવા માટે તમે કીના વગરના સીના પર તીર ખાધું અને પોતાની જુદાઈનો દાગ મારા સીના પર લગાવી ગયા. શું મહેરબાન મા ઉમ્મુલ બનીને આ દિવસ માટે તમને મહેનતો કરીને ઉછેર્યા હતા કે આવી રીતે હુસૈન પર કિંમતી જીવો ગુમાવી દો ? સારું, જે ઈચ્છો તે કરો. હુસૈન તો આજે બચવાનો નથી. અને એક કલાકમાં તો તમારી પાછળ પાછળ આવે છે, અને સાચું પણ છે, કેમ કે જેના કડીયલ શેર એક પછી એક છોડી છોડીને વિદાય થઈ જાય તે હાથપગ વગરનો, એકલો અટુલો, મદદગાર અને સાથ વગરનો ક્યાં રહે ? અને કોના માટે જીવતો રહે ?’’

હઝરત આવી રીતે ફરમાવી રહ્યા હતા એવામાં જાફર ઈબ્ને અલી (અ.)એ છેલ્લો શ્વાસ લીધો અને શરીર રૂપી પીંજરામાંથી રૂહ રૂપી પંખી કૌસર તરફ ઊડી ગયું. મારી અને મોમિનોની દુનિયાની રૂહો આ ઉડ્ડયન પર કુરબાન થઈ જાય કે જેની કલ્પનામાં કૌસરની લહેરો નજરે પડી રહી છે.

હઝરત અબ્બાસ (અ.)એ દરેક વખતની માફક ગુજરી ગયેલા મુજાહિદની લાશને ઘોડા ઉપર મૂકી અને ગંજે શહીદાની તરફ સર ઝુકાવીને ઘોડાની સાથે પગપાળા રવાના થયા.

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**જનાબે અલી (અ.)ની ઈસ્લામ લાવવામાં પહેલ**

અલ્લામા ઈબ્ને જરીર તબરીએ પોતાની કિતાબ તારીખુર્રરસૂલમાં ત્યાર બાદ આ શબ્દોમાં રિવાયત કરી છે કે ઈસ્લામ લાવ્યા પછી અફીફના દિલમાં ઈસ્લામનો ઘણો જ પ્રભાવ પડ્યો તો તે કહ્યા કરતા હતા કે કાશ ! હું પણ એ ત્રણની સાથે ચોથો હોત. તો પછી જનાબે અબ્બાસના આ કોલ (આખી જમીન ઉપર તે ત્રણ વ્યક્તિઓ સિવાય કોઈ બીજો આ દીન ઉપર નથી.) પરથી સાબિત થાય છે કે હજુ પણ જનાબે અબૂ બક્ર ઈસ્લામ લાવ્યા ન હતા તેના પહેલાં જનાબે અલી (અ.)નું ઈસ્લામ લાવવું અફીફ કિન્દી પર સ્પષ્ટ થઈ ચૂક્યું હતું. અને શબ્દ (هولاءثلثة)ના બંધનથી અને અફીફના આ કહેવાથી કે કાશ ! એ સમયે હું ઈસ્લામ લાવતો તો હું ઈસ્લામ લાવવામાં ચોથો હોત. સ્પષ્ટ વાત હતી કે અત્યાર સુધી જનાબે અબૂ બક્ર ઈસ્લામથી મુશર્રફ નહોતા થયા, નહીંતર હઝરત અબ્બાસ (هولاءثلثة)ના બંધન ન લગાવતા અને અફીફ, ચોથો છું એવું ન કહેતા, બલ્કે પાંચમો છું એવું કહેતા. તો પછી આવો ક્યાસ હું નથી કરી શકતો કે આ રહસ્ય જનાબે અબ્બાસને ખબર હોય અને અબૂ તાલિબથી છુપાયેલું હોય. કેટલાક કહે છે કે જનાબ અલી (અ.)ની ઈસ્લામમાં પ્રાથમિકતાને સ્વીકારીને આવું કહે છે કે હઝરત અલી (અ.) નો ઈસ્લામ કુરેશના સરદારોના ઈસ્લામની બરાબર ફઝીલત નથી ધરાવતો, કારણ કે સરવરે આલમની બેઅસતના સમયે જનાબે અલી (અ.) યુવાઅવસ્થાએ પહોંચ્યા ન હતા. તો હવે ખુદ અલી (અ.)ના કોલ મુજબ : "મેં તમારા ઉપર એવી હાલતમાં ઈસ્લામ લાવવામાં પ્રાથમિકતા કરી હતી કે જ્યારે હું બાલ્યાવસ્થામાં હતો અને સપનાં જોવાની હદ સુધી નહોતો પહોંચ્યો."

**ઈસ્લામ લાવવાના સમયે જનાબે અમીરુલ મોમિનીન (અ.)ની ઉંમર**

જો એક બાલ્યાવસ્થા બાળકનું ઈસ્લામ કુરેશના સરદારોથી ઉત્તમ ન થઈ શકે તો તેનો જવાબ બે પ્રકારે વર્ણવી શકાય :

(૧) કેટલાકનું કહેવું છે કે ઈસ્લામથી મુશર્રફ થવાના સમયે હઝરત અલી (અ.) પંદર અથવા સોળ વર્ષના હતા, પરંતુ સૌથી વધારે વિશ્વાસપાત્ર કોલ અબ્દુલ્લાહ બિન ઉમરનો છે, તેઓ કહે છે કે આપ (અ.) તે સમયે તેર વર્ષના હતા અને અબૂ

ઉમરે આ કોલને સાચો ઠેરવ્યો છે. (ઈસ્તીઆબમાં જુઓ.) એથી વધુ સાબિતી જનાબ મોહંમદ હન્ફીયાની રિવાયતથી મળે છે કે તો જનાબે અલી (અ.)ની ઉંમર ૨૫ વર્ષની બતાવે છે. (અસદુલ ગાબા) મારીફે પણ જનાબે અબૂ જાફર મોહંમદ બિન અલી રઝા (અ.)થી હઝરત અમીર (અ.)ની ઉંમર એટલી જ રિવાયત કરી છે. અને મુતાલિબુલ સોલ કમાલુદ્દીન મોહંમદ તલ્હા અશ્શાફઈએ પણ તેને સાચું ઠેરવ્યું છે.

પરિણામે, જ્યારે કે વહીના નાઝિલ થવા પછી કોઈ પણ તફાવત વગર આંહઝરત (સ.) ૩૩ વર્ષ આ ફાની દુનિયાને રોનક આપતા રહ્યા અને આંહઝરત (સ.)ના ઈન્તિકાલ પછી જનાબે અમીર (અ.) ૨૯.૫ વર્ષ જીવતા રહ્યા, એટલે કે ૬૫ વર્ષમાંથી ૨૩ અને ૨૯.૫ બાદ કરી દઈએ તો ૧૨.૫ વર્ષ બાકી રહે.

આનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે જનાબે અમીર એ સમયે ઈસ્લામ લાવ્યા કે જ્યારે તેઓ પુખ્તવયના પણ નહોતા થયા. અને અલ્લાહે બક્ષેલી બુધ્ધિમાં પણ પરિપક્વતા આવી ગઈ હતી, ન એવું કે એકદમ બાળપણની દુનિયામાં હોય.

(૨) જો આમ પણ માની લેવામાં આવે કે જનાબે અમીર (અ.) ઈસ્લામ લાવવાના સમયે પુખ્તવયના ન હતા તો એના પર કોઈ શરઈ દલીલ ઉપલબ્ધ નથી, અને એવું પણ નથી કે બાળપણમાં અકલમંદ, હોંશિયાર અને મજબૂત બાળકનો ઈસ્લામ કબૂલ ન કરવામાં આવે.

આ જ કારણે ઈમામ અબૂ ફનીફા કૂફીની નજીક એક એવું અકલમંદ બાળક કે જે હજુ પુખ્તવયે પહોંચ્યું ન હોય તેનો ઈસ્લામ સ્વીકાર્ય છે.

શેખ કાસિમ હનફી પોતાની મસ્નદ કે જેનું નામ મસ્નદ અબૂ હનીફ છે તેમાં લખે છે કે ઈસ્માઈલ બિન ઈદરીસે અમારાથી રિવાયત કરી છે અને તેણે પોતાના વાલિદથી સાંભળ્યું છે કે તે કહે છે કે મને હસન બિન ઝૈદ બિન અલ હસન બિન અલી બિન અબી તાલિબ (અ.) બયાન કરતા હતા કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ અલી (અ.)ને ઈસ્લામની દા'વત આપી ત્યારે તે ૯ વર્ષ અથવા તો તેથી ઓછી ઉંમરના હતા અને તેમણે બાળપણથી જ બુતોની પૂજા નહોતી કરી. ત્યાર બાદ શેખ કાસિમ કહે છે કે જો નાની ઉંમરના બાળકોનું ઈસ્લામ કબૂલ ન થતું હોત તો આંહઝરત (સ.) હઝરત અલી (અ.)ને ઈસ્લામનું આમંત્રણ ન આપત. એવી જ રીતે આંહઝરત (સ.)એ સહાબીઓના મોટાભાગના બાળકોને ઈસ્લામની તરફ આમંત્રણ આપીને તેમનો ઈસ્લામ કબૂલ કર્યો હતો.

જેવું કે અહાદીસની કિતાબોમાં સ્પષ્ટ જોવા મળે છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર અને અબ્દુલ્લાહ ઈબ્ને જાફર અને જાફર બિન ઝુબૈરે આંહઝરત (સ.)ની બૈઅત કરી અને તેમની ઉંમર સાત વર્ષની હતી.

હાફિઝ અબૂ નઈમ અને ઈબ્ને અસાકિર અને તબરાની ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરે છે કે આંહઝરત (સ.)એ જનાબ ઈમામ હસન અને ઈમામ હુસૈન અને અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન જાફરની બૈઅત કબૂલ ફરમાવી ત્યારે તેઓ હજુ પુખ્તવયના થયા

ન હતા.

એના સિવાય આ પણ જનાબે અમીર (અ.) ની ફઝીલત માટે કાફી છે. તેઓ એવી ઉંમરમાં ઈસ્લામ લાવ્યા કે જેમાં બાળકોનો સ્વભાવ ખેલકૂદ તરફ વળેલો હોય છે, જેમ કે તોહીદના રહસ્યોનું સમજવું, નબીના આદેશ પ્રમાણે અમલ કરવો, અને મઆદની હકીકત સુધી પહોંચવું તેમની સમજણની બહાર હોય છે. તો પછી આ ઉંમરમાં જનાબ અમીર (અ.)નું ઈસ્લામ લાવવું સ્પષ્ટ જાહેર કરે છે કે આપ (અ.) બાળપણમાં જ અલ્લાહ તરફથી મળેલી બુધ્ધિના વસીલાથી શ્રેષ્ઠતા સુધી પહોંચી ગયા હતા કે જેને સમજવા મોટા મોટા કુરેશના સરદારોની બુધ્ધિઓને આઘાત લાગ્યો હતો.

**જનાબે અમીર (અ.)નું ક્યારેય બુતપરસ્તી ન કરવું**

જાબિર (રઝી.)થી મન્કૂલ છે કે આંહઝરત (સ.)એ ઈર્શાદ કર્યો છે કે ત્રણ વ્યક્તિએ ક્યારેય અલ્લાહથી કુફ્ર નથી કર્યું, મોમિને ઈલ્યાસી (હઝરત યૂશોઅ પર ઈમાન લાવનાર) અને અલી બિન અબીતાલિબ (અ.) અને ફિરઓનની પત્ની જનાબે આસિયા.

હસન બિન મદાયની (રહે.) કહે છે કે જનાબે અમીર (અ.)એ બાળપણમાં ક્યારેય બુતપરસ્તી નથી કરી એ જ કારણે તેમને કરમુલ્લાહ વજ્હૂ (كرم الله وجهه) કહેવામાં આવે છે. એટલે અલ્લાહે તેમના ચહેરાને શ્રેષ્ઠ કર્યો કે તે બુતોની આગળ નથી ઝુકયા. અને આ લકબ આપ (અ.)ના સિવાય બીજા કોઈ અસ્હાબના હકમાં લખવામાં નથી આવતો.

(નુઝૂલુલ અબરાર, અલ્લામા બદખશી)


## શિફા હોમિયોપેથિક દવાખાનું, વડનગર

દરેક પ્રકારના રોગો માટે હોમિયોપેથિક દવા અસરકારક છે તેમજ તેની કોઇ આડઅસર પણ નથી.

**::::: ઉપલબ્ધ સારવાર :::::**

**પેટના રોગો :** ગેસ, એસીડીટી, કબજિયાત, હરસ, મસા
**ચામડીના રોગો :** સફેદ દાગ, સોરિયાસિસ, કણી, ખરજવું, એલર્જી
**હાડકાના રોગો :** દરેક પ્રકારનો વા, સાયટીકા, કમરનો દુ:ખાવો
**નાક, કાન, ગળાના રોગો :** સતત છીંક આવવી, નાકનો મસો, દમ, સાયનસ, કાનમાંથી પરુ આવવું, વારંવાર કાકડા ફુલવા
**સ્ત્રીના રોગો :** અનિયમિતા, સફેદ પાણી પડવું, વંધ્યત્વ
**પુરુષના રોગો :** પ્રોસ્ટેટ, ઈમ્પોટન્સી, થાઈરોઈડ, ડાયાબીટીસ, માઈગ્રેન (આધાશીશી), પથારીમાં પેશાબ થવો
માનસિક રોગો

ઓપરેશન ટાળી શકાય એવા રોગો જેવા કે, નાકનો મસો, શરીર પરનો મસો, કાકડા ફુલવા, પિતાશય તેમજ કીડનીની પથરી માટે ખાસ મળવું.

**ડૉ.અહેમદઅબ્બાસ ધરખડ**

સમય : સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ સુધી, રવિવારે રજા
નોંધ : ફોન કરીને આવવું (એપોઈન્ટમેન્ટ લેવી) મો : ૯૭૨૩૩૮૯૬૧૩

સ્થળ : સ્પાન કોમ્પ્લેક્ષ, પૃથ્વી હોટલની સામે, પોલિટેકનિક રોડ, વડનગર

JTC

# જાફરી ટ્રાવેલ કન્સલ્ટન્ટ

## હજ-ઉમ્રા-ઝિયારત

સલામના તોહફા બાદ તમામ મોમિનોને જાણ કરતાં ખુશી અનુભવું છું કે વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં મોહર્રમ અને ઉમ્રા ઝિયારતમાં જવા માટે ટૂરનું આયોજન કરેલ છે. તો આ પાક મુકદ્દસ જગ્યાઓ પર જવા ઈચ્છતા મોમિનોએ મારો સંપર્ક કરવો.

**ઉમ્રા-ઝિયારત**

એપ્રિલ ૨૦૧૭
(ઇ.અ)
૩ શાબાન અને
૧૫ શાબાન કરબલામાં થશે.

**ઝિયારત (ઇરાક-ઇરાન)**

ટુર રવાનગી (ઇ.અ)
તારીખ : ૩૦-૯-૨૦૧૬
૨૭ દિવસ

**નોંધ : નીચેના મોબાઈલ પર કોન્ટેક ન થાય તો તેજ નંબર પર વોટ્સઅપ ધ્વારા કોન્ટેક કરવો.**

આયોજક

**જનાબ સજ્જાદ હૈદર જાફરી**

મો. ૦૯૮૯૮૬ ૬૪૩૩૬, ૦૯૯૨૫૨ ૨૫૪૪૦
ફોન નં. ૦૭૯-૬૫૧૨૩૪૫૮

# રોજીમાં વધારો થવાના સબબ ભાગ-૩

**સંકલન : મોલ્વી ખાદિમહુસૈન (મોલીપુરવાળા)**

**ઈમાન અને તકવો રોજીમાં વધારો કરે છે.**

રોજીના વધારાના કારણમાં એક અન્ય કારણ ઈમાન અને તકવો પણ છે કે જેને જિંદગીમાં ઈખ્તિયાર કરવાથી રોજીમાં વધારો થાય છે.

અલ્લાહ તઆલા સૂરા અઅ્રાફ, સૂરા-૭, આયત-૯૬માં ફરમાવે છે :

وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰۤى اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ...﴿۹۶﴾

*(અને જો શહેરોમાં રહેવાવાળા ઈમાન લઈ આવતા અને તકવો ઈખ્તિયાર કરી લેતા તો અમે આસમાન અને જમીનના બરકતોના દરવાજા તેમના પર ખોલી દેતા.)*

અહીં અલ્લાહે તકવા અને ઈમાનને ઈખ્તિયાર કરવાવાળાઓ માટે જમીન અને આસમાનના બરકતના દરવાજા ખોલી નાખવાનું વચન આપ્યું. એટલે કે જો માણસ બેઈમાની, ખયાનત, નાઈન્સાફી, જુલ્મ, અલ્લાહના હુકમોની નાફરમાની, ગુના જેવાં કાર્યોને છોડી દઈ ઈલાહી પૈગામને મહત્ત્વ આપે, ઈમાનદારીસભર નૈતિકતા કાયમ જાળવે અને જેનાથી દૂર રહેવાનું કહ્યું છે, તેનાથી દૂર રહે તો અલ્લાહના વચન પ્રમાણે તે બંદો જરૂર જમીન અને આસમાન એમ બન્ને બાજુએથી તેની બરકતો પોતાના જીવનમાં શામેલ થયેલી જોશે.

આયતમાં વાપરવામાં આવેલો શબ્દ, 'بَرَكٰت', (બર્કાત) બહુવચન છે 'બરકત'નું. આપણે જાણીએ છીએ કે જે નેઅમત અથવા વસ્તુ લાંબા સમય માટે ટકે તેને બરકત કહેવાય છે અને તેની વિરુધ્ધ જે જલ્દીથી ખતમ થઈ જાય છે તે વસ્તુ બરકત વગરની કહેવાય છે.

અલ્લાહના વાયદામાં જોવામાં આવશે તો તકવો બંદા માટે મુશ્કેલીમાંથી નજાત અને રોજીની બરકતનું પણ કારણ છે.

સૂરા તલાક, સૂરા-૬૫, આયત-૨ અને ૩માં ઈર્શાદ થયો :

...وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ﴿۲﴾

*(અને જે માણસ અલ્લાહનો તકવો ઈખ્તિયાર કરી લે છે તો અલ્લાહ તેના માટે (મુશ્કેલીમાંથી) નીકળવાનો રસ્તો કાઢી દે છે.)*

وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ؕ

*(અને તેને એવી જગ્યાએથી રોજી આપે છે કે જ્યાંથી તેને ગુમાન પણ હોતું નથી,)*

وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ اِنَّ اللّٰهَ بَالِغُ اَمْرِهٖ ؕ قَدْ جَعَلَ اللّٰهُ لِكُلِّ شَىْءٍ قَدْرًا ﴿۳﴾

*(અને જે અલ્લાહ પર તવક્કુલ રાખે છે તો તે તેના માટે પૂરતો છે, ખરેખર અલ્લાહ તેના અંજામને પૂર્ણતા સુધી પહોંચાડીને જ રહે છે, અને અલ્લાહે દરેક વસ્તુ માટે એક અંદાજો નક્કી કરી દીધો છે.)*

આ આયતોમાં તકવો કરનારા અને તવક્કુલ

કરનારા માટે અલ્લાહનો એક ઉમ્મીદવાળો વાયદો એ છે કે અલ્લાહનો લુત્ફ તેને પોતાની પનાહમાં લઈ લેશે, તેને મુશ્કેલીઓમાં મજબૂતીથી પસાર કરી દેશે, ખુશનસીબી તરફ તેની રાહનુમાઈ કરશે, રોજીની મુશ્કેલીઓને બરતરફ કરી દેશે, અને અંધકારમય વાદળોને તેની જિંદગીના આસમાનથી હટાવી દેશે.

એટલે કે આ આયતો નાઉમ્મીદીના પડદાને ચાક કરી દે છે અને દિલમાં ઉમ્મીદની ચિનગારી પેદા કરે છે, અને બધા તકવાવાળા અને તવક્કુલ ધરાવનારા લોકોને નજાત, મુશ્કેલીઓનો હલ અને રોજીના વધારાની ઉમ્મીદ જગાડે છે.

જરા સાંભળો તો ખરા ! અલ્લાહે કેટલું ભારપૂર્વક કહ્યું છે :

...وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللهِ فَهُوَ حَسْبُهٗ ؕ اِنَّ اللهَ بَالِغُ اَمْرِهٖ ؕ ...

*(અને જે અલ્લાહ પર તવક્કુલ રાખે છે તો તે તેના માટે પૂરતો છે, ખરેખર અલ્લાહ તેના અંજામને પૂર્ણતા સુધી પહોંચાડીને જ રહે છે.)*

હા, ખરેખર તકવો અને અલ્લાહ પરનો ભરોસો તેના એક સાચા બંદા માટે પૂરતો છે, અને તે તેની દરેક મુશ્કેલીઓનો હલ છે. આ હકીકતને જરા રસૂલલ્લાહ (સ.)ના મોઢે સાંભળીએ અને વધુ સંતોષ પેદા કરીએ.

(હઝરત અબૂઝર ગિફારી (રઝી.)થી રિવાયત નકલ કરવામાં આવી છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું :

اِنِّیْ لَاَعْرِفُ آيَةً مِّنْ كِتَابِ اللهِ لَوْ اَخَذَ بِمَا جَمِيْعُ النَّاسِ كَفَتْهُمْ، قَالُوْ يَا رَسُوْلَ اللهِ مَا هِيَ؟ فَقَالَ

(હું અલ્લાહની કિતાબની એક એવી આયત જાણું છું કે જો દુનિયાના બધા લોકો તેનો દામન થામી લે તો તે બધા માટે કાફી થઈ જાય. આપને પૂછવામાં આવ્યું, "યા રસૂલલ્લાહ ! તે આયત કઈ છે ?)

તો આપે જવાબમાં ફરમાવ્યું :

...وَمَنْ يَّتَّقِ اللهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ...

(અને જે માણસ અલ્લાહનો તકવો ઈખ્તિયાર કરી લે છે તો અલ્લાહ તેના માટે (મુશ્કેલીમાંથી) નીકળવાનો રસ્તો કાઢી દે છે, અને તેને એવી જગ્યાએથી રોજી આપે છે કે જ્યાંથી તેને ગુમાન પણ હોતું નથી.)

એટલે કે જેણે તકવો ઈખ્તિયાર કર્યો અને અલ્લાહ પર તવક્કુલ રાખ્યો સમજો, તેની દરેક મુરાદો પણ પૂર્ણ થઈ ગઈ, અને તેની બધી જ મુશ્કેલીઓનો અંત આવી ગયો.

અને તે તકવા અને તવક્કુલથી માત્ર આ દુનિયામાં જ નહીં, પરંતુ વધુમાં, આ આયતની તફસીરમાં આપ (સ.)થી નકલ થયું છે કે,

આપ (સ.)એ ફરમાવ્યું, "અલ્લાહ તકવો કરનારાઓને દુન્યવી મુશ્કેલીઓ, મોતની સખ્તી અને કયામતની વિપત્તિઓથી નજાત આપશે."

આ હદીસ એ વાતની દલીલ છે કે તકવો માત્ર આ દુનિયાની જ મુશ્કેલીઓથી નજાત નથી આપતો, પરંતુ મોતથી લઈને છેક કયામતની વિપત્તિઓથી પણ મુક્તિ અપાવનારો છે.

અહીં નોંધેલી આ આયતની નુઝૂલની હકીકત ઈન્શાઅલ્લાહ આપણી વાતને વધુ મજબૂત બનાવશે.

તફસીરકારોની એક જમાઅતનું કહેવું છે કે ઉપરવાળી આયત, 'وَ مَنۡ یَّتَّقِ اللّٰهَ' ઔફ બિન માલિકના બારામાં નાઝિલ થઈ છે કે જે અસ્હાબે પયગમ્બરમાંથી હતા. જ્યારે ઈસ્લામના દુશ્મનોએ તેમના દીકરાને કેદ કરી લીધો તો તેઓ રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં આવ્યા અને તેમના દીકરાની આ હકીકત અને સાથે સાથે પોતાની ગરીબાઈ તેમ જ તંગદસ્તીની શિકાયત કરી. ત્યારે આપ (સ.)એ ફરમાવ્યું, જા, તકવો ઈખ્તિયાર કર અને સબ્ર કર અને આ કલેમા, 'لَاحَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ'નો વધુ ઝિક્ર કર્યા કર. જ્યારે રસૂલલ્લાહ (સ.)ના કહેવા અને બતાવ્યા પ્રમાણે તે સહાબીએ આ કાર્યને અંજામ આપ્યું, તો અચાનક જ જોયું કે તેઓ પોતાના ઘરમાં બેઠેલા હતા કે એકાએક તેમનો દીકરો તેમની નજરો સામે આવીને ઊભો રહ્યો. જાણવા મળ્યું કે તે દુશ્મનની એક ક્ષણની ગફલતના કારણે તેમની પાસેથી ભાગીને આવી ગયો છે એટલે સુધી કે દુશ્મનનો ઊંટ પણ પોતાની સાથે લઈ આવ્યો છે. આ એ સમય હતો કે જ્યારે ઉપરવાળી આયત, 'وَمَنۡ یَّتَّقِ اللّٰهَ' નાઝિલ થઈ હતી.

આ વાતે પૂરાવો આપ્યો કે અલ્લાહ અને તેના રસૂલ (સ.)ના વચન પ્રમાણે આ તકવો કરનારા સહાબીની મુશ્કિલકુશાઈ પણ થઈ અને જ્યાંથી તેમને ઉમ્મીદ ન હતી ત્યાંથી રોજીની ખબર પણ મળી, અને પોતાની દરેક મુશ્કેલીઓનો અંત આવ્યો. આપણે પણ અલ્લાહ અને તેના રસૂલ (સ.)ના વાયદા પ્રમાણે ઈમાનદારી અને તકવો ઈખ્તિયાર કરીને આપણી પણ બધી મુશ્કેલીઓ આસાન કરી શકીએ છીએ, અને વિશાળ પ્રમાણમાં રોજીને આપણી તરફ દા'વત આપી શકીએ છીએ.

હા, અહીં એ વાતનો ખુલાસો કરવો પણ જરૂરી છે કે આ આયતનો મકસદ એ નથી કે માણસ પોતાની મહેનત અને કોશિશ બિલકુલ છોડી દે અને એમ કહે કે હું તો ઘરમાં બેસી રહીને તકવો ઈખ્તિયાર કરીશ અને જબાનથી કલેમા, 'لَاحَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ'નો ઝિક્ર કરતો રહીશ, તો મને એવી જગ્યાએથી રોજી મળી જશે કે જેનું મને ગુમાન પણ નહીં હોય, આ આયતનો હરગિઝ એ મકસદ નથી. પરંતુ તકવો મહેનત અને કોશિશની સાથે છે એ રીતે કે જો માણસ તકવા અને ઈમાનદારીની સાથે રોજીની કોશિશ અને મહેનત કરે તો તેના માટે જરૂર અલ્લાહે રોજીના દરવાજા ખોલવાની જવાબદારી લીધી છે.

આ ચર્ચાના સંદર્ભમાં જે એક વાત હંમેશાં લોકોની જીભે સાંભળવા મળે છે તે એ છે કે જો ઈમાન અને તકવો અલ્લાહની બરકતના નુઝૂલનું કારણ હોય અને તેના વિરુધ્ધ બેઈમાની અને ગુના, તેની બરકતને ખતમ કરી નાખે છે તો પછી તેનું શું કારણ છે કે ઘણી વખતે તેના વિરુધ્ધ એવું જોવામાં આવે છે કે બેઈમાન લોકો એશ આરામમાં દેખાય છે જ્યારે કે ઈમાનદાર લોકો પરેશાની અને મુશ્કેલીઓમાં નજરે પડે છે ?

આ સવાલનો જવાબ આ બે નુક્તાઓને ધ્યાનમાં લેવામાં આવે તો જરૂર મળી આવશે.

1. આ દ્રષ્ટિથી જોવું કે બેઈમાન અને ગુનેગાર લોકો નેઅમતમાં ડૂબેલા છે તે ઘણી આશ્ચર્યજનક વાત છે. તે એટલા માટે કે માલ દોલતને તેની ખુશકિસ્મતીનું કારણ સમજવામાં

આવી રહ્યું છે. સામાન્ય રીતે લોકો એવું સમજે છે જે કોમ કે કબીલો માલ દોલતની બાબતમાં તરક્કી કરી રહ્યો હોય તે જ ભાગ્યશાળી છે. જો કે, આ કોમ કે કબીલાની બાતિની અને આંતરિક હાલતને જોવામાં આવશે તો તેમાં એવાં દુઃખો અને મોટી મોટી મુસીબતો જોવામાં આવશે કે જેણે આ કોમ કે કબીલાને છિન્નભિન્ન કરી નાખેલ હશે. આ દુઃખો અને દર્દોને જોયા પછી આપણે માનવું પડશે કે આ કોમ કે કબીલામાં પણ લાખો વ્યક્તિઓ એવા છે કે જે જમીન પર રહેનારાઓમાં જાણે કે સૌથી મોટા બદકિસ્મત છે. સાથે આ પણ યાદ રાખવા જેવું છે કે આ જેટલી પણ તેમને તરક્કી મળી રહી છે તે પણ તેમની કોશિશ, મહેનત અને અડગ મનોબળ જેવા ઉસૂલોને અપનાવવાના કારણે છે કે જે ખરેખર તો નબીઓએ આપેલી તાલીમોનો જ અસલ પાયો છે.

માત્ર ભૌતિક અને આર્થિક તરક્કી જ ખુશકિસ્મતીનું કારણ નથી, તેમાં પણ અશાંતિ અને મુશ્કેલીઓ ભરેલી પડેલી દેખાય છે. આપણી આજુબાજુ દુનિયામાં તેના હજારો દાખલા મળી આવે એમ છે, પરંતુ અહીં ચર્ચાની સ્પષ્ટતા માટે માત્ર એક બનાવ જોઈ જઈએ.

અમૂક વર્ષો પહેલાં અખ્બારમાં એક 'ન્યૂયોર્ક'ની એક એવી ખબર છપાયેલી હતી. જો કે, આ શહેર દુનિયામાં ભૌતિક રીતે વિકાસ પામેલું અને તરક્કીવાળું શહેર ગણાય છે. ત્યાં એક દિવસે એવો બનાવ બન્યો કે એકાએક વીજળી ચાલી ગઈ કે જે સામાન્ય રીતે આમ શહેરોમાં પણ ચાલી જાય છે, પરંતુ ન્યૂયોર્કમાં તો એક અજબ જેવો હંગામો થઈ ગયો કે કેટલાક લોકોએ તો દુકાનો પર લૂંટફાટ શરૂ કરી દીધી અને જે જેના હાથમાં આવ્યું તે ત્યાંથી લઈને ચાલ્યો ગયો. ઘણી બધી દુકાનો તો પૂરેપૂરી લૂંટાઈ ગઈ, એટલે સુધી કે પોલિસે ત્રણ હજાર લૂંટફાટ કરનારાઓની ધરપકડ કરી.

આ વાત તો ચોક્કસ છે કે લૂંટફાટ કરનારાઓની સંખ્યા આનાથી પણ વધારે હતી, કારણ કે ત્રણ હજાર તો એવા હતા કે જે સમયે ભાગી ન શક્યા અને મોંકા પર જ પોલિસે તેમની ધરપકડ કરી. તો વાત જાહેર એ થાય છે કે આ ધરપકડ થયેલા લોકો કોઈ ચોર કે ડાકૂ ન હતા, ન તો એ પહેલાંથી ચોરી કે લૂંટફાટ કરવા તૈયાર હતા, કારણ કે આ તો અચાનક બનેલો એક બનાવ હતો. નતીજો એ નીકળ્યો કે એક ભૌતિક રીતે વિકાસ પામેલા અને તરક્કીવાળા શહેરના હજારો માણસો થોડીક જ વારમાં પોતાનો ઈન્સાની જામો ઉતારીને ડાકૂ અને લૂંટારા બની જાય, આ ન કોઈ એક કોમ કે કબીલાના અખ્લાકની નીચતાની દલીલ છે, પરંતુ આ તો એ વાતની પણ દલીલ છે કે તેમની સામૂહિક જિંદગી અમન અને શાંતિ વગરની અને ચિંતાથી ભરેલી દુઃખદાયક જિંદગી છે. જો કે, તેના વિરુધ્ધમાં પૂર્વના કેટલાક શહેરોમાં સામાન્ય રીતે વીજળીનો કાપ મૂકાય છે, છતાં આવી મુશ્કેલી ત્યાં ઊભી થતી નથી.

આ વાતથી જાહેર થાય છે કે 'ન્યૂયોર્ક' જેવા શહેરોએ આર્થિક વિકાસ તો કરી દીધો છે, પરંતુ ત્યાં સલામતી અને અમનની ઘણીખરી અછત દેખાઈ રહી છે. તે સિવાય આંખોથી જોનારા ગવાહોનું બયાન છે કે એવી જગ્યાએ તો માણસને મારી નાખવો તે તેમના માટે ઘૂંટ પાણી પી લેવાની

જેમ આસાન છે. જો કે, આપણે જાણીએ છીએ કે સલામતી અને અમન ન હોય તે મુશ્કેલીઓમાંની એક મહાન મુશ્કેલી છે. અને તે સિવાયની અનેક બીજી પણ કેટલીક કોણ જાણે કેટલી મુશ્કેલીઓ છે કે જેમનામાં તેઓ સપડાયેલા છે. આમ આ રીતે હકીકતને જોવાથી સ્પષ્ટ થાય છે કે માત્ર આર્થિક વિકાસને જ ખુશનસીબી ન માની શકાય.

2. હવે રહી એ વાત કે જેના વિષે એવું કહેવામાં આવે છે કે જે લોકો ઈમાનદાર અને પરહેઝગાર છે, તેઓ કેમ માલ અને ઈલ્મ રૂપી નફામાં પાછળ છે અને પરેશાન છે ? પહેલાં તો અમે તેના જવાબમાં પૂછીશું કે તેમના ઈમાન અને પરહેઝગારીથી આપ શું મુરાદ લો છો ? જો તેનો જવાબ એ છે કે તેઓ ઈસ્લામના દાવેદાર છે, જબાનથી કલેમાનો ઉચ્ચાર કરે છે અને તેમનો દાવો છે કે તેઓ નબીઓની સીરત પર ચાલે છે તો અમે તેમની આ વાતને કબૂલ કરીએ છીએ, પરંતુ એટલું કહીએ છીએ કે ઈમાનદારી અને પરહેઝગારીની અસલ હકીકત એના સિવાય કાંઈ નથી કે આ બન્ને વસ્તુઓ (ઈમાનદારી અને પરહેઝગારી) માણસના આમાલ અને જિંદગીના દરેક ક્ષેત્રમાં લાગું થાય છે અને આ એક એવી સિફત અને ગુણ છે કે જે માત્ર દાવો કરવાથી હાંસિલ થતી નથી.

મહાન અફસોસની સાથે કહેવું પડે છે કે ઘણા બધા ઈસ્લામી મુલકો અને શહેરોમાં આજે ઈસ્લામી તાલીમ અને પયગમ્બર (સ.)ના ફરમાનો કાં તો પૂર્ણ રીતે કે કાં પછી અપૂર્ણ રીતે છોડવામાં આવી રહ્યા છે. અને હકીકતની દ્રષ્ટિએ આજના મુલકો અને શહેરોમાં ઈસ્લામી ચહેરો એટલો બધો બદલાઈ ચૂક્યો છે કે જેને ખરેખર ઈસ્લામી ચહેરો કહી શકાતો નથી.

કારણ કે ઈસ્લામ તો પાકદામની, નેકી, અમાનતદારી, અને સતત કોશિશની તરફ દા'વત આપે છે તે અમાનતદારી અને જદ્દોજેહદ ક્યાં છે ? ઈસ્લામ ઈલ્મ અને જ્ઞાનની તરફ દા'વત આપે છે, પરંતુ તે ઈલ્મ અને જ્ઞાન ક્યાં છે ? ઈસ્લામ ઈત્તેહાદ, ઈન્ફાક અને ફિદાકારીની તરફ બોલાવે છે શું હકીકતમાં આજે મુસલમાનોમાં આવી હકીકત જોવા મળે છે ખરી ? શું તેના હોવા છતાંય તેઓ પરેશાન છે અને ઓછો નફો મેળવી રહ્યા છે ? છેવટે આપણે એવું માનવું પડશે કે હકીકી ઈસ્લામની શક્લો સૂરત કોઈ ઓર છે, અને આપણે ચાલી રહ્યા છીએ તે કોઈ જુદી જ રીત છે.

આ ચર્ચાનો સારાંશ એ જ કે અલ્લાહ અને તેના રસૂલ (સ.)ના એ વાયદા તો સાચા જ છે કે ઈમાન અને તકવો માણસની મુશ્કેલીઓને દૂર કરે છે અને તેની રોજીમાં બરકત કરે છે કે જેમાં લેશ માત્ર શંકા નથી, પરંતુ શબ્દોમાં કે અમલી રીતે તેનું સાચું અર્થઘટન ન કરવાના કારણે કદાચ આપણને અલ્લાહ અને તેના રસૂલ (સ.)ના વાયદાઓ નજરો નજર દેખાતા નથી કે તેનો અનુભવ થતો નથી. ઈન્શાઅલ્લાહ જે માણસ ઈમાન અને તકવાની સાથે મહેનત અને કોશિશને પણ પોતાના જીવનનો ભાગ બનાવશે, તે પોતાની નજરો નજર અલ્લાહ અને તેના રસૂલ (સ.)ના વાયદાને જોઈ લેશે, અને જરૂરથી માત્ર તેની જીભ જ નહીં, પણ તેનું દિલ પણ બોલી ઉઠશે કે,

...وَمَنْ يَتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا وَّيَرْزُقْهُ مِنْ
حَيْثُ لَا يَحْتَسِبُ...

(અને જે માણસ અલ્લાહનો તકવો

ઇખ્તિયાર કરી લે છે તો અલ્લાહ તેના માટે (મુશ્કેલી થી) નીકળવાનો રસ્તો કાઢી દે છે, અને તેને એવી જગ્યાએથી રોજી આપે છે કે જ્યાંથી તેને ગુમાન પણ હોતું નથી.)

અલ્લાહ તઆલાથી દુઆ કે,

- તે દરેકને સાચા ઈમાનની દોલત અતા ફરમાવે.
- બધાને તકવાથી માલામાલ કરે.
- દુનિયા અને આખેરતમાં તેનું પરિણામ અને ફાયદો દેખાડે.
- તકવા અને ઈમાનના ઝરીએ બધી મુશ્કેલીઓને આસાન કરે.
- તેને અમારી રોજીની બરકતનું કારણ બનાવે.
- હલાલ રસ્તે રોજી આપે અને હરામથી બચાવે. આમીન, યા રબ્બલ આલમીન !


# અમીન ટૂર્સ

**હજ - ઉમરા - ઝિયારત**

- ૨૦૧૬માં હજ તથા મોહર્રમ માસમાં ઈરાન, ઈરાક
- ૨૦૧૬માં ફેબ્રુઆરી તથા એપ્રિલમાં ઉમરા ઝિયારતમાં જવા ઈચ્છનાર મોમિન ભાઈબહેનો માટે નોંધણી ચાલુ છે.

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪



Abid Ali Bhatt (Mumbai)
09867831722
09967530440

بسم الله الرحمن الرحيم

Karim Ali Bhatt
(Pimpodar)
09913482033

advance
Laser Cutting Articals
Laser Art

ALL TYPES OF LASER CUTTING JOB WORK

LED Adverting Display | Acrylic LED Display | CREATIVE THE MODELS | LED Sign Board | Acrylic Sign Letters | OPEN LED Letters

LED Wall Mounting | Crystal Light Box | LED Photo Frame | Solid Acrylic Letter | LED Acrylic Logos | ISLAMIC ARTICALS

Address :-
At. Po.Pimpodar - 383110,Tal. Himmatnagar, Dist.Sabarkantha(Guj.), India.

e-mail : advanceenterprise010@gmail.com

Terms & *condition Apply

Ref : Wayfaring (My search for Truth)

લેખન : અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્.)

- **Learning** (જ્ઞાન / શીખવું તે)

  Ridicule is often a recourse taken by individuals who fail to learn. Ridicule comes from insensitivity, learning comes from sensitivity. Ridicule is destructive, learning is constructive. Ridicule seems easy but makes life hard, learning seems hard but makes life easy.

  ઠઠ્ઠા મશ્કરી ઘણીવાર તો એવી વ્યક્તિઓ દ્વારા લેવામાં આવેલો એક સહારો છે કે જેઓ શીખવામાં નિષ્ફળ જતા હોય છે. ઠઠ્ઠા મશ્કરી લાગણીશીલતામાંથી ઉદ્ભવે છે, જ્ઞાન લાગણીશૂન્યતામાંથી ઉદ્ભવે છે. ઠઠ્ઠા મશ્કરી વિનાશાત્મક છે, જ્યારે જ્ઞાન રચનાત્મક છે. ઠઠ્ઠા મશ્કરી કરવી સહેલી લાગે છે, પરંતુ જીવનને અઘરું બનાવી દે છે. જ્ઞાન પ્રાપ્ત કરવું અઘરું લાગે છે, પરંતુ જીવનને આસાન બનાવી દે છે.

- **Path to Success** (કામયાબી / સફળતાનો માર્ગ)

  Have you ever come at a phase of life when everybody swears by your credibility but nobody obeys you? Keep treading. You are on the right path.

  શું તમે જીવનના કોઈ એવા તબક્કે પહોંચ્યા છો કે જ્યારે દરેક જણ તમારા ભરોસે સોગંદ લે છે, પરંતુ કોઈ તમારી ફરમાબરદારી કરતું નથી ? (તે રસ્તે) ચાલવાનું ચાલુ રાખો. તમે સિરાતે મુસ્તકીમ પર છો.

- **People's Behaviour** (લોકોનું વર્તન / લોકોની વર્તણૂક)

  People will often try to create doubts about the clearest ideas and convictions in your mind, by putting them into practice in the most outrageous manner. Still, if you're convinced about the Truth of your ideas and convictions, sticking to them will pay off ultimately. That will be the most satisfying reward for your perseverance.

  ઘણીવાર લોકો સૌથી સ્પષ્ટ વિચારો અને દ્રઢ માન્યતાઓને, સૌથી ભયંકર રીતે વ્યવહારમાં મૂકીને તે બાબતમાં તમારા મગજમાં વસવસાઓ પેદા કરશે. તેમ છતાંય, જો તમે તે વિચારો અને

માન્યતાઓના હક હોવાની બાબતમાં ઈમાન ધરાવતા હો તો તેમને વળગી રહેવાનું વળતર છેવટે તો તમને મળશે જ. તે તમારી સતત મહેનત માટેનો સૌથી વધારે સંતોષ આપે તેવો બદલો હશે.

- **Thoughts and Books** (વિચારો અને કિતાબો)

  If your thoughts wander too much and cause you ill-health, rein them with reading books of knowledge. Your nervous energy will, in this manner, be utilised constructively and your thoughts will benefit you rather than cause you harm.

  જો તમારા વિચારો ખૂબ જ ભટકતા હોય અને તમારી તબિયત બગડવા માટે કારણરૂપ હોય, તો ઈલ્મની કિતાબો વાંચીને તેમને અંકુશમાં રાખો. આ રીતે જ્ઞાનતંતુઓની શક્તિ રચનાત્મક રીતે વપરાશે, અને તમારા વિચારો તમને નુકસાન પહોંચાડવાને બદલે ફાયદો પહોંચાડશે.

- **Mockery** (ઠેકડી / ઉપહાસ)

  The one who has a habit of mocking at others never succeeds because of the fear of being mocked at if he tries.

  કોઈક કે જેને બીજાઓની ઠેકડી ઉડાડવાની આદત હોય છે, તે એવા ભયને કારણે કદાપિ સફળ થતો નથી કે જો તે એવો પ્રયત્ન કરશે, તો તેની પણ ઠેકડી ઉડાડવામાં આવશે.


આપના સાથ અને સહકારથી અમારું નવીન સાહસ

FIESTA SWEETS

Sweets
Namkeen
Chocolates
Juice

મોબા. : ૯૮૯૮૫૯૦૫૨૪
ફોન : ૦૨૭૬૬ ૨૨૦૪૨૯

અમારે ત્યાં કેસર પેડા, થાબડી પેડા, મોહનથાળ, કાલા જામ, ગુલાબ જામુન, માવા ખાજા, બુંદી, મોતીચૂર, કાજુ કતરી, માવા બરફી, મલાઈ બરફી, ડ્રાયફ્રૂટ હલવો, સુગર ફ્રી અંજીર કતરી, ડ્રાયફ્રૂટ રોલ, અંજીર હલવો, કાજુ મલાઈ, પાટણના પ્રખ્યાત દેવડા, મુંબઈનો હલવો, બેકરી આઈટમ, ફરસાણ, ચોકલેટ, બિસ્કીટ, ફ્રેશ ફ્રુટ જ્યુસ, આઈસ્ક્રીમ, શ્રીખંડ, કેક તથા દરેક પ્રકારનું ડ્રાયફ્રુટ રીટેલ તથા હોલસેલ ભાવથી મળશે.

ન્યાઝના ઓર્ડર ઉપર ખાસ ધ્યાન રાખવામાં આવશે.

ફીયેસ્ટા સ્વીટ્સ, ૫-૬, દેવદર્શન કોમ્પલેક્ષ, રાજમહેલ રોડ, પાલિકા બજારની સામે, પાટણ-૩૮૪૨૬૫

# કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૧૦૮** **સૂરા કૌસર**

આ સૂરામાં ૩ આયતો છે અને આ સૂરો મદની સૂરો છે.

**ખરેખર અમે બક્ષી છે તને કૌસર (પુષ્કળતા). (૧)**

**તો નમાઝ પઢ તારા રબ માટે, અને નહર (કુરબાની) કર. (૨)**

**ખરેખર તારો દુશ્મન પોતે જ વંશ કપાયેલો છે. (૩)**

હઝરત રસૂલુલ્લાહ (સ.)ના ફરઝંદ કે જેમનું નામ 'તાહેર' હતું કે જેઓ જનાબે ખદીજા (અ.) ના હમલ મુબારકથી જન્મ પામ્યા હતા, તે મૃત્યુ પામ્યા. તેથી કુફ્ફાર હઝરતને અબ્તર (સંતાન રહિત) કહેવા લાગ્યા. આ સાંભળીને આપ (સ.) ઘણા જ ગમગીન થયા, તેથી આપના દિલાસા માટે અલ્લાહે આ સૂરો નાઝિલ કર્યો, જેમ કે અમે તમને કૌસર આપ્યું. કૌસરથી મુરાદ પુષ્કળ ખૈર છે, અને અલ્લાહ ફરમાવે છે કે અમે આપને પુષ્કળ ખૈર આપી, એટલે કે તમારી દુખ્તર જનાબે ફાતેમા (અ.) થી તમારો વંશ ચાલશે. જેમ કે તેમના થકી ઈમામો અને તેમની ઓલાદ છે અને છેવટે એમ જ થયું, અને જનાબે સૈયદા (અ.)થી આપનો વંશ આગળ વધ્યો અને કરબલામાં હઝરત ઈમામ હુસૈન (અ.) પછી પુરુષોમાં હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) જીવિત રહ્યા, અને તેમના વંશ થકી એટલા બધા સાદાતો થયા કે તે આખી દુનિયામાં ફેલાઈ ગયા.

કેટલાકે જન્નતની નહેરનું નામ 'કૌસર' બતાવેલ છે. આ સૂરાના નાઝિલ થવા પછી લોકોએ કૌસર વિષે પૂછ્યું તો હુઝૂર (સ.)એ બતાવ્યું કે તે જન્નતમાં એક નહેર છે જે દૂધથી વધારે સફેદ છે, અને મધ કરતાં વધારે મીઠી, અને માખણ કરતાં વધારે નરમ છે, અને તેના કાંકરા જબરજદ અને યાકૂતના છે. તેનું ઘાસ કેસર છે અને તેની માટી કસ્તૂરી છે. પછી હઝરત રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ના ખભા પર હાથ મારીને ફરમાવ્યું કે આ નહેર મારા માટે, તમારા માટે અને તમારા દોસ્તો માટે છે.

બીજી એક રિવાયત પ્રમાણે હુઝૂર (સ.) એ ફરમાવ્યું કે મારી અને મારી અહલેબૈતની મંઝિલ કૌસરના કિનારા પર હશે, જે યાકૂત અને જવાહેરાતથી બનેલો હશે. જે કોઈ તેમાંથી પાણી પીશે તે કદી તરસ્યો થશે નહીં, અને મારી ઉમ્મતના લોકોની ત્યાં ભીડ થશે. તેમાંથી એક ટોળાને તે નહેર પાસેથી ઢોરની જેમ હાંકી કાઢવામાં આવશે જેવી રીતે ઉચ્ચ અને સારા ઊંટોમાં ખરાબ ઊંટ પણ હોય છે, તેમ તેઓ મારી ઉમ્મતમાંથી હશે, એ જોઈને હું કહીશ કે આ લોકોને ક્યાં લઈ જાઓ છો ? તે મારા

સમયના લોકો છે. તો તે વખતે મને જવાબ મળશે કે આ લોકો તમારા પછી મુરતદ થઈ ગયા હતા.

فَصَلِّ لِرَبِّكَ નમાઝ પઢ તારા રબ માટે. આ નમાઝથી મુરાદ નમાઝે ઈદ છે, જેમાં નહર (કુરબાની) કરવામાં આવે છે, અને અમુક રિવાયતો પ્રમાણે આ નમાઝથી મુરાદ નમાઝે સુબ્હ છે કે જેના પછી કુરબાની કરી શકાય છે, અને રિવાયતે અહલેબૈત (અ.)માં છે કે નહરથી મુરાદ નમાઝની વખતે તકબીર કહેતી વખતે હાથોને કાનો સુધી ઊંચા કરવા તે છે.

કુરઆને મજીદના આ નાના સૂરામાં નબુવ્વતના સમર્થનમાં અને ઈસ્લામની સચ્ચાઈની ઘણી જ મોટી દલીલ સમાયેલી છે. અરબના સઘળા સાહિત્યકારો અને કવિઓ પૂરા કુરઆનનો તો શું પણ એક આ નાના સૂરાનો મુકાબલો કરી શકયા નહીં, અને આ સૂરાને જ્યારે ખાનાએ કા'બાની દીવાલો પર ટાંગવામાં આવ્યો અને તેને અરબના મહાન સાહિત્યકારોએ અને શાયરોએ વાંચ્યો તો તેની નીચે લખ્યું કે "મા હાઝા કલામુલ બશર" (આ ઈન્સાનના કલામ નથી.) અને આ ઈસ્લામની સચ્ચાઈની મહાન દલીલ છે.

## ગડમથલ નં.૨૮૯નો ઉકેલ

**આડી ચાવીઓ :** (૧) મુનાસિબ (૨) ખય્યામ (૬) રાહત (૭) કરાર (૮) ફિતરત (૧૧) કરિબ (૧૨) સબાસબ (૧૪) સબબ (૧૭) ઈરાક (૧૮) ખુરૂજ (૧૯) ઈશ્ક (૨૦) રાઝ (૨૨) દામન (૨૪) બદહાલી (૨૫) સીરત (૨૬) અદબ (૨૭) નથી (૨૮) નશાત

**ઊભી ચાવીઓ :** (૧) મુનાફિક (૨) બરાત (૩) ખત (૪) મક્તબ (૫) બરકત (૯) તરીક (૧૦) રબ (૧૨) સબક (૧૩) બાબ (૧૪) સરાપા (૧૫) અજરા (૧૬) કસીદા (૧૮) ખુશ્કહાલી (૧૯) ઈદ (૨૧) ઝમાનત (૨૩) નસીબ (૨૪) બતન






હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

نہج الاسرار

# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

**અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## (૧) કુમૈલ ઈબ્ને ઝિયાદને નસીહત

કુમૈલ ઈબ્ને ઝિયાદથી મરવી છે કે એક દિવસ અલી ઈબ્ને અબીતાલિબ (અ.) મારો હાથ પકડીને કબ્રસ્તાનના એક ખૂણા તરફ ચાલવા લાગ્યા. જ્યારે અમે જંગલમાં પહોંચ્યા તો બેસી ગયા. હઝરતે એક ઠંડો નિસાસો નાખ્યો અને ફરમાવ્યું, અય કુમૈલ ઈબ્ને ઝિયાદ ! દિલો વાસણો બની જાય છે અને નેકીઓ તેમની તે વાસણોમાં. હું જે કાંઈ તમને કહેતો જાઉં તેને યાદ રાખો કે લોકો ત્રણ પ્રકારના છે: આલિમે રબ્બાની, રાહે નજાતની તાલીમ અને ફાયદા વગર નીચલી કક્ષાના બજારી લોકો કે જેઓ હવાની દિશા તરફ પ્રવૃત (આકર્ષિત) રહે છે, તેઓ ઈલ્મના નૂરથી પ્રકાશિત નથી, તેઓ કદી મજબૂત અહદોપયમાન (પ્રતિજ્ઞા) નથી કરતા. ઈલ્મ માલ કરતાં બહેતર છે. ઈલ્મ તમારી હિફાઝત કરે છે, અને માલની હિફાઝત તમે કરો છો. ઈલ્મ અમલને પાક કરે છે, અને માલ ખર્ચ કરવાથી ઘટી જાય છે. આલિમે દીનની મોહબ્બત દીન કબૂલ કરવાના કારણથી છે. ઈલ્મ આલિમની જિંદગી છે, એના માટે બંદગીને રોજગાર કરે છે, અને તેની વાતોને શણગારીને મોત પછી રજૂ કરે છે, અને માલની પૂંજી પોતાના નષ્ટ થવા પર ઝવાલ (પડતી) લાવે છે. અને માલને જમા કરનાર જીવતા રહેવા છતાં મરેલા થઈ જાય છે અને આલિમો બાકી રહે છે. ત્યાં સુધી કે જમાનો બાકી હોય. તેમનાં શરીર અદ્રશ્ય થઈ જાય છે, પરંતુ તેમની સિફતો દિલમાં મોજૂદ રહે છે. જાણી લો કે જો અહીં (હાથથી પોતાની છાતી તરફ ઈશારો કર્યો) ઈલ્મ છે તો હું તેનો મુતહમ્મિલ (ધારણ કારનારો) છું. મેં તેને ભય વગર સહન કરી લીધું.

તે દીનના હથિયારને દુનિયા માટે ઉપયોગ કરે છે. તે અલ્લાહની હુજ્જતો પાસેથી તેની કિતાબ પર અને તેની નેઅમતોથી તેના બંદાઓ માટે મદદ માગે છે, અથવા તો હકવાળા લોકોની ઈતાઅત કરે છે, પરંતુ તેમાં હિદાયત પ્રાપ્ત કરવાની ખૂબી નથી. શંકા પેદા થવા પર તેના દિલમાં શંકા થાય છે કે ન આવું થયું કે ન તેવું થયું (ન તો હકની તરફ આકર્ષિત થયો કે ન નાહકની તરફ) અથવા તે લિજ્જતોથી વંચિત રહી ગયો. તેણે ઈચ્છાઓના કારણે ઈતાઅત કરી, અથવા માલ એકઠો કરવા અને સંગ્રહ કરવા માટે પોતાને ધોખો આપી રહ્યો હતો. તે દીનની તરફ બોલાવવાવાળાઓમાંથી નહીં. તે ચરવાવાળાં જાનવરોની માફક શંકા કરવામાં એ બન્ને (માલ જમા કરવાવાળા અને સંગ્રહ કરવાવાળા) કરતાં વધારે નજીક છે. એવી જ રીતે ઈલ્મની ઈચ્છા કરનારાઓના મરી જવાથી ઈલ્મ પણ મરી જાય છે. ખુદાવંદા ! જે હુજ્જતે ખુદાને કાયમ કરે છે,

તેમનાથી જમીનને ખાલી ન કરતો, કેમ કે અલ્લાહની હુજ્જતો અને દલીલો બાતિલ ન થઈ જાય. આવા લોકો સંખ્યામાં બહુ ઓછા હોય છે, પરંતુ ઈજ્જત અને કદ્રની દ્રષ્ટિએ અલ્લાહની નજીક મહાન મર્તબો ધરાવે છે. અલ્લાહ પોતાની હુજ્જતોથી (મોતને) દફે કરી દે છે એટલે સુધી કે પોતાને જોનારાઓ માટે (તેઓ પોતાના પ્રોગ્રામને) પૂરો કરી દે છે અને હકીકતે અમ્ર (કોઈ ઘટનાની યથાર્થતા)માં પોતાના સાથીઓના દિલમાં ઈલ્મ અને હિદાયતનાં બીજ વાવે છે.

હકીકતે અમ્રનું ઈલ્મ તેમને અચાનક જ પ્રાપ્ત થઈ જાય છે. તેથી તેઓ નરમી ધારણ કરે છે કે જેનાથી મુતરફીન (એવા લોકો કે જે ઈચ્છે તે કરી નાખે અને કોઈ તેમને રોકી ન શકે) ગભરાઈ જાય છે અને તે દરગુઝર કરે છે જહ્લા (અજ્ઞાનતા) અને દહેશત મહેસૂસ કરવામાં દુનિયાના ઉચ્ચ શાસકો પોતાની રૂહોની સાથે જે મુન્તઝરે આલાથી સંબંધિત છે, તે અલ્લાહના ખલીફા છે, તેના શહેરોમાં વધારે દા'વત આપવાવાળા છે, તેના દીનની તરફ પરિચિત થઈ જાઓ. પરિચિત (એટલે) કે તેમનાથી મળવા માટે વ્યાકુળ છે. હું ઈસ્તિગ્ફાર કરું છું પોતાના માટે અને તમારા માટે, હવે જો તમે ઈચ્છતા હો તો જાઓ.

**(૨) કુમૈલ ઈબ્ને ઝિયાદને વસિયત**

સઈદ ઈબ્ને ઝિયાદ ઈબ્ને અર્તાહથી મરવી છે કે તેમણે એક વખત કુમૈલ ઈબ્ને ઝિયાદથી હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની વસિહત સંબંધી સવાલ કર્યો તો કુમૈલે જવાબ આપ્યો કે જાણી લો કે હું તમને હઝરતની વસિયત સંભળાવું છું કે જે હઝરતે મને કરી હતી. આ તમારા દુનિયાનાં બધાં કાર્યો, વગેરે માટે ઉપયોગી થશે. હઝરતે ફરમાવ્યું હતું કે :

**અમીરુલ મોમિનીન (અ.) :** અય કુમૈલ ઈબ્ને ઝિયાદ ! દરરોજની શરૂઆત અલ્લાહના નામથી અને 'લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'થી કર, અલ્લાહ પર વિશ્વાસ કર, અને અમારો ઝિક્ર કર, અને અમારા નામથી શરૂ કર, અમારા પર સલવાત મોકલ, અને અલ્લાહથી અને અમારાથી પનાહ માગ અને આના માધ્યમથી પોતાના નફસથી બધા જ વિચારોને હટાવી દે. જે મહેરબાનીઓ તને ઘેરી વળેલી છે, ઈન્શાઅલ્લાહ તને એ દિવસના શરથી બચાવવા માટે કાફી છે. અય કુમૈલ ! તેહકીકપૂર્વક કે રસૂલલ્લાહ (સ.)ને ખુદાએ ઈઝઝ વ જલ્લે તાલીમ આપી, અને તેમણે મને તાલીમ આપી, અને હું મોમિનોને તાલીમ આપું છું, અને સન્માનિત લોકોના ઈલ્મનો વારિસ છું.

અય કુમૈલ ! ઈલ્મમાં છૂપી કોઈ ચીજ નથી, પરંતુ એ કે મેં તેને ખોલી દીધી છે. અને ભેદમાં કોઈ ચીજ નથી, પરંતુ એ કે તે હંમેશાંની સમાપ્તિ સુધી પહોંચાડી છે. અય કુમૈલ ! કેટલાકની ઓલાદ કેટલાકનાથી અફઝલ છે, અલ્લાહ સાંભળવાવાળો અને જાણવાવાળો છે.

અય કુમૈલ ! કોઈ હલનચલન એવું નથી, પરંતુ એ કે તું એમાં અલ્લાહની માઅરેફતનો મોહતાજ હોય. અય કુમૈલ ! જ્યારે તું ખાવાનું ખાવાની શરૂઆત કરે તો કહી દે,

بسم الله الذی لایضر مع اسمه داء وفیه شفآء من
جمیع الاسواء

(અર્થાત્ : શરુ કરું છું હું અલ્લાહના નામ વડે

કે એ હસ્તી કે જેના નામની સાથે કોઈ રોગ નુકસાન નથી પહોંચાડી શકતો અને તેમાં દરેક રોગી માટે શિફા છે.)

અય કુમૈલ ! જ્યારે તું ખાવાનું ખાઈ લે તો લોકોને પણ ખાવાનું ખવડાવ અને એમાં કંજૂસાઈ ન કર. એમાં શંકા નથી કે તું લોકોનો રઝ્ઝાક (રોજી આપનારો) નથી, પરંતુ અલ્લાહ તેના કારણે તને સવાબ અતા કરશે.

અય કુમૈલ ! તારા અખ્લાકને નેક બનાવ. તારી સાથે રહેવાવાળાઓને ખુશ કર અને તારા ખાદિમને ન ધુત્કાર.

અય કુમૈલ ! જ્યારે તું ખાવાનું ખાવા લાગે તો તેને લંબાવ જેથી તારા સાથીદારો ફાયદો મેળવનારા બની શકે, અને તારા પારકા તેનાથી રોઝી મેળવી શકે.

અય કુમૈલ ! જ્યારે ખાવાથી ફારિગ થઈ જાય તો જે કાંઈ તને રોજી મળી છે, તેના માટે 'અલ્હમ્દુલિલ્લાહ' કહે અને તેની હમ્દમાં પોતાના અવાજને બુલંદ કર, આવી રીતે તારો બદલો વધારે થાય છે.

અય કુમૈલ ! પેટને (હોજરીને) ખાવાથી પૂરું ન ભરી દે, પાણી માટે થોડીક જગ્યા છોડ અને હવાની અવરજવર માટે થોડીક જગ્યા છોડી દે.

અય કુમૈલ ! પોતાના ખાવાને પૂરેપૂરું ખાઈ ન  લે, કેમ કે રસૂલલ્લાહ (સ.) પણ પૂરેપૂરું ખતમ કરતા ન હતા.

અય કુમૈલ ! ખાવાથી એ સમય સુધી હાથ ન ઉઠાવ જ્યાં સુધી તારી ભૂખ બાકી હોય, તેથી જો તું એવું કરીશ તો આરામથી રહીશ. (ક્રમશઃ)






બાકરઅલી
(સેદ્રાણા)
097260 68683

દુકાન ટે. નં.
( 073595 70530 )

શબ્બીરઅલી
(જાફરીપુરા)
098208 65429

# મારવેલ
## જવેલર્સ

હોલમાર્ક

**સોના - ચાંદી તેમજ ઓરીજનલ હીરાના ફેન્સી દાગીના**
**બનાવનાર તેમજ વેચનાર**

**આપણા માટે સોના-ચાંદી ના દાગીના ખરીદવાનું**
**ભરોસા પાત્ર સ્થળ એટલે મારવેલ જવેલર્સ**



દુકાન નં. ૬-૭, આશીષ શોપીગ સેન્ટર, સરસ્વતી સોસાયટી ની સામે
જાફરીબાગ, સિધ્ધપુર, એસ.જે.રોડ.

## યમનમાં આપેલા કાનૂની ફેંસલા

(ગતાંકનું ચાલુ)

**ઉમર બિન ખત્તાબની હુકૂમત દરમિયાન અમીરુલ મોમિનીન (અ.)ના ફેંસલા :**

(૬) આ રિવાયત યૂનુસે અલ હસનના હવાલાથી બયાન કરી છે.

એક સ્ત્રીને ઉમરની સામે લાવવામાં આવી કે જેણે એક બાળકને જન્મ આપ્યો હતો. બાળક ફક્ત છ મહિના સુધી જ માના પેટમાં રહ્યું હતું અને છ મહિના પછી તેનો જન્મ થઈ ગયો હતો. ઉમર આ સ્ત્રીને સંગસારીનો હુકમ આપી રહ્યા હતા, ત્યાં અમીરુલ મોમિનીન (અ.) હાજર હતા તો તેમણે સલાહ આપી,

''જો તમે અલ્લાહની કિતાબ વિરુધ્ધ કર્યું તો હું તમારો વિરોધ કરીશ, અલ્લાહ તઆલાનો હુકમ છે કે 'તેની માએ તેને તકલીફ સાથે ગર્ભાશયમાં રાખ્યો, અને (વળી) તકલીફ સાથે તેને જન્મ આપ્યો; અને તેના ગર્ભ(માં રહેવા)ની તથા દૂધ છોડાવવા (સુધી) ની મુદ્દત ૩૦ મહિના થઈ.''

(સૂરા અલ્કાફ, આયત-૧૫)

અલ્લાહ તઆલાએ આ પણ ઈર્શાદ ફરમાવ્યો છે કે, ''જે કોઈ પોતાની ઓલાદને પૂરી મુદ્દત સુધી દૂધ પીવડાવવા માગતી હોય તો પોતાની ઓલાદને પૂરા બે વર્ષ સુધી દૂધ પીવડાવે.''

(સૂરા બકરા, આયત-૨૩૩)

જ્યારે કોઈ સ્ત્રી બે વર્ષ સુધી બાળકને દૂધ પીવડાવે છે, અને તેનું હમલ તથા દૂધ પીવડાવવાની મુદ્દત ૩૦ મહિનાની થઈ જાય છે ત્યારે તે દૂધ પીવડાવવાની અને હમલની જવાબદારીને પૂરી કરી દે છે, અને તેને મારી શકાતી નથી.''

ઉમરે ફેંસલો આપ્યો અને તે સ્ત્રીને આઝાદ કરી દીધી, નબી (સ.)ના બધા અસ્હાબ કે જે ત્યાં હાજર હતા, તેમણે આ ફેંસલાની પ્રશંસા કરી.

(૭) બયાન કરવામાં આવે છે કે કેટલાક લોકોએ એક સ્ત્રી વિરૂધ્ધ ગવાહી આપી કે તેમણે એ સ્ત્રીને અરબી ઝરણાની પાસે જોઈ હતી અને એક આદમી કે જે તેનો પતિ ન હતો તેની સાથે ઝિના કરી રહ્યો હતો, આ કિસ્સો સાંભળી ઉમરે તે સ્ત્રીને સંગસાર કરી દેવાનો હુકમ આપી દીધો, કારણ કે તે સ્ત્રી પરણેલી હતી. સજા સાંભળીને તે સ્ત્રીએ ચીસ પાડીને કહ્યું, ''અલ્લાહ તો ગવાહ છે કે હું ગુનેગાર નથી.''

અલી મુર્તઝા (અ.)એ ફરમાવ્યું, ''અય લોકો! તેને પાછી લઈ આવો, જેથી તેની ફરીથી તપાસ કરવામાં આવે કદાચ તે સ્ત્રી માફી માટે લાયક હોય.''

તો તેને પાછી લાવવામાં આવી અને તેની પૂછપરછ કરવામાં આવી કે તે એ જગ્યાએ શું કરી

રહી હતી ? તેણે કહ્યું, "મારા કબીલાના કેટલાક ઊંટ હતા, હું તે ઊંટોને લઈને ગઈ હતી અને મારી સાથે પાણી પણ હતું, તે ઊંટોમાં દૂધ આપનાર ઊંટડી ન હતી. મારો એક પાડોશી પણ ઊંટ લઈને આવ્યો હતો તેની પાસે દૂધ આપનાર ઊંટડી હતી, મારું પાણી ખલાસ થઈ ચૂક્યું હતું જેથી મેં મારા પાડોશીને કહ્યું કે મને પાણી પીવડાવ, પરંતુ તેણે ના કહી દીધું અને શરત મૂકી કે હું પોતાને તને સુપરત કરી દઉં. પહેલાં તો મેં ના કહી દીધી, પરંતુ તરસના કારણે મારો જીવ નીકળી રહ્યો હતો, એટલા માટે મેં પોતાની જાતને મારી ઈચ્છા વિરૂધ્ધ તેના હવાલે કરી દીધી."

આ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.)એ 'અલ્લાહુ અકબર' કહ્યું, અને કુરઆને મજીદની આ આયત પઢી :

فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَلَآ اِثْمَ عَلَيْهِ ۭ اِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ

"તો પછી જે વ્યક્તિ મજબૂર હોય અને સરકશી કરવાવાળી ન હોય (અને જીવ બચાવવા માટે કોઈ વસ્તુ ખાઈ લે) તો તેના પર ગુનો નથી."

(સૂરા બકરા, આયત, ૧૭૩)

જ્યારે ઉમરે આ સાંભળ્યું તો તે સ્ત્રીને આઝાદ કરી દીધી.

(૮) અમીરુલ મોમિનીન (અ.)ના એવા ફેંસલાની ઘણી રિવાયતો છે કે જે આપ (અ.)એ આ સમયમાં આપ્યા હતા.

આપ (અ.)ના કાનૂની અને શરઈ મશવેરા ઘણા જ અણમોલ હતા, આપ (અ.)એ પોતાની કાનૂની જાણકારીના કારણે લોકોને ઘણો ફાયદો પહોંચાડ્યો, આપની સરળ સમજણ મામલાઓની સારી અને ખરાબ બાબતોના ઊંડાણ સુધી પહોંચી જતી હતી, અને આપ (અ.)ની હંમેશાં એ જ કોશિશ રહેતી હતી કે મુસલમાનોને ગુમરાહીથી બચાવી લેવામાં આવે. એવો જ એક કાનૂની ફેંસલો આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.

શબાબા બિન સવારે અબૂ બક્ર હઝલીના હવાલાથી બયાન કર્યું છે કે, તે કહે છે કે મેં કેટલાક આલિમો પાસથી સાંભળ્યું છે કે :

"હમદાન, રય અને ઈસ્ફહાન, કુમિસ અને નહાવંદના રહેનારાઓએ એક બીજા પર કેટલાક કાગળો લખ્યા હતા. આ કાગળો કાસિદોની મદદથી મોકલવામાં આવ્યા હતા અને તેમાં એવું લખાણ લખેલું હતું કે "અરબોનો બાદશાહ કે જેણે તેમને નવો મઝહબ આપ્યો અને ખુદાની કિતાબ આપી તેમનો ઈન્તિકાલ થઈ ગયો છે." આ વાત પયગમ્બર (સ.) માટે લખવામાં આવી હતી, "તેમના બાદશાહ અસામાન્ય ક્ષમતાના માલિક હતા અને હવે તે મૃત્યુ પામ્યા છે. પરંતુ આ બાદશાહની જગ્યાએ એક બીજો બાદશાહ આવ્યો છે તે સામાન્ય વ્યક્તિત્વવાળો માણસ છે." આ વાક્ય અબૂ બક્રના માટે લખવામાં આવ્યું હતું. "હવે એક ત્રીજો બાદશાહ આવ્યો છે કે જેનો જમાનો લાંબો રહ્યો છે અને તેણે ફોજ મોકલી તમારા શહેરો પર કબજો કરી લીધો છે." આ ઉમર બિન ખત્તાબના સંબંધમાં લખવામાં આવ્યું હતું. "એ તમારી જમીનને ત્યાં સુધી છોડશે નહીં જ્યાં સુધી તમે તેમની ફોજથી ટકરાવ કરીને તેને પાછી ન ધકેલી દો, ત્યાર બાદ તમે તમારી ફોજને તેમના મુલ્ક (અરબ)માં મોકલી હુમલો કરી દો. આવું કરવા માટે તમારે આપણા જેવા સરખા વિચાર રાખનાર દેશો વચ્ચે મૈત્રી કરવી પડશે."

આ લખાણ કૂફામાં પકડાઈ ગયું અને તેને

ઉમરની પાસે મોકલી દેવામાં આવ્યું, ઉમર બિન ખત્તાબ આ લખાણ અને કાગળોને જોઈ ગભરાઈ ગયા, તેઓ સીધા મસ્જિદે નબવીમાં પહોંચી ગયા અને મિમ્બર બેસી અલ્લાહ તઆલાની હમ્દો સના કરી. પછી આવો ખુત્બો આપ્યો, ''અય મુહાજિર અને અન્સારની કોમ ! શયતાને તમારી આજુબાજુ ફોજોને એકઠી કરી દીધી છે, તેઓ ઈચ્છે છે કે હકના દીવાને હોલવી દેવામાં આવે, હમદાનના રહેવાસીઓ, ઈસ્ફહાનના રહેવાસીઓ, રયના રહેવાસીઓ, કુમિસના રહેવાસીઓ અને નહાવંદના રહેવાસીઓ આપસમાં એકજુટ થઈ ગયા છે, પરંતુ એટલું જ નહીં, તેમણે એકજુટ થઈ જવાના કરાર પણ કર્યા છે જેથી તમારા મુસ્લિમ ભાઈઓને પોતાના રહેઠાણોથી કાઢી દે અને પછી તમારા મુલ્ક ઉપર હુમલો કરે. મને કહો, પણ સંક્ષિપ્તમાં, કે આપણે શું કરવું જોઈએ ? આજે તમારા ફેંસલાનો દિવસ છે.''

લોકો આપસમાં મશવેરો કરવા લાગ્યા તલ્હા બિન અબ્દુલ્લાહ ઊભા થયા કે જે કુરેશ કબીલાના નિયુક્ત પામેલા માણસ હતા, પહેલાં તેમણે અલ્લાહની હમ્દ કરી પછી કહ્યું, ''અમીરુલ મોમિનીન (ઉમર બિન ખત્તાબ) ! કંઈક એવી પરિસ્થિતિ પેદા થઈ છે કે હવે લગામ લગાવવાની જરૂર છે, તમારા માટે કઠોર સમય છે અને મુશ્કેલીઓ પેદા થઈ રહી છે, બદનસીબીએ તમને ઘેરી લીધા છે અને અનુભવો તમને ઉદાહરણરૂપી પાઠ શીખવે છે. તમારા હાથમાં અધિકાર અને ઈસ્લામી હુકૂમતની લગામ છે અને હુકૂમત તમારી પાસે છે, તમને ખબર છે કે આપણી આજુબાજુ કેવો માહોલ છે એટલા માટે તમે જે યોગ્ય સમજો તેવી કાર્યવાહી પર અમલ કરો.''

ખલીફા ઉમરે કહ્યું, ''બીજો કોઈ બોલવા માગતો હોય તો બોલે.''

ઉસ્માન બિન અફ્ફાન ઊભા થયા અને તેમણે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની હમ્દ કરી, પછી બોલ્યા :

''મારો વિચાર એ છે કે તમે શામવાળાઓને અને યમનવાળાઓને હુકમ કરો અને તમે પોતે જ હરમૈન શરીફ (મક્કા અને મદીના)ના લોકોને લઈને આગળ વધો, અને કૂફા તથા બસરાનાં ફોજી ઠેકાણાંની ફોજોની સરદારી કરીને આગળ વધો, જંગના મેદાનમાં સંપૂર્ણ કુફ્રનો મુકાબલો સંપૂર્ણ ઈમાનથી થશે. અમીરુલ મોમિનીન ! આ વાત એક હકીકત છે કે જો અરબવાળાઓ ખતમ થઈ જાય તો તમારી જિંદગીથી શું ફાયદો થશે ? પછી તો દુનિયાની મજા ફિક્કી પડી જશે, અને જો મુસલમાનોની હાર થશે તો દુનિયાનો કોઈ મજબૂત કિલ્લો પણ તમારું રક્ષણ નહીં કરી શકે, એટલા માટે તમારે મોકા પર હાજર રહેવું ઘણું જરૂરી છે અને આ કામથી પાછીપાની ન કરતા.''

ત્યાર બાદ અમીરુલ મોમિનીન અલી બિન અબી તાલિબ (અ.)એ અલ્લાહ તઆલાની હમ્દો સના કરી, પછી પયગમ્બર (સ.)ના ફઝાઈલ બયાન કર્યા અને તેમના પર તથા અહલેબૈત (અ.) પર દુરૂદ અને સલામ મોકલ્યા. પછી આવી રીતે ખુત્બો આપ્યો :

''જો તમે શામવાળાઓને શામથી જવાનું કહ્યું તો રોમવાળાઓ ત્યાં હુમલો કરી દેશે. અગર યમનવાળાઓને યમનથી જવાનું કહેશો તો હબશવાળાઓ યમન પર કબજો કરી લેશે, અને જો હરમૈન શરીફના લોકોને જવાનો હુકમ કરશો તો અરબના બદ્દૂઓ બગાવત કરી દેશે એવી

રીતે આપણી સ્ત્રીઓ, બાળકો અને ખાનદાન બરબાદ થઈ જશે. આપણે આપણા મુલકની વધારે હિફાઝત કરવા પર ધ્યાન આપવું જોઈએ સિવાય તેના કે આપણા લોકોને બરબાદ કરીને બીજા મુલક પર હુમલો કરવામાં આવે. જ્યાં સુધી કે તમે તમારી તકરીરમાં દુશ્મનોની સંખ્યા અને તેમના એકજુટ થવા પર ડરને પ્રગટ કર્યો. તો હું તમને બતાવું કે સરવરે કાઈનાત (સ.)ના સમયમાં શું જંગો નહોતા લડવામાં આવ્યા જ્યારે કે મુસલમાની સંખ્યા ઓછી અને દુશ્મનોની સંખ્યા વધારે હતી ? આપણે હંમેશાં જે જંગો લડ્યા છે તે અલ્લાહની મદદથી લડ્યા છે, તમે એ પણ કહ્યું કે એકજુટ થઈ આપણા ઘરોમાં ઘૂસી જશે, અલ્લાહ મુસલમાનોની હિફાઝત કરનાર છે તે જે ઈચ્છે છે, તે જ થાય છે, જ્યારે દુશ્મન આપણા સામે આવશે તો ડરનો માર્યો આવું કહેશે કે આ તો અરબ છે. આજે દુશ્મનની જુદી જુદી ટોળીઓ એકજુટ થઈ છે તે આપણી કમજોરીના કારણે છે, આપણી જ કમજોરીના કારણે દુશ્મનોના મદદગાર વધી ગયા છે. એટલા માટે જો મારો અભિપ્રાય લેવામાં આવે તો આવો મશવેરો આપીશ કે અત્યારે દુશ્મનો પોતાના મુલકમાં છે તો બસરાની ફોજ અને ત્યાંની જનતાને હિદાયત કરવામાં આવે કે તે ત્રણ ટુકડીઓમાં વહેંચાઈ જાય, તેમની એક ટુકડી આબાદીવાળા વિસ્તારની હિફાઝત કરે, બીજી ટુકડી દુશ્મનોથી મુકાબલો કરે અને તેમની એકતાને તોડી પાડે, અને ત્રીજી ટુકડી તૈયાર રહે કે તેમને બોલાવવામાં આવે તો તે બીજી ટુકડીની મદદ માટે પહોંચી જાય.''

ખલીફા ઉમરે કહ્યું કે ''ઉમદા ઉપાય છે, હું આના ઉપર અમલ કરીશ.'' તેના પછી તેમણે મૌલા અલી (અ.)ના દરેક વાક્યનું પુનરાવર્તન કર્યું અને પ્રશંસા કરી. (ક્રમશઃ)



મહેદીહસન એન. થરાદરા મો. ૯૭૨૬૪ ૮૦૪૯૪
હસનઅબ્બાસ જી. થરાદરા મો. ૭૩૫૯૩ ૫૪૨૭૩
આબિદઅલી એમ. નાંદોલીયા મો. ૮૧૪૦૨ ૭૩૫૩૧
અબાબીલ ટ્રેડર્સ
પ્લાયવુડ એન્ડ હાર્ડવેર
ટાઈલ્સ, કલર, ઈલેક્ટ્રીક, પાઈપ
એસ્ટ્રલ પાઈપ અને ડુલક્ષ કલરના ઓથોરાઈઝ્ડ ડીલર
મક્તબા જાફરીયા પાસે, કાકોશી રોડ, સિધ્ધપુર.

# ઈસ્લામ વિષેની સમજણ

(વિસ્તૃત તસ્વીર) (ભાગ–૧૨)

લેખક : ડૉ. ક્રિસ હ્યુવર

**કાયમી ઈમામત :**

જેવી રીતે મોહંમદ (સ.) મા'સૂમ હતા, અને અલ્લાહે કરેલી નિયુક્તિ મુજબ કોઈ ભૂલચૂક વગર અલી (અ.)ને પોતાના જાનશીન તરીકે જાહેર કર્યા હતા, એવી જ રીતે અલી (અ.)એ પણ કોઈ ભૂલચૂક વગર તેમના પહેલા દીકરા હસન (અ.)ને તેમના પછી ઈમામ તરીકે એટલે કે અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલા ઉમ્મતના સરદાર નિયુક્ત કર્યા. એ જ રીતે હસન (અ.)એ પણ કોઈ ભૂલચૂક વગર તેમના ભાઈ હુસૈન (અ.)ને ત્રીજા ઈમામ તરીકે નિયુક્ત કર્યા, અને આ જ રીત પેઢી દર પેઢી બારમા ઈમામ સુધી ચાલતી રહી કે જેઓ ઈ.સ. ૯૪૧થી ગૈબતમાં છે, અને ગાયબ ઈમામ તરીકે આજે પણ જીવિત છે. તેઓ હાલના જમાનાના ઈમામ છે કે જે આજે પણ હયાત છે અને "વાદળો પાછળ છુપાયેલા સૂર્યની જેમ" આજે પણ સક્રિય છે. આ એ જ બારમા ઈમામ છે કે જેઓ દુનિયાના અસ્તિત્ત્વના છેલ્લા તબક્કામાં ઈમામ મહેદી (અ.) તરીકે ઝુહૂર ફરમાવશે, અને દુનિયાને અન્યાયથી મુક્ત કરી ઈન્સાફ અને સચ્ચાઈની સાથે એક સમયગાળા સુધી શાસન કરશે.

શીઆ અકીદા મુજબ, અઈમ્મા (અ.), મોહંમદ (સ.)માં રહેલા ઈલ્મ અને ઈસ્મતના બાતિની નૂરમાં શરીક હતા. તેઓ નબીઓ નથી, પરંતુ નબીઓ જેવા છે. તેઓ અંબિયા (અ.) ની જેમ અલ્લાહ તરફથી સીધી વહી મેળવતા નથી, પરંતુ તેઓ અલ્લાહ તરફથી મળતી પ્રેરણા (ઈલ્હામ)ના ધારક છે. જેવી રીતે મોહંમદ (સ.) ને બાતિની ઈલ્મ આપવામાં આવ્યું હતું, કે જે કોઈ પણ જાતના વસીલા વગર સીધું જ અલ્લાહ તરફથી જ મળતું હોય છે, અઈમ્મા (અ.) પણ આ બાતિની ઈલ્મમાં શરીક છે, જે ઈલ્મ તેમને કોઈ પણ ભૂલચૂક વગર કુરઆનનું અર્થઘટન કરવા માટે અને ત્રુટીરહિત જીવન જીવવાનો ઈસ્લામી તરીકો સમજવા માટે સક્ષમ બનાવે છે, અને આ રીતે તેઓ ઉમ્મતની હિદાયત કરવા માટેની સાચી સત્તા ધરાવે છે કે જેવી સત્તા અન્ય લોકો ધરાવતા નથી. તેઓ પયગમ્બર (સ.)ની હદીસની ખાતરીપૂર્વક રિવાયત કરવા માટે અને તેનું અર્થઘટન કરવા માટે સક્ષમ હોય છે કે જે અર્થઘટન અજોડ હોય છે.

પયગમ્બર (સ.)ની ઘણી અહાદીસ છે કે જેમાં તેમણે તેમની વફાત પછી અહલેબૈત (અ.) ની ભૂમિકા વિષે બયાન કર્યું છે. તેમણે ફરમાવ્યું, "તારાઓ લોકોને ડૂબી જવાથી બચાવે છે, અને મારી અહલેબૈત (અ.) લોકોને વાદવિવાદો અને ઝઘડાઓથી બચાવે છે." વધુમાં ફરમાવ્યું, "સાવચેત થઈ જાઓ, મારી અહલેબૈત (અ.) તમારામાં નૂહ (અ.)ની કશ્તી સમાન છે, જે નૂહ (અ.)ની કશ્તીમાં સવાર થઈ ગયો, તે બચી ગયો, અને જેણે ચડવાનો ઈન્કાર કર્યો, તે ડૂબી ગયો." છેલ્લે ફરમાવ્યું, "જે કોઈ અહલેબૈત (અ.) સાથે જોડાઈને આવશે, તેને અલ્લાહ બક્ષી દેશે." આ

હદીસ આ બાબતની સ્પષ્ટતા કરે છે કે પયગમ્બર (સ.)ની વફાત પછી તેમની અહલેબૈત (અ.)નું કાર્ય મુસલમાન ઉમ્મતની હિદાયત કરવાનું, કુરઆન અને પયગમ્બર (સ.)ની સુન્નતનું પ્રમાણભૂત અર્થઘટન કરવાનું અને એવી રહેમત બની રહેવાનું છે કે જે રહેમત ઉમ્મતને મગ્ફેરત અને જન્નત તરફ દોરી જાય છે. પયગમ્બર (સ.)એ તેમને ''પોતાની અમાનત'' અને ''કુરઆનના શરીક'' ઠેરવ્યા છે.

આ સંદર્ભમાં મોહંમદ (સ.)ની જે સૌથી સ્પષ્ટ હદીસ છે, તે ''બે કિંમતી વસ્તુઓવાળી હદીસ'' (હદીસે સકલૈન) તરીકે ઓળખાય છે. મોહમંદ (સ.)એ ફરમાવ્યું, "હું તમારામાં બે સૌથી કિંમતી વસ્તુઓ છોડીને જઈ રહ્યો છું, એક અલ્લાહની કિતાબ અને બીજી મારી અહલેબૈત, જ્યાં સુધી તમે તેમને વળગી રહેશો ત્યાં સુધી કદી ગુમરાહ નહીં થાઓ, આ બન્ને એકબીજાથી ત્યાં સુધી અલગ નહીં થાય જ્યાં સુધી તેઓ કયામતના દિવસે હૌઝે કૌસર પર મારી મુલાકાત ન કરે." કુરઆન અને અહલેબૈત (અ.) રેલ્વે ટ્રેકના બે પાટા સમાન છે કે જે માનવજાતને આ જીવનથી જન્નત સુધી દોરી જાય છે. તે બન્ને સમાંતર ચાલે છે; જો પાટાઓ એકબીજાથી જુદા થઈ જાય, તો ટ્રેન રેલ્વે ટ્રેક પર દોડી શકતી નથી. જો, એક જ પાટો હોય તો ટ્રેન બિલ્કુલ દોડી શકે નહીં. માનવજાત માટે અલ્લાહની આ વ્યવસ્થા હતી, જેવી રીતે કુરઆન કહે છે, "જ્યારે અલ્લાહ અને તેના રસૂલે કોઈ બાબત વિષે કંઈ નક્કી કરી દીધું, તો મોમિન પુરુષ કે સ્ત્રી માટે એ નિર્ણયમાં કોઈ વિકલ્પ નથી, અને જો કોઈ અલ્લાહ અને તેના રસૂલની નાફરમાની કરશે તો તે ખુલ્લી ગુમરાહીમાં પડી ચૂક્યો છે."

**મોહંમદ (સ.)ની વફાત પછી શું થયું ?**

પયગમ્બર (સ.)ના સૌથી નિકટના પુરુષ સંબંધી હોવાને લીધે અને તેમના વસી હોવાની હેસિયતથી જ્યારે અલી (અ.) તેમના કફન-દફનની વ્યવસ્થામાં પરોવાયેલા હતા, ત્યારે ઉમ્મતના વડીલો એ બાબત નક્કી કરવા ભેગા થયા હતા કે હવે અબૂ બક્રએ ઉમ્મતની સરદારી લેવી જોઈએ. જો કે, અલી (અ.) અને પયગમ્બર (સ.)ના વિશાળ પરિવારના બીજા સભ્યોએ તેમને અલ્લાહ અને તેના રસૂલ દ્વારા અલી (અ.)ની તેમના જાનશીન તરીકે કરવામાં આવેલી નિયુક્તિની યાદ અપાવી, પરંતુ તેમણે સાથ આપ્યો નહીં. એ કારણને જ દબાવી દેવા માટે કે જે ખૂનામરકી તરફ દોરી શકતું હતું, અલી (અ.)એ પોતાની જાતને આ વિવાદથી અલગ કરી દીધી. જ્યારે અબૂ બક્રએ ઉમરને પોતાના ખલીફા નિમ્યા ત્યારે પણ તેમણે આવું જ કર્યુ. અલી (અ.)એ પસંદગી સમિતિના સભ્ય હતા કે જેને ઉમર પછી ખલીફા નક્કી કરવા માટે બનાવવામાં આવી હતી, પરંતુ બીજા સભ્યોએ એ પૂર્વશરત ઉપર ભાર મૂક્યો કે ખલીફાએ અબૂ બક્ર અને ઉમરની પ્રણાલિકાઓનું ફરજિયાત અનુસરણ કરવું પડશે. આ પૂર્વશરત અલી (અ.) સ્વીકારી શકે તેમ ન હતા, કારણ કે કુરઆન અને સુન્નત દ્વારા સ્થાપિત થયેલી કેટલીક પ્રણાલિકાઓ આ બન્ને દ્વારા બદલી નાખવામાં આવી હતી, તેથી અલી (અ.)ને આ નિમાણૂકમાંથી ખસી જવું પડ્યું. ઉસ્માનના કતલ થયા પછી જ અલી (અ.) મુસલમાનોના ઈમામ તરીકે તેમના સાચા હોદ્દા પર આવી શક્યા. જેમણે અલી (અ.)ની સાચી જાનશીનીનો સાથ આપ્યો તેઓ શીઆને અલી અથવા શીઆ તરીકે ઓળખાયા.

# ઇબાદાત

## માહે ઝિલ્કાદના આમાલ

ઝિલ્કાદ મહિનામાં રવિવારના દિવસે ગુસ્લ અને વુઝૂ કરીને ચાર રકાત બે-બે રકાતની નિય્યતથી પઢવાની છે, જેની બધી રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા તૌહીદ, અને એક વખત સૂરા ફલક, અને એક વખત સૂરા નાસ પઢવો, અને ૭૦ વખત أَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَأَتُوْبُ إِلَيْهِ પઢવું, અને છેલ્લે આ દુઆ પઢવી :

لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

અને પછી આ દુઆ પઢવી :

يَا عَزِيْزُ يَا غَفَّارُ اغْفِرْ لِيْ ذُنُوْبِيْ وَذُنُوْبَ جَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ فَإِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوْبَ إِلَّا أَنْتَ

**૨૫મી ઝિલ્કાદના દિવસે રોઝો રાખવો અને આ મુજબ આમાલ કરવા :**

બે રકાત નમાઝ પઢવી, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી પાંચ વખત સૂરા શમ્સ પઢવો, અને નમાઝની સલામ પછી આ દુઆ પઢવી :

لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

પછી આ પઢવું :

يَا مُقِيْلَ الْعَثَرَاتِ أَقِلْنِيْ عَثْرَتِيْ، يَا مُجِيْبَ الدَّعَوَاتِ أَجِبْ دَعْوَتِيْ، يَا سَامِعَ الْأَصْوَاتِ إِسْمَعْ صَوْتِيْ
وَارْحَمْنِيْ، وَتَجَاوَزْ عَنْ سَيِّئَاتِيْ، وَمَا عِنْدِيْ يَا ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ

ઝિલ્કાદ મહિનામાં નીચે આપેલ દુઆ પઢવી જે મુસ્તહબ છે :

اَللّٰهُمَّ دَاحِيَ الْكَعْبَةِ، وَفَالِقَ الْحَبَّةِ، وَصَارِفَ اللَّزْبَةِ، وَكَاشِفَ كُلِّ كُرْبَةٍ، أَسْأَلُكَ فِيْ هٰذَا الْيَوْمِ
مِنْ أَيَّامِكَ الَّتِيْ أَعْظَمْتَ حَقَّهَا، وَأَقْدَمْتَ سَبْقَهَا، وَجَعَلْتَهَا عِنْدَ الْمُؤْمِنِيْنَ وَدِيْعَةً، وَإِلَيْكَ
ذَرِيْعَةً، وَبِرَحْمَتِكَ الْوَسِيْعَةِ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ الْمُنْتَجَبِ فِي الْمِيْثَاقِ الْقَرِيْبِ يَوْمَ
التَّلَاقِ، فَاتِقِ كُلِّ رَتْقٍ، وَدَاعٍ إِلٰى كُلِّ حَقٍّ، وَعَلٰى أَهْلِ بَيْتِهِ الْأَطْهَارِ الْهُدَاةِ الْمَنَارِ دَعَائِمِ الْجَبَّارِ،
وَوُلَاةِ الْجَنَّةِ وَالنَّارِ، وَأَعْطِنَا فِيْ يَوْمِنَا هٰذَا مِنْ عَطَائِكَ الْمَخْزُوْنِ غَيْرَ مَقْطُوْعٍ وَلَا مَمْنُوْعٍ، تَجْمَعُ
لَنَا بِهِ التَّوْبَةَ وَحُسْنَ الْأَوْبَةِ، يَا خَيْرَ مَدْعُوٍّ، وَأَكْرَمَ مَرْجُوٍّ، يَا كَفِيُّ يَا وَفِيُّ يَا مَنْ لُطْفُهُ خَفِيٌّ
اُلْطُفْ لِيْ بِلُطْفِكَ، وَأَسْعِدْنِيْ بِعَفْوِكَ، وَأَيِّدْنِيْ بِنَصْرِكَ، وَلَا تُنْسِنِيْ كَرِيْمَ ذِكْرِكَ بِوُلَاةِ أَمْرِكَ، وَحَفَظَةِ

سِرِّكَ، وَاحْفَظْنِىْ مِنْ شَوَائِبِ الدَّهْرِ اِلٰى يَوْمِ الْحَشْرِ وَالنَّشْرِ، وَاَشْهِدْنِىْ اَوْلِيَآءَكَ عِنْدَ خُرُوْجِ نَفْسِىْ،
وَحُلُوْلِ رَمْسِىْ، وَانْقِطَاعِ عَمَلِىْ، وَانْقِضَآءِ اَجَلِىْ، اَللّٰهُمَّ وَاذْكُرْنِىْ عَلٰى طُوْلِ الْبِلٰى اِذَا حَلَلْتُ بَيْنَ اَطْبَاقِ
الثَّرٰى، وَنَسِيَنِى النَّاسُوْنَ مِنَ الْوَرٰى، وَاحْلِلْنِىْ دَارَ الْمُقَامَةِ، وَبَوِّئْنِىْ مَنْزِلَ الْكَرَامَةِ، وَاجْعَلْنِىْ
مِنْ مُّرَافِقِىْ اَوْلِيَآئِكَ وَاَهْلِ اجْتِبَآئِكَ وَاصْطِفَآئِكَ، وَبَارِكْ لِىْ فِىْ لِقَآئِكَ، وَارْزُقْنِىْ حُسْنَ الْعَمَلِ قَبْلَ
حُلُوْلِ الْاَجَلِ، بَرِيْئًا مِّنَ الزَّلَلِ وَسُوْٓءِ الْخَطَلِ، اَللّٰهُمَّ وَاَوْرِدْنِىْ حَوْضَ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ
وَآلِهٖ، وَاسْقِنِىْ مِنْهُ مَشْرَبًا رَّوِيًّا سَآئِغًا هَنِيْٓئًا لَّآ اَظْمَأُ بَعْدَهٗ وَلَآ اُحَلَّاُ وِرْدَهٗ وَلَا عَنْهُ اُذَادُ، وَاجْعَلْهُ
لِىْ خَيْرَ زَادٍ، وَّاَوْفٰى مِيْعَادٍ يَّوْمَ يَقُوْمُ الْاَشْهَادُ، اَللّٰهُمَّ وَالْعَنْ جَبَابِرَةَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ، وَبِحُقُوْقِ
اَوْلِيَآئِكَ الْمُسْتَأْثِرِيْنَ. اَللّٰهُمَّ وَاقْصِمْ دَعَآئِمَهُمْ وَاَهْلِكْ اَشْيَاعَهُمْ وَعَامِلَهُمْ، وَعَجِّلْ مَهَالِكَهُمْ،
وَاسْلُبْهُمْ مَّمَالِكَهُمْ، وَضَيِّقْ عَلَيْهِمْ مَّسَالِكَهُمْ، وَالْعَنْ مُسَاهِمَهُمْ وَمُشَارِكَهُمْ، اَللّٰهُمَّ وَعَجِّلْ
فَرَجَ اَوْلِيَآئِكَ، وَارْدُدْ عَلَيْهِمْ مَّظَالِمَهُمْ، وَاَظْهِرْ بِالْحَقِّ قَآئِمَهُمْ، وَاجْعَلْهُ لِدِيْنِكَ مُنْتَصِرًا، وَّبِاَمْرِكَ
فِىْ اَعْدَآئِكَ مُؤْتَمِرًا. اَللّٰهُمَّ احْفُفْهُ بِمَلَآئِكَةِ النَّصْرِ وَبِمَآ اَلْقَيْتَ اِلَيْهِ مِنَ الْاَمْرِ فِىْ لَيْلَةِ الْقَدْرِ،
مُنْتَقِمًا لَّكَ حَتّٰى تَرْضٰى وَيَعُوْدَ دِيْنُكَ بِهٖ وَعَلٰى يَدَيْهِ جَدِيْدًا غَضًّا، وَّيَمْحَضَ الْحَقَّ مَحْضًا، وَّيَرْفِضَ
الْبَاطِلَ رَفْضًا، اَللّٰهُمَّ صَلِّ عَلَيْهِ وَعَلٰى جَمِيْعِ اٰبَآئِهٖ، وَاجْعَلْنَا مِنْ صَحْبِهٖ وَاُسْرَتِهٖ، وَابْعَثْنَا فِىْ كَرَّتِهٖ
حَتّٰى نَكُوْنَ فِىْ زَمَانِهٖ مِنْ اَعْوَانِهٖ، اَللّٰهُمَّ اَدْرِكْ بِنَا قِيَامَهٗ، وَاَشْهِدْنَا اَيَّامَهٗ، وَصَلِّ عَلَيْهِ وَارْدُدْ اِلَيْنَا
سَلَامَهٗ، وَالسَّلَامُ عَلَيْهِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

## માહે ઝિલ્હજના આમાલ

(1) માહે ઝિલ્હજના એકથી નવ દિવસ રોઝા રાખવા, જે એવું છે કે જાણે આખી જિંદગી રોઝા રાખ્યા હોય.

(2) આ નવ દિવસોમાં મગરિબ અને ઈશાની નમાઝ વચ્ચે બે રકાત નમાઝ પઢવી, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા તૌહીદ પઢવો અને આ આયત પઢવી :

وَوَاعَدْنَا مُوْسٰى ثَلَاثِيْنَ لَيْلَةً وَّاَتْمَمْنَاهَا بِعَشْرٍ فَتَمَّ مِيْقَاتُ رَبِّهٖٓ اَرْبَعِيْنَ لَيْلَةً وَّقَالَ مُوْسٰى لِاَخِيْهِ
هَارُوْنَ اخْلُفْنِىْ فِىْ قَوْمِىْ وَاَصْلِحْ وَلَا تَتَّبِعْ سَبِيْلَ الْمُفْسِدِيْنَ

(3) આ નવ દિવસોમાં પાંચ દુઆઓ પઢવી જે જિબ્રઈલ (અ.) અલ્લાહ તરફથી હઝરત ઈસા (અ.) માટે હદિયા તરીકે લાવ્યા હતા, જે આ મુજબ છે :

(۱) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ

(۲) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، اَحَدًا صَمَدًا لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا

(۳) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ، اَحَدًا صَمَدًا لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ

(۴) اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِىْ وَيُمِيْتُ وَهُوَحَىٌّ لَايَمُوْتُ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ

(۵) حَسْبِىَ اللّٰهُ وَكَفٰى سَمِعَ اللّٰهُ لِمَنْ دَعَا، لَيْسَ وَرَآءَ اللّٰهِ مُنْتَهٰى، اَشْهَدُ لِلّٰهِ بِمَا دَعَا وَاَنَّهٗ بَرِىْءٌ مِّمَّنْ تَبَرَّءَ وَاَنَّ لِلّٰهِ الْاٰخِرَةَ وَالْاُوْلٰى

**માહે ઝિલ્હજના પહેલા દિવસના આમાલ :**

(1) આ દિવસે રોઝો રાખવો, જેનો સવાબ ૮૦ મહિનાઓના રોઝા રાખવા બરાબર છે.

(2) નમાઝે ફાતેમા ઝહરા (અ.) પઢવી, જે બે-બે રકાતની નિય્યતથી ચાર રકાત છે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા તૌહીદ પઢવો અને તસ્બીહે જનાબે ફાતેમા (અ.) પઢ્યા પછી આ દુઆ પઢવી.

سُبْحَانَ ذِى الْعِزِّ الشَّامِخِ الْمُنِيْفِ، سُبْحَانَ ذِى الْجَلَالِ الْبَاذِخِ الْعَظِيْمِ، سُبْحَانَ ذِى الْمُلْكِ الْفَاخِرِ الْقَدِيْمِ، سُبْحَانَ مَنْ يَرٰى اَثَرَ النَّمْلَةِ فِى الصَّفَا، سُبْحَانَ مَنْ يَرٰى وَقْعَ الطَّيْرِ فِى الْهَوَآءِ، سُبْحَانَ مَنْ هُوَ هٰكَذَا وَلَا هٰكَذَا غَيْرُهٗ

(3) ઝવાલના અડધા કલાક પહેલાં બે રકાત નમાઝ પઢવી, જેની બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા તૌહીદ, દસ વખત આયતુલ કુરસી અને દસ વખત સૂરા કદ્ર પઢવો.

(4) જે શખ્સ કોઈ જાલિમથી ડરી ગયો હોય તેણે આ દિવસે આ મુજબ પઢવું જોઈએ કે અલ્લાહ તેને જાલિમની બૂરાઈથી મહેફૂઝ રાખે.

حَسْبِىْ حَسْبِىْ مِنْ سُؤَالِىْ عِلْمُكَ بِحَالِىْ

**નવમી માહે ઝિલ્હજ (અરફાના દિવસ)ના આમાલ :**

(1) ગુસ્લ કરવું.

(2) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢવી.

(3) નમાઝે અસ્ર પછી ખુલ્લા આસમાનની નીચે બે રકાત નમાઝ પઢવી અને અરફાની દુઆ પઢવી કે જેનાથી અરફાતમાં હાજર રહેવાનો સવાબ મળશે. ત્યાર પછી અરફાના આમાલ બજાવી લાવવા જે ગુલઝારે ઈબાદતમાં આપેલ છે.

ઝવાલના સમયે આસમાનના નીચે ઝોહર અને અસ્રની નમાઝ એકાગ્રતાથી પઢવી, ત્યાર પછી બે રકાત નમાઝ પઢવી કે જેની પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા તૌહીદ પઢવો, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા કાફેરૂન પઢવો. ત્યાર પછી ચાર રકાત નમાઝ પઢવી કે જેની દરેક રકાતમાં ૫૦ વખત સૂરા તૌહીદ પઢવો, અને નમાઝ પછી આ મુજબ દસ તસ્બીહ પઢવી :

۱- سُبْحَانَ الَّذِیْ فِی السَّمَآءِ عَرْشُهٗ

۲- سُبْحَانَ الَّذِیْ فِی الْاَرْضِ حُكْمُهٗ

۳- سُبْحَانَ الَّذِیْ فِی الْقُبُوْرِ قَضَآؤُهٗ

۴- سُبْحَانَ الَّذِیْ فِی الْبَحْرِ سَبِیْلُهٗ

۵- سُبْحَانَ الَّذِیْ فِی النَّارِ سُلْطَانُهٗ

۶- سُبْحَانَ الَّذِیْ فِی الْجَنَّةِ رَحْمَتُهٗ

۷- سُبْحَانَ الَّذِیْ فِی الْقِیَامَةِ عَدْلُهٗ

۸- سُبْحَانَ الَّذِیْ رَفَعَ السَّمَآءَ

۹- سُبْحَانَ الَّذِیْ بَسَطَ الْاَرْضَ

۱۰- سُبْحَانَ الَّذِیْ لَا مَلْجَاَ وَلَا مَنْجَا مِنْهُ اِلَّآ اِلَیْهِ

પછી એકસો વખત આ મુજબ પઢવું :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

અને સૂરા તૌહીદ અને આયતુલ કુરસી અને દુરૂદ શરીફ એકસો એકસો વખત પઢવું :

પછી દસ વખત આ મુજબ પઢવું :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ یُحْیِیْ وَیُمِیْتُ وَیُمِیْتُ وَیُحْیِیْ وَهُوَ حَیٌّ لَّا یَمُوْتُ

بِیَدِهِ الْخَیْرُ وَهُوَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ

પછી દસ વખત આ મુજબ પઢવું :

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَیُّوْمُ وَاَتُوْبُ اِلَیْهِ

પછી દસ વખત આ મુજબ પઢવું :

یَآ اَللّٰهُ یَا رَحْمٰنُ یَا رَحِیْمُ

પછી દસ વખત આ મુજબ પઢવું :

یَا بَدِیْعَ السَّمَاوَاتِ وَالْاَرْضِ یَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

પછી દસ વખત આ મુજબ પઢવું :

یَا حَیُّ یَا قَیُّوْمُ

પછી દસ વખત આ મુજબ પઢવું :

يَاحَنَّانُ يَا مَنَّانُ

પછી દસ વખત આ મુજબ પઢવું :

يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ

اٰمِيْنَ

પછી એક વખત આ મુજબ પઢવું :

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ يَا مَنْ هُوَ اَقْرَبُ اِلَيَّ مِنْ حَبْلِ الْوَرِيْدِ يَا مَنْ يَّحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ يَا مَنْ هُوَ بِالْمَنْظَرِ الْاَعْلٰى وَبِالْاُفُقِ الْمُبِيْنِ يَا مَنْ هُوَ الرَّحْمٰنُ عَلَى الْعَرْشِ اسْتَوٰى يَا مَنْ لَّيْسَ كَمِثْلِهٖ شَيْءٌ وَّهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

ત્યાર પછી પોતાની હાજત હોય તે અલ્લાહ આગળ માગે ઈન્શાઅલ્લાહ તેની હાજતો પૂરી થશે.

**માહે ઝિલ્હજની દસમી તારીખની રાત :**

આ ખૂબ જ અઝમતવાળી રાત છે અને આ એ રાતોમાંથી છે કે જેમાં જાગવું મુસ્તહબ છે. આ રાત્રે આસમાનના દરવાજા ખૂલી જાય છે, આ રાતમાં હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢવી મુસ્તહબ છે, અને આ મુજબ દુઆ પઢવી :

يَا دَآئِمَ الْفَضْلِ عَلَى الْبَرِيَّةِ يَا بَاسِطَ الْيَدَيْنِ بِالْعَطِيَّةِ يَا صَاحِبَ الْمَوَاهِبِ السَّنِيَّةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ خَيْرِ الْوَرٰى سَجِيَّةً وَاغْفِرْ لَنَا يَا ذَا الْعُلٰى فِيْ هٰذِهِ الْعَشِيَّةِ

**માહે ઝિલ્હજની દસમી તારીખ (ઈદુલ અઝહાના)ના આમાલ :**

(1) ગુસ્લ કરવું.

(2) નમાઝે ઈદ પઢવી.

(3) નમાઝે ઈદ પછી સહીફે કામેલાની દુઆ નંબર - ૪૮ અને ૪૬ પઢવી.

(4) દુઆએ નુદબા પઢવી.

(5) કુરબાની કરવી જે સુન્નતે મોઅક્કેદા છે.

(6) તકબીરો પઢવી. (જે શખ્સ મિનામાં હોય તેણે દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી તેરમી ઝિલ્હજની ફજ્ર નમાઝ સુધી પંદર નમાઝો પછી તકબીરો પઢે, અને જે મિના સિવાય બીજા શહેરોમાં હોય તે લોકોએ દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી બારમી ઝિલ્હજની ફજ્રની નમાઝ સુધી દસ નમાઝો પછી તકબીરો પઢે જે આ મુજબ છે.)

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا هَدَانَا اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا رَزَقَنَا مِنْ بَهِيْمَةِ الْاَنْعَامِ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى مَآ اَبْلَانَا


ખુશ ખબર....
ખુશ ખબર....
કોમ્પ્યુટરને લગતી કોઈપણ વસ્તુ ખરીદતા પહેલા અચુક અમારી મુલાકાત કરો...
અમારે ત્યાં....
સેકન્ડ લેપટોપ તથા ડેકસ્ટોપ મળશે.
બ્રાન્ડેડ કોમ્પ્યુટર, એસેમ્બલ કોમ્પ્યુટર
ઓલ-ઈન-વન કોમ્પ્યુટર
કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ
એન્ટી વાઈરસ, ટોટલ સિકયોરીટી સોફ્ટવેર
તમામ કંપનીના પ્રિન્ટર્સ પણ ઉપલબ્ધ...
તમામ કંપનીના લેપટોપ તથા ડેસ્કટોપ કોમ્પ્યુટર વ્યાજબી કિંમતમાં ઉપલબ્ધ.
SONY DELL lenovo
Safety + Security + Trust = Amity Vision
વારીશ અલી
મો. ૯૭૩૭૫ ૪૭૪૪૦
મો. ૯૫૭૪૮ ૦૦૪૨૯
ફોન : ૦૨૭૩૯-૨૬૨૪૪૦
nextview the vision... ISO 9001 : 2008
CP PLUS enhancing vision
સ્કુલ,કોલેજ, ઓફીસ, બિલ્ડીંગ વગેરેમાં
CCTV કેમેરાનું કામકાજ કરી આપવામાં આવશે.
Amity Computers
દુકાન નં.-૧, આવકાર કોમ્પ્લેક્ષ, આદર્શ કોમ્પ્લેક્ષની બાજુમાં, પાલનપુર રોડ, વડગામ


મંજૂરઅલી
૯૯૨૪૫૯૧૪૪૦
નૂર
ઓપ્ટીકલ્સ
નંબરના ચશ્મા, ફેન્સી
ગોગલ્સ તથા સનગ્લાસ ચશ્મા
બનાવી આપનાર.
અત્તર સ્પ્રે, બેલ્ટ, પર્સ મળશે.
જી-૯, રોયલ કોમ્પલેક્ષ,
શિફા હોસ્પિટલ નજીક, બસ સ્ટેન્ડ પાસે, સિધ્ધપુર.


" રઝા ટુર્સ "
અસ્સલામુન અલયકુમ
જે મોમીન ભાઈ-બહેનોએ ચાલુ વર્ષે(૨૦૧૬) માટે હજ અને મોહર્રમ કરવાની તમન્ના હોય તેમણે અમારો સંપર્ક કરવો.
હજ
પેકેજ ૨,૯૦,૦૦૦/-
દિવસ ૩૨
મોહર્રમ(ઈરાક-ઈરાન)
બાય પ્લેન
પેકેજ ૮૫,૦૦૦/-
દિવસ ૨૮
મોહર્રમ(ઈરાક-ઈરાન)
બાય રોડ
પેકેજ ૬૯,૦૦૦/-
દિવસ ૨૮
● અલીરજા નુરજીભાઈ કટલી(બાદરપુર) મો. ૦૯૯૨૪૫ ૫૪૬૫૪, ૯૦૫૪૨૮૬૬૨૧
● મહેદીઅલી ઈબ્રાહીમભાઈ પટેલ(સહાયક)(પીરોજપુરા) મો. ૦૯૮૧૯૩૦૦૪૨૯
નોંધઃ- હજ તથા મોહર્રમ માટે નામ નોંધવાનું ચાલુ છે.



# મીર અનીસના મરસિયા

મરસિયા—૭ (ગતાંકનું ચાલુ) مرثیہ–۷

**કરબલાના મેદાનમાં આશૂરાની સવારનો ઉદય – ઇમામના મિત્રો અને મદદગારોને જંગની પરવાનગી**

**میدانِ کربلا میں طلوعِ صبحِ عاشور احباب و انصار امام کو اذنِ جهاد**

૭

قاسمؑ سے کوئی کہتی تھی اے میرے نوجوان
چھپ جائے گی اب آنکھوں سے ہے ہے حسنؑ کی شان
اِک سو تھا مادر علی اکبرؑ کا یہ بیان
اٹھارہویں برس میں بچھڑتے ہو میری جان
رخصت کو ماں سے آئے ہو زُلفیں سنوار کے
چڑھنا جہاد پر مجھے صدقے اُتار کے

(કાસિમ (અ.)ને કોઈ બીબી કહેતાં હતાં કે અય મારા નવજવાન ! હાય, હાય, હવે આંખોથી હસન (અ.)ની શાન હાય, હાય, છુપાઈ જશે. વળી, એક બાજુ અલી અકબર (અ.)ની માનું બયાન આવું હતું, અય મારા જીવ ! અઢારમા વર્ષે તમે અમારાથી છૂટા પડી રહ્યા છો. પોતાના વાળની ઝુલ્ફોને સજાવીને માથી વિદાય લેવા આવ્યા છો ? મારો સદકો ઉતારીને પછી જિહાદ માટે સવારી કરજો.)

૮

دیکھا گیا نہ شاہ سے سیدانیوں کا حال
بس الوداع کہہ کے چلا فاطمہؑ کا لال
باہر جو آئے روتے ہوئے شاہِ خوشخصال
دیکھا کہ فوج سب ہے، مسلح پئے جدال
جُھک کر سلام نمازیوں نے باادب کیا
گھوڑا سوارِ دوشِ نبیؐ نے طلب کیا

(ઈમામ હુસૈન (અ.)થી સૈદાણીઓની આવી હાલત જોઈ ન ગઈ. બસ, અલવિદા કહીને ફાતેમા (અ.)નો લાલ હુસૈન ચાલી નીકળ્યો. જ્યારે શાહે ખુશખુશાલ હુસૈન (અ.) બહાર આવ્યા તો જોયું કે આખી ફોજ જંગનાં

હથિયારોથી સજ્જ છે. નમાઝીઓએ ઝુકીને ઈમામ (અ.)ને સલામ કરી. નબી (સ.)ના ખભા ઉપર બેસવાવાળા હુસૈન (અ.)એ ઘોડો મંગાવ્યો.)

آیا عجب شکوہ سے شب دیز تیز گام　　طاؤس و کبک دیکھتے تھے جلوۂ خرام
۹
دامن قبا کا رکھ کے کمر میں بڑھے امام　　عباسؑ نے رکاب کو تھاما بہ احترام
چھوٹی قدم سے میں، یہ ہُوا غم زمین کو
جبریلؑ جھاڑ نے لگے شہپر سے زین کو

(અજબ પ્રકારની શાનો શૌકતથી કાળા રંગનો તેજરફ્તાર ઘોડો આવ્યો. મોર અને ચકોર (પક્ષી) તે ઘોડાની ચાલને જોઈ જ રહ્યાં હતાં. પહેરણનો દામન કમરમાં રાખીને ઈમામ (અ.) આગળ વધ્યા. અબ્બાસ (અ.)એ સન્માનપૂર્વક ઘોડાના પેગડાને પકડી રાખ્યું. કદમથી જમીન આપનાથી છૂટી (જુદી થઈ) તો તેને ગમ પેદા થયો. જિબ્રઈલ (અ.) પાંખોની મદદથી જીન ઉપરથી (ધૂળ) ખંખેરવા લાગ્યા.)

کس اوج سے خدیو زمین و زماں چلا　　رہوار کیا زمیں پہ چلا آسماں چلا
۱۰
لے کر نشاں علیؑ ولی کا نشاں چلا　　دامن بھرے ہوئے علم زرفشاں چلا
اختر نثار بخشش سبطِ رسولؐ تھے
ذرّے نہ تھے زمیں پہ سونے کے پھول تھے

(કેવી બુલંદીથી જમીન અને ઝમાનનો બાદશાહ ખુદ ચાલી નીકળ્યો. ઘોડો જમીન પર તો શું ચાલ્યો, જાણે આસમાન પર ચાલ્યો. અલી (અ.) વલીયુલ્લાહની નિશાની એવા હુસૈન નિશાન લઈને ચાલ્યા. દામન ભરેલા સોનેરી અલમ લઈને ચાલ્યા. તારાઓ ફરઝંદે રસૂલ (સ.) પર બક્ષિસ ન્યોછાવર કરતા હતા. જમીન ઉપર રજકણો ન હતા, સોનાનાં ફૂલ હતાં.)

پہنچے جو اس شکوہ سے وہ غازیانِ دیں　　گاڑا سپاہِ کفر کے آگے نشانِ دیں
۱۱
اللہ رے جلوۂ قمر آسمانِ دیں　　روشن تھا جس کے نور سے سب خاندانِ دیں
افروختہ تھا چہرۂ اقدس جناب کا
شوکت تھی عرش کی تو جلال آفتاب کا

(ધર્મયોધ્ધાઓ શાનો શૌકતથી ત્યાં પહોંચ્યા તો તેમણે કુફ્રના સિપાહીઓની સામે દીનના નિશાનને રોપી દીધું. અલ્લાહ રે દીનના આસમાનના ચંદ્રનો એ દેખાવ ! કે જેમના નૂરથી દીનનું આખું ખાનદાન રોશન હતું. આપ જનાબનો પાક ચહેરો પ્રકાશિત હતો. અર્શની શાન હતી તો સૂરજનો જલાલ હતો.)

چلوں میں جوڑنے لگے واں تیر اہلِ شر — سینے حسینیوں نے ادھر کر دیے سپر

لشکر سے چند گام بڑھے شاہِ بحروبر ۱۲ حجّت تمام کی یہ نہ سمجھے وہ بدگہر

مطلق نہ تھی تمیز خطا و صواب میں

تیر آئے سرکشوں کی طرف سے جواب میں

(પેલી બાજુ બદ લોકો કામઠાંમાં તીર જોડવા લાગ્યા તો આ બાજુ હુસૈનીઓએ પોતાની છાતીઓને ઢાલ બનાવી દીધી. શાહે બહેરોબર હુસૈન (અ.) લશ્કરથી થોડાક કદમ આગળ વધ્યા. ઈમામ (અ.)એ પોતાની હુજ્જત તમામ કરી, પરંતુ તે બદઝાત લોકો સમજ્યા નહીં. તેમનામાં અપરાધ અને સવાબ વચ્ચે જરાક જેટલી પણ પરખ ન હતી, ઊલટું, જવાબમાં તે સરકશ લોકો તરફથી તીર આવ્યાં.)


# ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ-ઉમરા-ઝિયારત**

- ઝહીર ટૂર્સ આયોજિત દર વર્ષની જેમ આ વર્ષે હજ ઝિયારત અને મોહર્રમ કરબલાનું બુકીંગ ચાલુ છે.
- ઉમરા હજ અને ઝિયારત 2017નું બુકીંગ ચાલુ છે. જે મોમિન ભાઈ બહેનો ઉમરા હજ ઝિયારતમાં જવાની ઈચ્છા રાખતા હોય તો અમારો સંપર્ક કરવો.

કેસીમ્પા
હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (આયોજક)
મો. 09427683930
09574768429

કેસીમ્પા
હાજી ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા (સહાયક)
મો. 09909676953

હરીપુરા (સાબરકાંઠા)
અબ્બાસભાઈ વલીભાઈ સલેમા (સહાયક)
મો. 09898707263

દર રવીવારે રજા રહેશે.

દીનમોહંમદ એ. સુણસરા
કમાલપુર (પાલનપુરવાળા)
મો. ૯૮૭૯૫૮૯૬૫૪

રહેમાનઅલી ડી. સુણસરા
મો. ૯૯૨૫૯૪૬૧૫૨

# નવજીવન સીલાઈ મશીન સેલ્સ & સર્વિસ



આપણી શીયા જાફરી મશાયખી મોમીન જમાત ના ભાઈઓ તથા બહેનોને જણાવતા આનંદ થાય છે. કે અમોએ વડનગર શહેરમાં બસ સ્ટેન્ડની સામે સીલાઈ મશીનની નવીન દુકાન ચાલુ કરેલ છે.

**દરેક કંપનીના નવા તેમજ જુના ઓટોઓઈલ તેમજ સાદા સીલાઈ મશીન લે-વેચ કરનાર.**

## સંતોષ કારક રીપેરીંગ કામ કરી આપવામાં આવશે.

(૬ મહીનાની વોરંટી સાથે)

★ નવા સિલાઈ મશીન મોટર ઓઈલ સોય બોબીન ડબ્બી વગેરે હાજર સ્ટોકમાં મળશે.
★ કોઈપણ સીલાઈ મશીનની ૨ વર્ષની અને મોટરની ૬ મહીનાની વોરંટી રહેશે
★ કોઈપણ જાતનું સીલાઈ મશીન ખરીદતા પહેલા અવશ્ય મુલાકાત લેશો અથવા ઉપરના નંબર પર સંપર્ક કરશો.

દુકાનઃ ભાગ્યોદય કોમ્પ્લેક્ષ,
બસ સ્ટેશનની સામે,વડનગર.

રહેઠાણઃકમાલપુર(કાણોદર)
દીનમહંમદ એ. સુણસરા

# પરવરિશના ઉસૂલો

સંકલન : મોહસિનઅલી કોજર

રસૂલે ઈસ્લામ (સ.)ને પૂછવામાં આવ્યું કે એક બાપ તરીકે પોતાના બાળકમાં સારી આદતો લાવવા માટે શું કરવું જોઈએ ? તો આપ (સ.)એ કહ્યું, "પરવરિશના મામલામાં બાળક પર એટલો બધો બોજ ન નાખો કે બાળકની તાકાત ઓછી થવા લાગે અને એટલી સખ્તાઈ પણ ન કરો કે તેની સહનશકિત બહાર હોય. બાળક પર ગરજવા, વરસવા, ખરુંખોટું કહેવાથી બચો, કારણ કે નરમ અને નાજુક દિલ અને દિમાગ પર તેની ખૂબ જ ખરાબ અસર પડે છે."

હઝરત અલી (અ.)એ પોતાના બેટા ઈમામ હુસૈન (અ.)ને કહ્યું, "દરેક સમયે બાળકને ધમકાવવાથી, મારવાથી અને દોષારોપણ કરવાથી બાળકના દિલમાં નફરતની આગ ભડકી ઉઠે છે."

એક માણસ પોતાના નાફરમાન બેટાની સુધારણા કરવાના આશયથી ઈમામ મૂસા કાઝિમ (અ.)ની પાસે લઈને આવ્યો અને કહેવા લાગ્યો, "હુઝૂર ! આ ખૂબ જ બદઅખ્લાકી અને નાલાયક છે. તેને કેવી રીતે સુધારું ?

ઈમામ (અ.)એ તેની વાત સાંભળીને તેને આ પ્રમાણે નસીહત કરી; તેને મારઝૂડ કરો નહીં, બલ્કે થોડા સમય માટે તેનાથી વાતચીત કરવાનું છોડી દો, પરંતુ તમારા ગુસ્સાને વધારે સમય માટે પણ રોકી ન રાખતા."

જો આપણે એવી ઈચ્છા રાખીએ કે આપણાથી પરવરિશ પામેલું બાળક બધી જ રીતે નમૂનારૂપ અને દરેક બાબતથી સારો માણસ બનીને બહાર નીકળે તો આપણે પોતે આપણી પદ્ધતિઓ, આદતો અને કુટેવો પર ખૂબ જ ધ્યાન આપવું પડશે.

યાદ રાખો, બાળક એક જીવતું જાગતું અસ્તિત્વ છે. તે સાંભળે છે, એના કરતાં વધારે જુએ છે, કેમ કે બાળક કુદરતી રીતે બીજાઓની દેખાદેખીથી કામ કરે છે. એટલા જ માટે એને જે દેખાય છે, તેની જ નકલ કરે છે. બીજી રીતે જોઈએ તો તે માબાપની આદતો અને તેમના આચરણનો અરીસો છે. આ જ કારણે માબાપે પોતાના વ્યવહારિક જીવનમાં જરૂરી સાવચેતી અને જવાબદારીની સાબિતી આપવાની જરૂર છે.

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે કે, "માબાપની નેકી અને તેમના સદાચાર જ એવી તાકાત છે કે જે ઓલાદને બૂરાઈઓથી બચાવે છે."

યાદ રાખવા જેવી બાબતો :

પોતાની ભાવનાઓ પર કાબૂ રાખો.

બાળક જ્યારે જીદ કરે અને કહેવું ન માને તો ગુસ્સાને પી જાઓ.

સ્વભાવ શાંત રાખો.

એ જાણવાની કોશિશ કરો કે બાળકના બગડવાનું કારણ શું છે ? તે કેમ વિફર્યો છે ?

એ પણ જાણવાની કોશિશ કરવી જોઈએ કે

બાળકને કેવી રીતે શાંત પાડી શકાય.

મારઝૂડ કરવાથી મકસદ પૂરો નહીં, બલ્કે એની અસર ઘણી ખરાબ પડશે. માની લો કે તમારું નાનું બાળક રમવા કૂદવામાં મગ્ન છે, અથવા કોઈ તોફાન કરવામાં વ્યસ્ત છે. તમને તેનું તોફાન મસ્તી સારી ન લાગી, અને તમે તેના પર જોરથી બૂમાબૂમ કરવા લાગ્યા.

જરા વિચાર કરો કે, તમારા આવા અવાજથી માસૂમ બાળકના નરમ અને નાજુક દિમાગની રેશમ જેવી નસો પર શું વીત્યું હશે. અને આવી રીતે રોજ મોટા અવાજથી બોલવાની આદત પડી જાય તો શું ફૂલ જેવા જીવનું દિમાગ સહીસલામત રહેશે તેની કોઈ ગેરંટી છે ખરી ? બિલકુલ નહીં.

માબાપ તરીકેની આપણી ફરજ છે કે પરવરિશ દરમિયાન આપણા કમસીન બાળકોના ચારિત્ર્યનું ઘડતર  કરવામાં ઉતાવળથી કામ લેવું જોઈએ નહીં.


એન. જી. કડીવાલા 9879097530



# અનમોલ
ગાર્લિક સપ્લાયર્સ

છોલેલું લસણ

હાઈજેનિક (આધુનિક) રીતે મશીનમાં તૈયાર થયેલ

હોલસેલ ભાવથી હાજર સ્ટોકમાં મળશે.

8735873530

હોટલ – રેસ્ટોરન્ટ – કેટરર્સ – કેન્ટીન તેમજ પાર્ટી માટે ઓર્ડર લેવામાં આવે છે.

નોંધ : સામાજિક કે ધાર્મિક પ્રસંગોના જમણવારમાં વપરાતા છોલેલા લસણ માટે એડવાન્સમાં ઓર્ડર લેવામાં આવશે.

લસણ ફોલવાની ઝંઝટમાંથી મુક્તિ એટલે... અનમોલ ગાર્લિક

ઠે. નેશનલ સ્કૂલની સામે, સરખેજ રોડ, અમદાવાદ.





**Org. Zawar Husain - 9879465724 / 9574479838**
**8511657407**



# JA'FARI TOURS

સમસ્ત ભારતની કોઈ પણ જગ્યાની ટૂર બસ / ટ્રેનમાં કરી આપવામાં આવશે.

ફેમિલી ટૂર, કપલ ટૂર, ઝિયારત ટૂર, સ્કૂલ પ્રવાસ દરેક જગ્યાની વેજ.–નોન વેજ. રસોડા અને સવારે ચા–નાસ્તા સાથે સ્લીપર બસમાં AC નોન AC ગાડીમાં વાજબી ભાવે ટૂર કરી આપવામાં આવશે.

**નોંધ : અમારી ટૂરનું આયોજન ફક્ત સ્લીપર બસમાં જ કરવામાં આવશે.**

**Safar-E-Hindustan**

મુ. મેતા, તા. વડગામ, જિ. બનાસકાંઠા – ૩૮૫ ૫૨૦ (ગુજરાત)

# જ્ઞાનગોષ્ઠિ

**સંપાદક : મોમિન રત્ન**

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ

‘રિસાલા હુકૂક’ની શર્હ

## આઈનાએ હુકૂક

સંપાદક : જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

(ગતાંકનું ચાલુ)

**બરાર બિન અર્તાહ અને બની હમ્દાન :**

મોઆવિયાએ બસર બિન અર્તાહને બની હમ્દાનનો હાકિમ બનાવીને મોકલ્યો તો તેણે જુલ્મ કરવામાં કોઈ કસર બાકી ન રાખી. કોઈનામાં બોલવાની હિંમત ન હતી. દરેક વાત દિલમાં સંકોચાઈને રહી જતી હતી. પોતાના નાજુક અને ખતરનાક જમાનામાં સૌદા નામની એક સ્ત્રી દીન અને લોકોના બચાવ માટે શામ ગઈ. મોઆવિયાના કારકૂનોએ મોઆવિયાને ખબર આપી કે સૌદા નામની એક સ્ત્રી તમને મળવા માટે આવી છે. મોઆવિયાને ખૂબ જ નવાઈ લાગી અને કહેવા લાગ્યો, જેને શોધવા માટે હું થાકી ગયો છું, તે પોતે જ પગે ચાલીને મારા દરબારમાં આવી ગઈ. તેને હાજર થવાની રજા આપી. સૌદા દરબારમાં દાખલ થઈ. ગુસ્સા અને તોછડાઈભર્યા સ્વરમાં મોઆવિયાને સલામ કરી.

મોઆવિયાએ કહ્યું,

“જોયું ને ? મજબૂર થઈને મારી ખિલાફતને સલામ કરી.”

સૌદાએ કહ્યું,

“અય મોઆવિયા ! ઘમંડ ન કરો. દરેકનો એક સમય હોય છે કે જે ખતમ થઈ જાય છે. આ હોદ્દો ક્યાં સુધી રહેશે ? એક દિવસ ખતમ થઈ જશે.”

મોઆવિયાએ કહ્યું,

“સૌદા ! તમને જંગનો જમાનો યાદ છે કે જ્યારે તમે અલીના લશ્કરમાં રજમીયા શેઅર પઢતાં હતાં ? બતાવો, એનાથી તમારો મકસદ શું હતો ? મારો વિનાશ અને નાબૂદીનો જ હેતુ હતો ને ? તે અશઆર હવે પઢો.”

સૌદાએ કહ્યું,

“તમારા જુલ્મો સિતમે મારા ઝહનમાંથી દરેક બાબતને ભૂસી નાખી છે. આ વખતે હું તમારી પાસે બસર બિન અર્તાહની શિકાયત લઈને આવી છું. તેણે અમારા ઉપર જુલ્મ કર્યો છે. લોકોના માલને જબરદસ્તી ઝૂંટવી લીધો છે, અને તેમને કતલ કર્યા છે.”

મોઆવિયાએ કહ્યું,

“આ તમે શું કહી રહ્યાં છો ? હું તમને તેની પાસે જ મોકલું છું જેથી તે જે ઈચ્છે તે તમારા હકમાં ફેંસલો કરે.”

સૌદાએ આ શેઅર પઢ્યો (ભાવાર્થ) :

“દુરૂદ થાય એ જિસ્મ પર કે જે કબરમાં છે. તેમના દફન થઈ જવાથી અદ્લ પણ દફન થઈ

ગયો.''

મોઆવિયાએ કહ્યું,

''આનાથી તમારા કહેવાનો અર્થ કોણ છે ?''

સૌદાએ કહ્યું,

''મારા આકા અલી (અ.). અય મોઆવિયા ! જેવી રીતે આજે હું તમારી પાસે શિકાયત લઈને આવી છું, એક દિવસ, અલી (અ.)ની પાસે શિકાયત લઈને ગઈ હતી. અલી (અ.) નમાઝ પઢવા માટે જઈ રહ્યા હતા. જ્યારે આપ (અ.)એ મને જોઈ તો પૂછ્યું,

''કયા કામ માટે આવ્યાં છો ?''

મેં અરજ કરી,

''આપે મુકર્રર કરેલા હાકિમની શિકાયત લાવી છું. અય મુઆવિયા ! આ સાંભળીને અલી (અ.)ની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. હાથ મુબારકથી પોતાની દાઢી પકડી અને કહ્યું,

''અય અલ્લાહ ! તું ગવાહ રહેજે કે મેં તેને લોકો ઉપર જુલ્મ કરવા માટે નથી મોકલ્યો. એ જ વખતે તેને બરખાસ્ત કરતો પરવાનો લખીને મને સોંપ્યો, પરંતુ તમે તો શિકાયત સાંભળવાને બદલે મને ધમકી આપો છો. તમારા અને અલી (અ.)ની વચ્ચે આ તફાવત છે.''

મોઆવિયાએ મજબૂર થઈને બસર બિન અર્તાહને કતલ અને લૂંટમારથી રોકાઈ જવા માટે લખ્યું : ખરેખર, જીભ સાચી રીતે ચાલે તો ખૂબ જ તેજ કાપે છે. આ એ જીભ જ હતી કે જેણે મોઆવિયા જેવા પથ્થરદિલને પોતાનો નિર્ણય બદલવા પર મજબૂર કરી દીધો. મોઆવિયાએ એ વખતે એવું પણ કહ્યું કે અલીએ તમને મગરૂર કરી દીધી છે. તમારી કોમની બાબતમાં આટલે સુધી કહી દીધું છે.

فلوکنت بوابا علی باب جنة

لقلت لهم ادخلوها بسلام

**અલંકારિક વાતની અસર :**

ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) અને મોઆવિયાની વચ્ચે જ્યારે પત્ર વ્યવહાર થયો હતો તો એ વખતે એક પત્ર આપ (અ.)એ તરમાહના હસ્તે મોકલ્યો હતો. તરમાહ, વાતચીત કરવામાં ચતુર (કાદિરુલ કલામ), શિઘ્ર વકતા અને સુંદર વકતા હતા. પત્ર લઈને તે મોઆવિયાની તરફ રવાના થયા. શામ પહોંચતાંની સાથે જ તેમણે મોઆવિયા અને તેના વજીર અમ્ર આસની સાથે મુલાકાત કરી અને પોતાની ફસાહત (છટાદાર વાત) અને બલાગત (અલંકારિક શૈલી)થી તેને પણ આશ્ચર્યચકિત કરી દીધો. મોઆવિયાએ વિચાર કર્યો કે આ શિઘ્ર વકતાને ખરીદી લો, અને પછી તેનાથી ફાયદો ઉઠાવો. તેથી મોઆવિયાએ કહ્યું, અય ગામડિયા ! અગર હું તને કોઈ વસ્તુ આપું તો કબૂલ કરીશ ?

તરમાહે કહ્યું,

કેમ નહીં ? અગર જીવ પણ આપશો તો એને પણ લઈ લઈશ, માલની તો કોઈ વિસાત જ નથી.

મોઆવિયાએ હુકમ આપ્યો કે તેને દસ હજાર દિરહમ આપવામાં આવે. દસ હજાર દિરહમ આપવામાં આવ્યા. મોઆવિયાએ કહ્યું, જો ઓછા હોય તો વધારે આપી દઉં.

તરમાહે કહ્યું,

વધારો કરવાનો હુકમ આપો. તમે તમારા ખિસ્સામાંથી થોડા આપો છો.

મોઆવિયાએ દસ હજાર દિરહમ વધારે આપવાનો હુકમ કર્યો.

તરમાહે કહ્યું,

દસ હજાર બીજા આપો કે જેથી ત્રીસ હજાર થઈ જાય.

દિરહમ આપવામાં વાર થઈ તો તરમાહે કહ્યું,

શું મારી સાથે મજાક કરી રહ્યા છો ? અથવા તમારી વાતને મહત્ત્વ આપવામાં નથી આવતું ? મોઆવિયાએ જલ્દી લાવવાનો હુકમ કર્યો. દિરહમ તરમાહને સોંપી દેવામાં આવ્યા. અમ્ર આસે કહ્યું, અમીરુલ મોમિનીનની બક્ષિસ તને કેવી લાગી? તરમાહે કહ્યું, આ તો મુસલમાનોનો માલ છે. અલ્લાહના ખજાનામાંથી તેના બંદાને મળી ગયા. મોઆવિયાથી વળી શું મતલબ ? તરમાહની વાતચીતથી મોઆવિયાના નામમાં દમ હતો. તેણે પોતાના કાતિલને બોલાવીને કહ્યું, અલીના પત્રનો જવાબ લખી કાઢો. તરમાહે કહ્યું, અય મોઆવિયા! શું તમે અલી (અ.)ને જંગથી ડરાવો છો ? એ તો એવા છે કે જેમ શેહબાઝને હવાથી અને શેરને જંગલથી ડરાવવામાં આવે.

અલ્લાહની કસમ, અલી (અ.)ની પાસે એક શેહબાઝ એવો છે કે તમારા બધા જ ચોરોને વીણી વીણીને ખાઈ જશે. મોઆવિયાએ કહ્યું, હા, એ માલિકે અશતર છે. તરમાહના જવા પછી મોઆવિયાએ પોતાની પાસે બેઠેલા લોકોને કહ્યું, જો હું તમને કોઈને મારી હુકૂમત અને મિલકતનો દસમો ભાગ પણ આપી દઉં તો પણ તે એટલી ખિદમત નહીં કરી શકે કે જેટલી આ ગામડિયો અલીની ખિદમત કરીને ચાલ્યો ગયો. અમ્ર આસે મોઆવિયાને કહ્યું, અય મોઆવિયા ! અલીને રસૂલ (સ.) સાથે જે સંબંધ છે જો એવો સંબંધ રસૂલલ્લાહ (સ.) સાથે તમારે હોત તો અમે એના કરતાં ય વધારે તમારી ખિદમત કરત. મોઆવિયાએ કહ્યું, અલ્લાહ તમને ગારત કરે, તમારી આ વાત તો મારા માટે આ ગામડિયા કરતાં પણ વધારે ભારે છે.

(મજલા મકતબુસ્સલામી, સાલ ચહારુમ, શુમારા–૨, સફા–૪૯)

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) ફરમાવે છે કે પોતાની જીભને નેકી અને ખૂબીના દાગીનાથી શણગારો જેથી તે હકની ખિદમત કરીને એવી અઝમત પેદા કરી શકે અને મોઆવિયા જેવા દુશ્મનને વિવશ કરી શકે.


**રઝા સ્ટોન**

હુસેની અકીક ,ઝર્દ યાકૂત, શરફુશશમ્સ,હુસૈની ફિરોઝા, શરફી ફિરોઝા, શજરી અકીક, અને આલાદ માટે આયત લખેલ ફિરોઝા પણ મળશે.

યમની એ સુર્ખ અકીક, ડાર્ક અકીક, ચોરસ અકીક , દુર્રે નજફની વિંટી, દુર્રે નજફ લખેલું, હદીદે ચીની, મરજાન, મંગળ, મોતી, પુખરાજ, પન્ના, નિલમ, ટુપાસ, ગૌમીદ, મરીયની નંગ, રાહુ, દાન એ ફરમ, અને મેટલ માં ઈરાનની હુસૈની અકીક અને દુર્રે નજફની તૈયાર વિંટી મળશે.

અકીકના છલ્લા, યાકૂતની વિંટી, હાથની વિંટી, હાથની બ્રેસલેટ, નૌ રતનની વિંટી, દરેક પ્રકારની ઈરાનની તૈયાર વિંટી અને નંગ મળશે. દરેક પ્રકારની ચાંદીની તૈયાર વિંટી મળશે.

**સૈયદ હસનૈન ઝૈદી,** ઈલોલ (તલાવ)


મો. 98798 20844 70965 24919

CREAM CRUST™

PREMIUM ICE CREAM

FLAVOURED WITH EMOTIONS

૨, સંજય એસ્ટેટ, આબાદ એસ્ટેટ પાસે, કાશીરામ ટેક્ષટાઈલ મીલ પાછળ,
કાશીરામ - ઈસનપુર રોડ, નારોલ, અમદાવાદ-૩૮૨૪૦૫.
ફોન : ૦૭૯ - ૨૯૭૦૫૦૩૧/૩૨/૩૩ મોબાઈલ : ૯૯૭૮૪૪૭૭૮૮
ઈમેલ : info@creamcrust.com



**ડીસ્ટ્રીબ્યુટશીપ ઈન્કવાયરી આવકાર્ય**

**પાલનપુર - મહેસાણા - વિસનગર**
**ઉંઝા - પાટણ - રાધનપુર - ડીસા**
**તથા અન્ય મોટી સીટી માટે**

Follow us on :

# નન્હે રોઝેદાર

## હિજરી સન–૧૪૩૭



રાહતફાતેમા રઝાઅલી અસામદી
માતા : તાહેરા (વાઘરોલ)
ઉ.વ. : ૨.૫ રોઝા : ૧




ઈર્શાદએહમદ ફૈઝએહમદ ખરોડીયા
માતા : - (પીંપોદર)
ઉ.વ. : ૩ રોઝા : ૧



મોહંમદહામિદ અકબરઅલી શેખ
માતા : - (પીંપોદર)
ઉ.વ. : ૩ રોઝા : ૧



મોહંમદહસન મોહસિનઅલી કોજર
માતા : મકબૂલફાતેમા (કાકોશી)
ઉ.વ. : ૩.૪ રોઝા : ૧



ફરીદાફાતેમા એહસાનઅલી સુણસરા
માતા : નરજિસબાનુ (બાદરગઢ-અમદા.)
ઉ.વ. : ૪ રોઝા : ૩



નકીહુસૈન અસગરઅલી સુણસરા
માતા : હુસૈનાબેન (સેવાલણી)
ઉ.વ. : ૫.૩ રોઝા : ૧



બાકિરહુસૈન શબ્બીરઅલી ચૌધરી
માતા : - (કાકોશી)
ઉ.વ. : ૫.૬ રોઝા : ૩



ઝરીનાફાતેમા એહસાનઅલી મોમિન
માતા : હુસૈનાબાનુ (વસો)
ઉ.વ. : ૭ રોઝા : ૧



રફીકાફાતેમા મેંહદીઅલી બાલસાણીયા
માતા : - (જાફરીપુરા)
ઉ.વ. : ૭ રોઝા : ૧



નઈમાફાતેમા અસગરઅલી સુણસરા
માતા : હુસૈના (સેવાલણી)
ઉ.વ. : ૭.૪ રોઝા : ૧૮



નાસેરાફાતેમા નજરઅલી સેદાણીયા
માતા : - (કાકોશી)
ઉ.વ. : ૯ રોઝા : ૩૦



શેહરબાનુ મોહંમદઅલી મસી
માતા : નજમા (ઈલોલ ત.)
ઉ.વ. : ૧૦ રોઝા : ૨૯



નાસિરઅલી મેંહદીઅલી બાલસાણીયા
માતા : - (જાફરીપુરા)
ઉ.વ. : ૧૦ રોઝા : ૧


જી.એસ.દેધરોટીયા
(આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ)

નજરમોહંમદ દેધરોટીયા
95372 88121, 94263 57440

યુનિક
બુક સ્ટોર્સ



- બુક
- નોટબુક
- ડ્રોઈંગ પેપર
- કલર
- સ્કૂલ સ્ટેશનરી
- કોમ્પ્યુટર સ્ટેશનરી
- ઓફિસ સ્ટેશનરી
- સ્પોર્ટ્સ સાધનો



હોલસેલર્સ અને રીટેલર્સ

8, A-G, ન્યુ દુર્ગા બજાર, હિંમતનગર, સાબરકાંઠા,

**ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...**

**આપના સાથ અને સહકારથી અમારૂં નવિન સાહસ**

# Honest
# ENTERPRISE

**નામે શો-રૂમ ચાલુ કરેલ છે.**

**દરેક જાતની એલ.ઈ.ડી. લાઈટ, પેનલ લાઈટ, ટોર્ચ, મોબાઈલ એસસરીઝ, રમકડાં, બેલ્ટ, પાકીટ, પરફ્યુમ, ચશ્મા, કીચન, કટલરી-હોજીયરી તેમજ પાન-ગલ્લા, સ્ટોર્સને લગતી દરેક આઈટમ હોલસેલ ભાવથી મળશે.**










**સ્થળ** રોયલ કોમ્પલેક્ષ, હાઈવે રોડ છાપી, પટેલ હોટલની બાજુમાં, નવજીવન ઓટો પાર્ટસની પાછળ, છાપી-૩૮૫૨૧૦ જી.બ.કાં. (ઉ.ગુજરાત)


**અકબરઅલી એન. અઘારીયા મો. ૯૮૯૮૫ ૧૦૫૪૫**



ભટ્ટ કામિયાબહુસૈન
બાકરઅલી
P. R. 98.61
S.S.C.



પટણી સાકેરાબાનુ
મેંહદીહુસૈન (ગણેશપુરા)
P. R. 98.37
S.S.C.




અઘારીયા સીરતફાતેમા
મુસ્તુફાભાઈ
P. R. 98.21
S.S.C.



ડોડીયા શબ્બીરઅલી
ખાદિમહુસૈન (કાટવાડ)
P. R. 97.20
S.S.C.



**થરાદરા હકીમાફાતેમા**
**મોહંમદઅલી (ખડીયાસણા)**
P. R. 95.58
S.S.C.



શેલીયા મકબૂલફાતેમા
મોહંમદઅલી (હૈદરપુરા)
P. R. 92.97
S.S.C.



ફત્તેહ હમીદાબેન
હસનઅલી (પીરોજપુરા)
P. R. 81.50
S.S.C.



અસામદી સાજેદાફાતેમા
શબ્બીરઅલી
77.6%
S.S.C.




મોમિન અસ્મતફાતેમા
મુમતાઝહૈદર
P. R. 60.32
S.S.C.



પટેલ શાકેરાબાનું
હસનઅલી (કિશોરગઢ)
GPA 9.3
S.S.C. (Eng.)




કડીવાલ રહેમતફાતેમા
ઈસ્માઈલભાઈ (સેદ્રાણા)
P. R. 99.47
12 - Science



**આગલોડીયા એહસાનઅલી**
**આબિદઅલી (પીંપોદર-હિંમતનગર)**
P. R.94.40 Gujcet 96/120
12 - Science



મતિયા રાહતફાતમા
શબ્બીરઅલી (ઈલોલ પ.)
P. R. 91.95
12 - Science



બાદરપુરા હસનઅલી
મોહંમદઅલી (હરીપુરા)
P. R. 90.79
12 - Science



**સુણસરા મંજૂરફાતેમા**
મુમતાઝઅલી (દશાવાડા)
P. R. 78.33
12 - Commerce



**ઢુકા શબાના**
**હનીફભાઈ (વાઘરોલ)**
CGPA 6.75
B.Com

# આપણા ઘરની વાતો

**● જેઠીપુરા અને ઇલોલ(તલાવ)ની જુમ્આ મસ્જિદમાં એ'તિકાફ યોજાયો :**

**એ'તિકાફ વિષે ટૂંકી માહિતી**

માણસ શરીર અને રૂહથી મિશ્રિત થયેલો છે, અને આ બન્ને વસ્તુઓ તેના અસલ સ્થાન, હંમેશાં રહેનાર અલ્લાહની તરફ પાછો જાય છે.

અલ્લાહ તઆલાએ શરીર અને રૂહને દુનિયામાં એવાં ભેગાં કર્યા છે કે તે એક વસ્તુ તરીકે ગણાય છે. આ માણસ નફ્સે હૈવાની અને નફ્સે ઈન્સાનીનો સમૂહ છે કે જેથી માણસની નસલની શાશ્વતતાની સાથે સાથે અશ્રફુલ મખ્લૂકાત પણ રહે.

પરંતુ (દરેક નફ્સે મોતનો સ્વાદ ચાખવાનો છે.) મોત પછી શરીરની અસલ (મૂળ) ખાક છે, તે ખાકની તરફ પાછી જતી રહે છે, અને રૂહનું અસલી સ્થાન આલમે મલકૂત છે તે તેની તરફ પરવાઝ કરી જાય છે. એ બાબત તો સ્પષ્ટ છે કે ઈન્સાનનો પાયો અને બુનિયાદ તેની રૂહ છે, અને શરીર માણસના વિકાસ અને ઉન્નતિનું માધ્યમ હોઈ શકે છે એ શરીર કે જે અલ્લાહ તઆલાએ આપેલા કાયદાઓ પર અમલ કરે, અને માણસનો ખાક સાથેનો સંબંધ મરતાં દમ સુધી રહે છે. આ જ કારણે અખ્લાકના આલિમો અઈમ્માએ માઅસૂમીન (અ.)થી રિવાયત કરે છે કે જો માણસને ગુસ્સો આવે અને તે ઊભો હોય તો બેસી જાય, જો બેઠેલો હોય તો સૂઈ જાય તો તેનાથી ગુસ્સો જતો રહે છે, કેમ કે જ્યારે માણસનું શરીર પોતાના મૂળ પ્રાપ્તિસ્થાન સાથે મળી જશે તો સુકૂન મેળવશે. (અખ્લાકે ઈજ્તેમાઈ, સફા-૨૮) એવી જ રીતે જો માણસની રૂહ રવાને આલમ મઅનીની તરફ ધ્યાન આપે તો અન્વારે હક અને હકીકતના દરવાજા તેના માટે ખૂલી જાય છે, નહીંતર શારીરિક દ્રષ્ટિએ ભૌતિકતામાં લોટપોટ થયેલું શરીર તેના માટે જંઝીર બની જાય છે, અને તેને અન્વારે આફાકીથી દૂર રાખવાની કોશિશ કરે છે, આ બાબતમાં રબ્બુલ ઈઝ્ઝતનો ઈર્શાદ છે :

(સૂરા હા-મીમ સજ્દા, આયત-૫૩)

سَنُرِيهِمْ آيَاتِنَا فِي الْآفَاقِ وَفِي أَنْفُسِهِمْ... ﴿٥٣﴾

*(અમે તેમને નજીકમાં જ (જગતની) દિશાઓમાં અને અમારી (કુદરતની) નિશાનીઓ દેખાડીશું.)*

તેથી તો ઈન્સાનમાં એક એવી શક્તિ છે કે જે શરીરને પણ રૂહની માફક અવિનાશી બનાવી શકે છે. હવે માણસે એ જોવાનું છે કે **ભૌતિકતામાં ઘેરાઈને ખાકની તરફ થઈ જાય કે રૂહને તાકાત આપીને શરીરને પણ આલમે અન્વારની સેર કરાવે.** જો માણસ આ શરીરની મુશ્કેલીઓ અને પરેશાનીઓની પરવા કર્યા વગર રૂહને તાકાત આપીને પોતાના માટે આખેરતનો સંગ્રહ કરી શકતો હોય કે જેનું પરિણામ આ છે કે

સદીઓ પસાર થઈ ગયા પછી એ હસ્તીઓનાં કફન પર ખાક પોતાની અસર ખોઈ નાખે છે.

શેખ તૂસીએ કિતાબ "અલ અખ્લાકુલ નાસરિયા"માં ઈબાદતને ત્રણ ભાગમાં વહેંચી દીધી છે.

આ જ ઈબાદત છે કે જે રૂહ, નફસની સફાઈ, નફસની તેહઝીબને શક્તિ આપવાનું કારણ બને છે અને ઈબાદતનો એક રસ્તો એ'તિકાફ છે કે જે આપણા અંબિયા (અ.) અને અઈમ્મા (અ.)ની સુન્નત છે. ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે, રિસાલત મઆબ (સ.)એ હિજરતનાં સાત વર્ષ સુધી રમઝાનુલ મુબારકના પહેલા દસ દિવસોમાં એ'તિકાફ કર્યો, પછી બીજા વર્ષે બીજા દસ દિવસોમાં એ'તિકાફ કર્યો, અને ત્રીજા વર્ષે દસ દિવસમાં એ'તિકાફને મસ્જિદમાં બજાવી લાવ્યા. અને છેલ્લી હયાતી સુધી એવું કરતા રહ્યા. જંગે બદ્ર માહે રમઝાનુલ મુબારકમાં થયો તો આંહઝરત (અ.)એ બીજા વર્ષની કઝા કરતાં બે અશરા (દસ દસ દિવસો)માં સતત એ'તિકાફ કર્યો. (મજ્મઉલ બહરૈન, જિલ્દ-૩, સફા-૯૫)

આમાં એ'તિકાફને હજ સાથે સરખાવવામાં આવેલ છે એટલે કે જેવી રીતે માણસ હજ્જે બૈતુલ્લાહ પછી ગુનાઓથી પાક થઈ જાય છે એવી જ રીતે એ'તિકાફ પછી પણ માણસ ગુનાઓથી પાક થઈ જાય છે.

માહે રમઝાનના આખરી અશરામાં એ'તિકાફમાં બેસવાવાળાઓ તેનાથી પોતાની રૂહને શક્તિ આપી શકે.

એ'તિકાફનો અર્થ થાય છે માણસે પોતાની જાતને એ શરતોની સાથે (કે જે માઅસૂમીન (અ.)થી બયાન થયેલી છે) પાબંદ થવું તે છે. એ'તિકાફ શબ્દનો ડિક્ષનરીમાં અર્થ (ઈબાદત કરવી અથવા મનાઈ કરવી, રોકાવું) લેવામાં આવ્યો છે, અને એ'તિકાફ કરનારાએ સાચી રીતે એ'તિકાફ બજાવી લાવવા માટે એ'તિકાફના મસઅલાઓની જાણકારી મેળવવી જરૂરી છે. અહીં થોડીક વિગતો રજૂ કરેલ છે.

**એ'તિકાફ કરવાનો સમય :** એ'તિકાફ આખા વર્ષમાં જ્યારે પણ ઈચ્છા થાય ત્યારે બજાવી લાવી શકાય છે, પરંતુ એ દિવસો કે જેમાં રોઝા રાખવા જાઈઝ નથી, તે દિવસોમાં એ'તિકાફ કરવો નહીં. (દા.ત., ઈદુલ ફિત્ર, ઈદુલ અઝહા, હૈઝ, નિફાસ, વગેરેના દિવસો)

**એ'તિકાફના પ્રકારો :**

**(૧) એ'તિકાફે વાજિબ :** એ'તિકાફ નઝ્ર, અહદ, કસમ, શરત, અકદ અને ઈજારાથી વાજિબ થઈ જાય છે.

**(૨) એ'તિકાફે મુસ્તહબ :** કેમ કે શરીઅતમાં અસ્લે એ'તિકાફ મુસ્તહબ છે.

**એ'તિકાફની કેફિયત :** એ'તિકાફ બજાવી લાવવાની ત્રણ પરિસ્થિતિઓ છે.

(૧) પોતાના તરફથી (૨) મર્હૂમ તરફથી (૩) જીવતા માણસ તરફથી. પહેલી બે પરિસ્થિતિઓ સાચી છે, પરંતુ ત્રીજી પરિસ્થિતિમાં ઈખ્તેલાફ છે.

**માબાપની અને શોહર, વગેરેની રજા :**

અગર એ'તિકાફ માબાપને દુઃખ પહોંચાડનાર હોય તો માબાપની રજામંદી જરૂરી છે. એવી જ રીતે

જો શોહરનો હક બરબાદ થતો હોય તો પત્ની માટે શોહરની રજામંદી જરૂરી છે. એવી જ રીતે મજૂર માટે માલિકની પરવાનગી જરૂરી છે.

**મસ્જિદમાંથી નીકળવું :**

એ'તિકાફની હાલતમાં જરૂર વગર મસ્જિદમાંથી બહાર નીકળવું જાઈઝ નથી. નીચેની પરિસ્થિતિમાં મસ્જિદમાંથી બહાર નીકળવું જાઈઝ છે :

(૧) ગવાહી આપવા માટે (૨) નમાઝે જુમ્આમાં શરીક થવા (૩) તશીએ જનાઝા માટે (૪) વાજિબ ગુસ્લ માટે (૫) શરઈ અને જાહેરી જરૂરિયાતના કારણે.

જો જરૂર કરતાં વધારે સમય મસ્જિદમાંથી બહાર રહેશે તો એ'તિકાફ બાતિલ થઈ જશે.

**ખુશબૂ લગાવવી :**

ખુશબૂનો લિજ્જત મેળવવા ખાતર ઉપયોગ કરવો જાઈઝ નથી.

**ખરીદવેચાણ :**

એ'તિકાફમાં ખરીદવેચાણ હરામ છે. એ'તિકાફમાં મુબાહ કામ હલાલ છે જેવું કે દરજીકામ, પરંતુ સાવચેતીની રીતે તેને તર્ક કરવામાં આવે. હા, અગર એ'તિકાફ કરનાર મજબૂર થઈ જાય કે પોતાના ખાવાપીવા અથવા ઘરવાળાઓની જિંદગીની જરૂરિયાતો માટે ખરીદવેચાણ કરે, અને વકીલ લેવો પણ શક્ય ન હોય તો જાઈઝ છે.

**ઝઘડો વાદવિવાદ :**

મુકાબલો કરવા આવનાર પર મોટાઈ જાહેર કરવાથી દૂરી રાખવામાં આવે. એવી બાબતો કે જે એહરામ પહેરનાર પર એહરામની પરિસ્થિતિમાં હરામ હોય છે, તેનાથી દૂરી રાખવામાં આવે, પરંતુ શિકાર કરવો, સીવેલાં કપડાં પહેરવાં, બાલ ખેંચવા, આઈનામાં જોવું, વગેરે જાઈઝ છે.

અને એવી વસ્તુઓ કે જેનાથી દિવસે રોઝો બાતિલ થઈ જાય છે, જેમ કે ખાવુપીવું, વગેરે

**મસઅલો :** એ'તિકાફ દરમિયાન કોઈની વ્યક્તિગત જિંદગીની સમસ્યાઓમાં વાતચીત કરવાથી પરહેઝ કરવામાં આવે.

**મસઅલો :** એ'તિકાફને હરામ કરનારી બાબતોને બજાવી લાવવાથી એ'તિકાફ બાતિલ થઈ જાય છે.

**મસઅલો :** મજકૂર હરામ બાબતોને ભૂલથી બજાવી લાવવાથી તો એ'તિકાફ બાતિલ થતો નથી, પરંતુ એ કે હમબિસ્તરી કરે તો એ'તિકાફ બાતિલ થઈ જાય છે.

**એ'તિકાફનો કફ્ફારો :** એ'તિકાફનો કફ્ફારો રોઝાના કફ્ફારા જેવો જ છે.

આપને વધુ માહિતી જોઈતી હોય તો જાફરઅલી ભટ્ટ (જેઠીપુરા)નો સંપર્ક કરવો. (વ્હોટ્અપ/મો. ૯૯૯૮૮૯૭૭૨૦)

**એ'તિકાફમાં જોડાનાર મોમિન ભાઈઓ ગામ પ્રમાણે**

| ઈલોલ (તલાવ) જુમ્આ મસ્જિદ | | | | |
|---|---|---|---|---|
| **ગામનું નામ** | **૩ દિવસ** | **૬ દિવસ** | **૯ દિવસ** | **કુલ** |
| ઈલોલ (તલાવ) | ૪૩ | – | ૧ | ૪૪ |
| ઈલોલ (પહાડીયા) | ૦૫ | – | – | ૦૫ |
| **કુલ** | **૪૮** | **–** | **૧** | **૪૯** |

| જેઠીપુરા જુમ્આ મસ્જિદ | | | | |
|---|---|---|---|---|
| **ગામનું નામ** | **૩ દિવસ** | **૬ દિવસ** | **૯ દિવસ** | **કુલ** |
| જેઠીપુરા | ૩૫ | ૮ | ૭ | ૫૦ |
| કેશરપુરા | ૨૨ | – | – | ૨૨ |
| કિશોરગઢ | ૧૨ | ૩ | ૧ | ૧૬ |
| હરીપુરા | ૬ | – | – | ૬ |
| પીંપોદર | ૧૪ | ૧ | ૧ | ૧૬ |
| સુરપુર | ૯ | ૨ | – | ૧૧ |
| **કુલ** | **૯૮** | **૧૪** | **૯** | **૧૨૧** |


● **કિશોરગઢ મુકામે ડિવાઇન ગ્રેસ ફાર્મિંગ એન્ડ માર્કેટીંગનો ઇફ્તેતાહિયા પ્રોગ્રામ :**

અલ્લાહના ફઝ્લો કરમથી અને મોહંમદ વ આલે મોહંમદ વસીલાથી અને હાજરપીરની દુઆથી તા.૧૫/૦૭/૨૦૧૬ને શુક્રવારના રોજ નમાઝે જુમ્આ બાદ કિશોરગઢ મુકામે મલ્ટી સ્ટેટ કો.ઓ.સો.લિ. સિધ્ધપુરની નવીન શાખા સાબરકાંઠાના મોમિનોની સરળતા માટે કાર્યરત કરવામાં આવી છે, તો સમગ્ર સાબરકાંઠાના મોમિનોને આ બાબતની જાણ કરવામાં આવે છે. સંપર્ક નં. ૯૪૦૮૨૯૨૪૨૯

● **ગુલામહુસૈન એસ. કડીવાલા (વાઘરોલ-અમદાવાદ) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ટહુકો:**


જાફરી આવાઝ જુલાઈ ૨૦૧૬ના અંકમાં **'આપણા ઘરની વાતો'** વિભાગમાં **'કોમના એક સાચા ખિદમતગુઝારની ચિરવિદાય'** આ મથાળા હેઠળ મર્હૂમ ઈબ્રાહીમભાઈ વાઘના જીવન ઝરમરની ઝાંખી વાંચતાં વાંચતાં મારી આંખો ભીની થઈ આવી. 'જાફરી આવાઝ'ની સ્થાપના (શરૂઆત) થઈ તે પહેલાંના વર્ષોથી હું અંગત રીતે મર્હૂમના સંપર્કમાં આવ્યો હતો. એમના જીવનકાળ દરમિયાન ખૂબ જ નજીકથી મર્હૂમને અનુભવ્યા છે. એ પછી જાફરી આવાઝની રચના થઈ ત્યારથી મને માનદ પ્રતિનિધિની સેવા આપવાનો મોકો નસીબ થયો, ત્યાર પછી તો જાફરી આવાઝના ઘણા બધા કામો માટે મર્હૂમ સાથે મળવાનું વધતું ગયું. ખૂબ જ નજીકથી ફેમીલી સંબંધો વધતા ગયા, અને મારા એક સારા મિત્ર અને હિતેચ્છુ બની ગયા. એમના ખૂબ જ પ્રેમાળ સ્વભાવે મને આજ સુધી તેમના તરફ ખેંચી રાખ્યો, ગમે તેવી અઘરી બાબત હોય પણ ખૂબ જ હળવાશ લઈને સમાજને જે સેવાઓ આપી છે એ તો કોઈ વીરલો જ આપી શકે. એમના જીવનથી મને પણ પ્રેરણા મળી છે તે ભૂલી શકાય તેમ નથી. આવા મારા હિતેચ્છુ, પરગજુ અને પ્રેમાળ મિત્ર મર્હૂમ ઈબ્રાહીમભાઈ વાઘને મારા કોટિ કોટિ સલામ.

અલ્લાહ (સુ.વ.ત.) મર્હૂમની સેવાઓને સમાજ માટે આગળ ધપાવી રાખે અને એમના કાર્યનો બદલો આખેરતમાં અતા કરે તથા એમના બાળકોને એમની ગેરહાજરીમાં દીન તથા દુનિયાની ખુશીઓ અતા કરે, આમીન.



**● ઇન્નાલિલ્લાહે..:**

ઈલોલ (પહાડીયા) નિવાસી **મર્હૂમ મો.હસનભાઈ દાવૂદભાઈ મસુ** મુ.તા.૨૫, રજબ-૧૪૩૭ તા.૩-૫-૨૦૧૬ને મંગળવારના રોજ ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ખાટાઆંબા નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ સુલેમાનભાઈ સુથાર** મુ.તા.૨૨, શાબાન-૧૪૩૭ તા.૩૦-૫-૨૦૧૬ને સોમવારના રોજ ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.




વેળાવાપુરા નિવાસી **મર્હૂમા મો.મકસૂદાબેન મોહંમદભાઈ ખોરજીયા** મુ.તા.૫, રમઝાન-૧૪૩૭ તા.૧૧-૬-૨૦૧૬ને શનિવારના રોજ ૪૨ વર્ષની વયે કેન્સરની બીમારીના કારણે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, હસમુખાં અને સહનશીલ હતાં. ⟶



⟵કાકોશી નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ વલીભાઈ ભાગળીયા મુ.તા.૨૮, શાબાન-૧૪૩૭** તા.૫-૬-૨૦૧૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ અને નિખાલસ હતા. તેઓ ઉમરા ઝિયારતથી મુશર્રફ થયેલા હતા.



રસૂલપુર (મેત્રાણા) નિવાસી **મર્હૂમા મો.જીવીબેન શરીફભાઈ પલસાણીયા મુ.તા. ૯, શાબાન-૧૪૩૭** તા.૧૭-૫-૨૦૧૬ને મંગળવારના રોજ ૧૦૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, માયાળુ, મિલનસાર અને નિખાલસ હતા. તેઓ ઉમરા ઝિયારતથી મુશર્રફ થયેલાં હતાં. ⟶




⟵રસૂલપુર (ખે.) નિવાસી **મર્હૂમ મો.હાશિમભાઈ સુલેમાનભાઈ આગલોડીયા (ફૌજી)** મુ.તા.૨૧, રમઝાન-૧૪૩૭ તા.૨૭-૬-૨૦૧૬ને સોમવારના રોજ ૬૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, નેક, ઈમાનદાર, અને સખાવતી હતા. તેઓ ઉમરા ઝિયારતથી મુશર્રફ થયેલા હતા.



નડિયાદ નિવાસી **મર્હૂમ મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ (S.T.)** મુ.તા.૯, રમઝાન-૧૪૩૭ તા.૧૫-૬-૨૦૧૬ને બુધવારના રોજ ૩૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶




←**મેતા નિવાસી મર્હૂમા મો.હુરીબેન નૂરમોહંમદ અસામદી (બંકા)** મુ.તા. ૨૩, માહે રમઝાન-૧૪૩૭, તા.૨૯-૬-૨૦૧૬ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.




બાદરપુર નિવાસી **મર્હૂમા મો.સુગરાબેન ઈસ્માઈલભાઈ સૂરતી** મુ.તા.૨, શાબાન-૧૪૩૭ તા.૧૦-૫-૨૦૧૬ને મંગળવારના રોજ ૫૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર, માયાળુ, ઈબાદતગુઝાર અને સહનશીલ હતા. →

હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.મિકદાદઅલી રહીમભાઈ સિધ્ધપુરા** મુ.તા.૨૬, જમા.આખર-૧૪૩૭ તા.૬-૩-૨૦૧૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે દયાળું અને હસમુખા હતા. તેઓ ઉમરા ઝિયારત કરવા ગયેલા હતા ત્યાં જ તેમનો ઈન્તેકાલ થયો હતો. તેમની દફનવિધિ ઈરાનમાં આવેલા મશહદથી ૧૮ કિ.મી. દૂર આવેલ 'બેહિસ્તે રઝા' નામના કબ્રસ્તાનમાં કરવામાં આવી હતી.→





←**કાકોશી નિવાસી મર્હૂમ મો. હાજી ફતેહઅલી રહીમભાઈ કરડીયા** મુ.તા. ૨૫, માહે રમઝાન-૧૪૩૭, તા.૧-૭-૨૦૧૬ને શુક્રવારના રોજ ૩૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, મિલનસાર, રમૂજી તથા મહેમાનનવાઝ હતા. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને આશિકે હુસૈન (અ.) તથા પીરો મુરશિદના ચાહક હતા.



←**કાકોશી નિવાસી મર્હૂમ મો. હાજી ગુલામઅલી જમાલભાઈ શેરસીયા** મુ.તા. ૩૦, માહે રમઝાન-૧૪૩૭, તા.૬-૭-૨૦૧૬ને બુધવારના રોજ આશરે ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ હજ અને ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


# આશિકાને હક ટૂર

**મક્કા, મદીના, ઈરાક, ઈરાન**

હજ મોહર્રમ ૨૦૧૬

હજ અને આશુરા (કરબલામાં) જવા ઈચ્છનાર મોમિન ભાઈબહેનો માટે બુકીંગ ચાલું છે તો નીચેના નંબર્સ પર સંપર્ક કરવો.

શેરઅલીભાઈ મુખી (રસુલપુર)
09825732287
હાજી કાસમભાઈ (રસુલપુર)
09925282228

باغِ مجتبیٰ

# બાગે મુજતબા



એન. એ. ✓

ટાઇટલ ક્લીયર ✓

પર્યાવરણ મંજુરી ✓

પ્લાન પાસ ✓

રજા ચિઠ્ઠી ✓

Bagh - e - Mujtaba

## કામ શરૂ થઇ ગયુ છે.

QUALITY ASSURANCE

| | | |
|---|---|---|
| ૧૧૬ ચોરસ વાર<br>2 BHK | ૧૩૭ ચોરસ વાર<br>2 BHK | ૧૭૧ ચોરસ વાર<br>3 BHK |

14 Floors | ઈમામ વાડાનુ આયોજન | બોસ્તાને તિફલાન | મેડીક્લ કન્સલ્ટીન્ગ રૂમ

| | | |
|---|---|---|
| આબિદહુસૈન પટેલ<br>૯૮૨૫૧૪૮૨૦૩ | મોહંમદઅલી લોઢા<br>૯૮૨૪૪૬૫૩૬૧ | વજીરઅલી પટેલ<br>૯૪૨૮૭૫૫૨૩૪ |
| સુલેમાનભાઈ ચોધરી<br>૭૩૮૩૬૭૪૧૪૩ | શબ્બીરભાઈ ભટ્ટા<br>૯૮૯૮૫૨૭૮૨૪ | સલમાનભાઈ વાઘ<br>૯૮૨૪૬૨૮૨૮૧ |

સરનામુ : ફાઇનલ પ્લોટ નં.૪૮/૧, અલ બુર્ઝની બાજુમાં, હૈદરીબાગની પાસે
૧૩૨ ફુટ મકરબા રોડ, મકરબા, અમદાવાદ – ૩૮૦ ૦૫૫

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમ મો.હસનભાઈ દાવૂદભાઈ મસુ (ઈલોલ પહાડીયા) ની રૂહના અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.ઉરીબેન હસનભાઈ મસુ
રૂા.૨૦૦/- મો.શબ્બીરઅલી હસનભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.ઝહરા શબ્બીરઅલી મસુ
રૂા.૫૦/- મો.મંજૂરહુસૈન શબ્બીરઅલી મસુ
રૂા.૫૦/- મો.મન્સૂરા મંજૂરહુસૈન મસુ
રૂા.૨૦૦/- મો.ગુલામહુસૈન હસનભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.સલમા ગુલામહુસૈન મસુ
રૂા.૫૦/- મો.અઝમતફાતમા ગુલામહુસૈન મસુ
રૂા.૫૦/- મો.મોહંમદહુસૈન ગુલામહુસૈન મસુ
રૂા.૧૫૦/- મો.તાલિબઅલી ઈસ્માઈલભાઈ ભોવણીયા
રૂા.૧૫૦/- મો.ઝહરા તાલિબઅલી ભોવણીયા
રૂા.૧૦૦/- મો.હાશિમભાઈ વલીભાઈ ખુજા
રૂા.૧૦૦/- મો.રસૂલબેન હાસમભાઈ ખુજા
રૂા.૧૦૦/- મો.આસિયા અલીભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ અલીભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.શરીફભાઈ દાવૂદભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.હલીમા શરીફભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.ઝૈનબ અશરફભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.બાકરઅલી અશરફભાઈ મસુ
રૂા.૧૫૦/- મો.મન્સૂરા અબ્બાસઅલી હોલ્ડા
રૂા.૧૫૦/- મો.રહેમતફાતમા મેંહદીઅલી ડોડીયા
રૂા.૧૫૦/- મો.કનીઝફાતમા શબ્બીરહસન બલોસપુરા
રૂા.૧૦૦/- મો.સલમા યૂનુસભાઈ મસી
રૂા.૧૦૦/- મો.સુગરા હૈદરઅલી ખાણસીયા
રૂા.૧૦૦/- મો.હબીબા મિકદાદઅલી ભૂરા
રૂા.૧૦૦/- મો.રાબિયા ઈનાયતહુસૈન બલોસપુરા
રૂા.૧૦૦/- મો.શહરબાનુ ખાદિમહુસૈન ગોદડ
રૂા.૧૦૦/- મો.નજમા સિરાજહુસૈન મસી
રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતમા સિરાજઅહેમદ ભોવણીયા
રૂા.૫૦/- મો.ગુલામમોહંમદ શરીફભાઈ બલોસપુરા

રૂા.૪૦૦/- મો.નૂરભાઈ શરીફભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબની રૂહના નજરાણા તરીકે.

રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી ઈસ્માઈલભાઈ ખોરજીયા તરફથી મર્હૂમા મો.મકસૂદા મોહંમદભાઈ ખોરજીયા(વેળાવાપુરા)ની રૂહના અર્થે.

રૂા.૧૦૦/- મો.કુલસૂમ યાકૂબભાઈ મસી (ઈલોલ ત.) તરફથી તેમની પૌત્રી શહરબાનુએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- નાસિરઅબ્બાસ જાફરી (અમદાવાદ) તરફથી તેમના દીકરા મોહંમદશબીહઅબ્બાસની જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.એહસાનઅલી આબિદઅલી આગલોડીયા (પીંપોદર-હિંમતનગર) તરફથી ધો.૧૨ સાયન્સમાં ૯૪.૪૦ P.Rank મેળવી પાસ થયા છે તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.દાવૂદભાઈ કરીમદ ચીડીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મર્હૂમ મો.રહીમભાઈ સુલેમાનભાઈ સુથાર (ખાટાઆંબા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૩૦૦/- મર્હૂમ મો.રહીમભાઈ વલ્લીભાઈ ભાગળીયા(કાકોશી)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.હકીમાફાતમા મોહંમદઅલી થરાદરા (ખડીયાસણા) તરફથી ધો.૧૦ માં ૯૫.૫૮ P.Rank મેળવી પાસ થયા છે તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મર્હૂમ મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ (S.T) (નડિયાદ)ની રૂહના સવાબ

અર્થે.

**મર્હૂમા મો.જીવીબેન શરીફભાઈ પલસાણીયા (રસૂલપુર (મેત્રાણા))ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૩૦/- હાજી હસનઅલી શરીફભાઈ પલસાણીયા તથા તેમના પરિવારજનો તરફથી
રૂા.૫૦૦/- મો.નફીસા હસનઅલી પલસાણીયા
રૂા.૩૦૦/- મો.ઝૈનબ રહીમભાઈ સુણસરા

**મર્હૂમા મો.રઝામોહંમદ હસનઅલી પલસાણીયા (રસૂલપુર (મેત્રાણા))ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૩૦/- હાજી હસનઅલી શરીફભાઈ પલસાણીયા તથા તેમના પરિવારજનો તરફથી
રૂા.૫૦૦/- મો.નફીસા હસનઅલી પલસાણીયા
રૂા.૧૦૦/- મો.આબેદા હસનઅલી પલસાણીયા
રૂા.૨૦૦/- મો.ઝૈનબ રહીમભાઈ સુણસરા

**મર્હૂમ મો.હાસમભાઈ સુલેમાનભાઈ આગલોડીયા (ફૌજી) (રસૂલપુર (ખે.))ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૨૫૦/- મો.સકીના હાસમભાઈ આગલોડીયા
રૂા.૨૫૦/- મો.આબિદઅલી હાસમભાઈ આગલોડીયા
રૂા.૨૫૦/- મો.બાકિરઅલી હાસમભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.ફાતેમા આબિદઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.શાકેરા બાકિરઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.કામિયાબઅલી આબિદઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.મહેરબાનઅલી આબિદઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.અત્હરઅલી બાકિરઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.તાહેરાફાતેમા બાકિરઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.માસૂમઅલી નૂરમોહંમદ નાગલપરા
રૂા.૧૦૦/- મો.ઝૈનબ મા'સૂમભાઈ નાગલપરા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી મા'સૂમભાઈ નાગલપરા
રૂા.૧૦૦/- મો.કુબરાફાતેમા મા'સૂમભાઈ નાગલપરા
રૂા.૧૦૦/- મો.તૈયબાફાતેમા આબિદઅલી નાગલપરા
રૂા.૧૦૦/- મો.મહેમૂદાબાનું મા'સૂમઅલી નાગલપરા
રૂા.૧૦૦/- મો.કનીઝફાતેમા મા'સૂમઅલી નાગલપરા
રૂા.૧૦૦/- મો.ઈમ્દાદઅલી સાવદીભાઈ નટીયા
રૂા.૧૦૦/- મો.ખૈરૂન્નિસાબાનું ઈમ્દાદઅલી નટીયા
રૂા.૧૦૦/- મો.બશારતફાતેમા ઈમ્દાદઅલી નટીયા
રૂા.૧૦૦/- મો.ઈકરામઅલી ઈમદાદઅલી નટીયા

**મર્હૂમ મો.મિકદાદઅલી રહીમભાઈ સિધ્ધપુરા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો. ઝહરા મિકદાદઅલી સિધ્ધપુરા
રૂા.૧૦૦/- મો.સાજેદા અબ્બાસઅલી વાધણીયા
રૂા.૧૦૦/- મો.આબેદા મંજૂરઅલી મુશે
રૂા.૧૦૦/- મો.શાકેરા મોહસિનઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.રહમતફાતેમા મિકદાદઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો. મંજૂરફાતેમા મિકદાદઅલી સિધ્ધપુરા

**ઈરાક અને ઈરાનની ઝિયારતથી મુશર્રફ થયા તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૧૦૦/- મો.મૈસમતમ્માર શરીફભાઈ ચીડી (કાકોશી-અમદાવાદ)
રૂા.૧૦૦/- મો.ઝહરા મૈસમતમ્માર ચીડી (કાકોશી-અમદાવાદ)
રૂા.૧૦૦/- મો.કમ્બરઅલી મૈસમતમ્માર ચીડી (કાકોશી-અમદાવાદ)
રૂા.૧૦૦/- મો.સાજેદાબાનું મંજૂરહુસૈન પટાવટ (કાકોશી)
રૂા.૧૦૦/- મો.રશીદાફાતેમા મંજૂરહુસૈન પટાવટ (કાકોશી)

**મર્હૂમા મો.સુગરાબેન ઈસ્માઈલભાઈ સૂરતી (બાદરપુર)ના રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૦૧/- ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ સૂરતી
રૂા.૧૦૧/- ફતેહઅલી ઈસ્માઈલભાઈ સૂરતી
રૂા.૧૦૧/- સકીના ઈસ્માઈલભાઈ સૂરતી
રૂા.૧૦૧/- ઈમ્દાદહુસૈન ઈસ્માઈલભાઈ સૂરતી
રૂા.૧૦૧/- રહેમતફાતેમા ફતેહઅલી સૂરતી
રૂા.૧૦૧/- કૌસરફાતેમા ફતેહઅલી સૂરતી

રૂા.૫૦૧/- હાજી સુલેમાનભાઈ દાવૂદભાઈ બટ્ટીના કુટુંબીજનો તરફથી
રૂા.૫૦૧/- હાજી યૂસુફભાઈ દાવૂદભાઈ બટ્ટીના કુટુંબીજનો તરફથી
રૂા.૧૦૧/- નજમા નજરઅલી નાથામેઢા
રૂા.૧૦૧/- જમીલા નજરઅલી નાથામેઢા
રૂા.૧૦૧/- ઝહરા અબ્બાસઅલી ધરખડ
રૂા.૧૦૧/- ફાતમા હસનઅલી ધરખડ
રૂા.૧૦૧/- ઝૈનબ મિકદાદભાઈ બટ્ટી
રૂા.૧૦૧/- શાકેરા મોહંમદઅલી ખાણુસિયા

રૂા.૧૦૦૦/- મો.ગુલામહૈદર મોહંમદહુસૈન (MP) (વસો) તરફથી મર્હૂમ મો.મોહંમદહુસૈન પીરભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.અલ્લારખીબેન અલીહસન (ચોતરાવાળા) (વસો) તરફથી મર્હૂમ અલીહુસૈન ફતેહભાઈ (ચોતરાવાળા)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.હુરીબેન નૂરમોહંમદ અસામદી (બંકા) (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.અલીમોહંમદ નૂરમોહંમદ અસામદી (બંકા)
રૂા.૨૦૦/- મો.હસનઅલી નૂરમોહંમદ અસામદી (બંકા)
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન અલીમોહંમદ અસામદી (બંકા)
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન હસનઅલી અસામદી (બંકા)
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન અન્વરઅલી પલસાણીયા
રૂા.૧૦૦/- મો.હબીબાબેન આબિદઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.નજમાબેન હૈદરઅલી બાળવા
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન ઈબ્રાહીમ શેલીયા
રૂા.૧૦૦/- મો.હાજિરાબેન કમ્બરઅલી ચૌધરી
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન મુસ્તાકઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.અહમદઅબ્બાસ અલીમોહંમદ અસામદી
રૂા.૫૦/- મો.કનીઝઝેહરા અલીમોહંમદ અસામદી
રૂા.૫૦/- મો.અકબરહુસૈન અલીમોહંમદ અસામદી
રૂા.૫૦/- મો.તાહેરાફાતેમા હસનઅલી અસામદી
રૂા.૫૦/- મો.મન્સૂરઅલી હસનઅલી અસામદી
રૂા.૫૦/- મો.હૈદરઅબ્બાસ હસનઅલી અસામદી
રૂા.૫૦/- મો.અકબરઅલી અન્વરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા અકબરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.રહેમતફાતેમા મંજૂરએહમદ સુણસરા
રૂા.૫૦/- મો.અઝમતફાતેમા અન્વરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.હલીમાફાતેમા આબિદઅલી સુણસરા
રૂા.૫૦/- મો.અકીલાફાતેમા આબિદઅલી સુણસરા
રૂા.૫૦/- મો.ફરીદાફાતેમા હૈદરઅલી બાળવા

રૂા.૨૦૦/- મો.મર્હૂમ ફતેહઅલી રહીમભાઈ કરડીયા (કાકોશી)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦૦/- મો.મર્હૂમ હાજી ગુલામઅલી જમાલભાઈ શેરસીયા (કાકોશી)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૫૦/- મો.બાકિરહુસૈન શબ્બીરઅલી ચૌધરી (કાકોશી) તરફથી માહે રમઝાનુલ મુબારકના ત્રણ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.નાસેરાફાતેમા નજરઅલી સેદાણીયા (કાકોશી) તરફથી માહે રમઝાનુલ મુબારકના ૩૦ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.મોહંમદહસન મોહસિનઅલી કોજર (કાકોશી) તરફથી માહે રમઝાનુલ મુબારકનો રોઝા રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.મોહંમદભાઈ જીવાભાઈ બાલસાણીયા (જાફરીપુરા)ના તરફથી તેમના પૌત્ર નાસિરઅલી અને પૌત્રી રફીકાફાતેમાએ માહે રમઝાનુલ મુબારકના આઠ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મુમ્તાઝહૈદર ઈસ્માઈલભાઈ મોમિન (કઠોર) તરફથી તેમની દીકરી અસ્મતફાતેમા એસ.એસ.સી.માં ૬૦.૩૨% મેળવી પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૩૦/- મો.શબ્બીરઅલી શરીફભાઈ ભટ્ટા (જુહાપુરા-ઈલોલ ત.) તરફથી તેમના દીકરા સિરાજઅહમદ C.A.ની પરીક્ષામાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

ASHISH
Bakery

SATISFACTION BEYOND EXPECTATION

# આશિષ બેકરી

રહેમુવાલા વે બ્રીજની પાસે, સીનીયર કોમ્પલેક્ષની સામે, દાણીલીમડા રોડ, અમદાવાદ.
ફોન નં : મો.: 8460066440, 9427838102

બ્રાન્ચ : દુકાન નં-૩,એહસાન પાર્ક,ગાંધી હોલની સામે,જુહાપુરા-સરખેજ મેઈન રોડ,અમદાવાદ.
મો.: 9428833429, 9925342429

- પફ
- બર્ગર
- કુકીઝ
- કેક
- ટોસ્ટ
- ખારી
- ક્રીમરોલ
- બ્રેડ
- બન
- પાવ
- નાન
- પીઝા રોટી

**અમારી નવીનતમ અને મોનોપોલી સ્પેશ્યાલીટી**
**◆ પીચ બટર, ડ્રાય કેક, કુકીઝ ◆**

**મોહર્રમના ન્યાઝના ઓર્ડર લેવામાં આવશે.**

**ડિસ્ટ્રીબ્યુટરની નિમણુક કરવાની છે.**

**નોધ : વધુ માહિતી માટે ઉપરના નંબરો પર સંપર્ક કરવો.**

**દરેક પ્રસંગના ઓર્ડર ઉપર પૂરતુ ધ્યાન આપવામાં આવશે.**